
ગુજરાતનું વિશ્વાનિય દૈનિક
# પાક્કો ગુજરાત
RNI NO. : GUJGUJ/2016/67425

04 MAY, 2026 MONDAY

પેજ 2

ઈનકમટેક્સમાં તસ્કરોનો તરખાટ, દંપતી નીચે ટીવી જોતું રહ્યું અને મકાનના ઉપરના માળે લાખોની ચોરી

પેજ 3

SG હાઈવે પર બ્રિજના કામ માટે મૂકેલું બેરિકેડ પડતા રિક્ષા પલટી ગઈ

પેજ 7

કુખ્યાત લાલુ સિંધી ગેંગ સામે ગુજસીટોકનો ગુનો દાખલ

પેજ 5

જેતપુરમાં એસટી બસમાં યુવતીની છેડતી કરનાર રોમિયોનું સરઘસ કઢાયું

I Pakkogujarat/ I VOL : 12 I Issue : 49 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

## અમેરિકાને ચેતવણી આપતા કહ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટને અમેરિકી સેનાનું કબ્રસ્તાન બનાવી દેવામાં આવશે

# હોર્મુઝને અમેરિકી સેનાનું કબ્રસ્તાન બનાવી દઈશું: ઈરાન

## અમેરિકી જહાજોના પણ એવા જ હાલ થશે જે તેના F-15 ફાઈટર જેટના થયા હતા

ઈરાનના વરિષ્ઠ અધિકારી મોહસિન રઝાઈએ અમેરિકાને ચેતવણી આપતા કહ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટને અમેરિકી સેનાનું કબ્રસ્તાન બનાવી દેવામાં આવશે. મોહસિન રઝાઈ અગાઉ ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) માં કમાન્ડર રહી ચૂક્યા છે. તેમણે અમેરિકી સેનાને સમુદ્રી લૂંટારા (પાઈરેટ) ગણાવતા કહ્યું કે અમેરિકા વિશ્વનો એકમાત્ર એવો પાઈરેટ છે જેની પાસે એરક્રાફ્ટ કેરિયર્સ છે. રઝાઈએ ગયા મહિને ઈસ્ફહાનમાં એક અમેરિકી F-15E વિમાન તોડી પાડવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જે રીતે તે વિમાનનો કાટમાળ પડ્યો હતો, તેવો જ અંજામ અમેરિકી જહાજો અને સૈનિકોનો પણ થઈ શકે છે. બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો ઈરાન કોઈ ભૂલ કરશે તો તેના પર ફરીથી હુમલા થઈ શકે છે. તેમણે કહ્યું કે અમેરિકા અત્યારે મજબૂત સ્થિતિમાં છે, જ્યારે તેહરાન દબાણમાં છે અને સમજૂતી કરવા માંગે છે.



આ સિવાય, ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને જણાવ્યું કે પાકિસ્તાનની મધ્યસ્થી દ્વારા ઈરાન તરફથી 14-પોઈન્ટનો પ્રસ્તાવ મળ્યો છે, જેના વિગતવાર ડ્રાફ્ટની રાહ જોવાઈ રહી છે. અમે આ નવા પ્રસ્તાવની સમીક્ષા પણ કરી રહ્યા છીએ. ઈરાને 3 એપ્રિલે ઈસ્ફહાન પ્રાંતમાં અમેરિકાનું F-15E ફાઈટર જેટ તોડી પાડ્યું હતું, જેની તસવીર 5 એપ્રિલે જાહેર કરવામાં આવી હતી. ઈરાનના 14-પોઈન્ટના પ્રસ્તાવમાં અનેક મુદ્દાઓ સામેલ ઈરાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ 14-પોઈન્ટનો પ્રસ્તાવ અમેરિકાના 9-પોઈન્ટ પ્લાનના જવાબમાં મોકલવામાં આવ્યો છે. તેમાં 30 દિવસની અંદર તમામ મુદ્દાઓના સમાધાન, ભવિષ્યમાં હુમલાઓ સામે ગેરંટી, ક્ષેત્રમાંથી અમેરિકી સૈનિકોની વાપસી, ફ્રીઝ કરાયેલી ઈરાની સંપત્તિઓને મુક્ત કરવા, પ્રતિબંધો હટાવવા અને યુદ્ધના વળતરની માગ સામેલ છે.

આ ઉપરાંત, પ્રસ્તાવમાં હોર્મુઝ સ્ટ્રેટને લઈને નવી પદ્ધતિ બનાવવાની, અમેરિકી નૌકાદળની નાકાબંધી સમાપ્ત કરવાની અને પ્રાદેશિક સંઘર્ષોનો અંત લાવવાની વાત પણ કહેવામાં આવી છે. રિપોર્ટ્સ અનુસાર, કરાર પછી પરમાણુ કાર્યક્રમ પર અલગથી વાતચીતનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ 25 એપ્રિલે પાકિસ્તાન પ્રવાસ દરમિયાન વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે મુલાકાત કરી. પાકિસ્તાનની મધ્યસ્થીમાં ઈરાને 14-મુદ્દાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ 25 એપ્રિલે પાકિસ્તાન પ્રવાસ દરમિયાન વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે મુલાકાત કરી. પાકિસ્તાનની મધ્યસ્થીમાં ઈરાને 14-મુદ્દાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

ફરી યુદ્ધનો ખતરો- ઈરાનના અધિકારી મોહમ્મદ જાફર અસદીએ ચેતવણી આપી હતી કે અમેરિકા સાથે ફરીથી યુદ્ધ થઈ શકે છે, ઈરાની સેના આ માટે તૈયાર છે. 48 જહાજોએ રસ્તો બદલ્યો- અમેરિકાએ દાવો કર્યો હતો કે છેલ્લા 20 દિવસમાં 48 જહાજોએ તેના દબાણ હેઠળ ઈરાનના બંદરોથી હટીને બીજી દિશામાં પોતાનો રસ્તો બદલ્યો છે.

હોર્મુઝ ખોલવાનો પ્રસ્તાવ- ઈરાનના એક વરિષ્ઠ અધિકારીએ પુષ્ટિ કરી છે કે તેમના નવા પ્રસ્તાવમાં પહેલા હોર્મુઝ ખોલવા અને અમેરિકી નાકાબંધી સમાપ્ત કરવાની વાત છે, જ્યારે પરમાણુ મુદ્દે વાતચીત પછીથી કરવામાં આવશે.

16 અમેરિકી ઠેકાણાં ડેમેજ- CNNના એક તપાસ રિપોર્ટ અનુસાર, યુદ્ધ દરમિયાન ઈરાને મિડલ ઈસ્ટના 8 દેશોમાં 16 અમેરિકી ઠેકાણાંને નુકસાન પહોંચાડ્યું છે. આમાંથી ઘણા ઉપયોગ કરવા લાયક રહ્યા નથી. ક્યુબા પર કબજો- ટ્રમ્પે શુક્રવારે કહ્યું કે અમેરિકા તરત જ ક્યુબા પર કબજો કરી શકે છે. જો આવું કંઈ થાય છે, તો તે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ પછી થઈ શકે છે. ટેન્કરટ્રેકર્સના જણાવ્યા અનુસાર, એપ્રિલ 2026 માં કુવૈતે કાચા તેલની નિકાસ કરી નથી. 1991ના અખાતી યુદ્ધ પછી પહેલીવાર આવું બન્યું છે. કુવૈત ઓઈલનું ઉત્પાદન તો કરી રહ્યું છે, પરંતુ ક્રૂડ ઓઈલ દેશની બહાર મોકલવામાં આવ્યું નથી. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના નવા પ્રસ્તાવને સ્પષ્ટપણે ફગાવી દીધો છે. તેમણે ઈઝરાયલી મીડિયા 'કાન ન્યૂઝ' સાથે વાત કરતા કહ્યું કે, 'મેં તેને સંપૂર્ણ રીતે જોયો છે, પરંતુ તે સ્વીકાર્ય નથી.' નેતન્યાહુના કેસ મુદ્દે ટ્રમ્પે મીડિયાને કહ્યું કે- 'તમારા રાષ્ટ્રપતિને કહો કે તેઓ બીબી (નેતન્યાહુ) ને માફ કરી દે. તેઓ યુદ્ધના સમયના વડાપ્રધાન છે. અત્યારે ઈઝરાયલને એવા વડાપ્રધાનની જરૂર છે.

# ભારતીય યાત્રીઓ લિપુલેખથી માનસરોવર ન જાય : નેપાળ

## આ અમારો વિસ્તાર; ભારતના આ ભાગ પર નેપાળ પહેલા પણ દાવો કરતું રહ્યું છે

• કાઠમંડુ

નેપાળ સરકારે ભારતીય યાત્રાળુઓને લિપુલેખના માર્ગે કૈલાશ માનસરોવર યાત્રા ન કરવા અપીલ કરી છે. નેપાળના વિદેશ મંત્રાલયે રવિવારે એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે 1816ની સુગૌલી સંધિ અનુસાર લિમ્પિયાધુરા, લિપુલેખ અને કાલાપાણી ક્ષેત્ર નેપાળનો ભાગ છે. સરકારે જણાવ્યું હતું કે લિપુલેખના માર્ગે પ્રસ્તાવિત કૈલાશ માનસરોવર યાત્રા અંગે તેણે ભારત અને ચીન બંનેને રાજદ્વારી રીતે પોતાની વાંધા અને ચિંતાથી અવગત કરાવ્યા છે. નેપાળે એ પણ જણાવ્યું હતું કે તે પહેલા પણ ભારતને આ વિસ્તારમાં માર્ગ નિર્માણ, વેપાર અને પર્યટન જેવી પ્રવૃત્તિઓ ન કરવા અપીલ કરતું રહ્યું છે. નેપાળે ચીનને પણ સત્તાવાર રીતે આ જાણકારી આપી છે કે લિપુલેખ તેનો ભાગ છે. નેપાળ આ પહેલા પણ લિપુલેખને પોતાનો ભાગ ગણાવતું રહ્યું છે. તેણે ગયા વર્ષે કેટલીક નોટ બહાર પાડી હતી, જેમાં લિપુલેખ, કાલાપાણી અને લિમ્પિયાધુરાને નેપાળનો ભાગ દર્શાવવામાં આવ્યા હતા, જ્યારે આ ત્રણેય વિસ્તારો ભારતીય સીમામાં આવે છે. ભારત, નેપાળ અને ચીનની સરહદને અડીને આવેલા



આ વિસ્તારમાં હિમાલયની નદીઓથી બનેલી એક ખીણ છે, જે નેપાળ અને ભારતમાં વહેતી કાલી અથવા મહાકાલી નદીનું ઉદ્ગમ સ્થાન છે. આ વિસ્તારને કાલાપાની પણ કહેવાય છે. અહીં જ લિપુલેખ ઘાટ પણ છે. અહીંથી ઉત્તર-પશ્ચિમ દિશામાં થોડા અંતરે બીજો એક ઘાટ છે, જેને લિમ્પિયાધુરા કહે છે. અંગ્રેજો અને નેપાળના ગોરખા રાજા વચ્ચે 1816માં થયેલા સુગૌલી કરારમાં કાલી નદી દ્વારા ભારત અને નેપાળ વચ્ચે સરહદ નક્કી કરવામાં આવી હતી. કરાર હેઠળ કાલી નદીના પશ્ચિમ વિસ્તારને ભારતનો વિસ્તાર માનવામાં આવ્યો, જ્યારે નદીની પૂર્વમાં આવતો વિસ્તાર નેપાળનો બન્યો.

## ન્યૂઝ બ્રિફ

### અભિષેક બેનર્જીએ કહ્યું-ગુજરાતી ગેંગને દસ જનમ પણ ઓછા પડશે

પશ્ચિમ બંગાળની ફાલ્ટા વિધાનસભા બેઠક પર ફરીથી ચૂંટણી કરાવવાના નિર્ણય બાદ રાજકીય નિવેદનબાજી તેજ થઈ ગઈ છે. ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીએ ભાજપના દિગ્ગજ નેતાઓને ફાલ્ટાથી ચૂંટણી લડવાનો પડકાર ફેંક્યો છે. અભિષેક બેનર્જીએ કહ્યું, બંગાળી વિરોધી ગુજરાતી ગેંગ અને તેમના સાથી જ્ઞાનેશ કુમાર મારા ડાયમંડ હાર્બર મોડેલને દસ જનમમાં પણ નુકસાન પહોંચાડી શકશે નહીં. હું કેન્દ્ર સરકારને પડકાર ફેંકું છું કે તે તેના સૌથી મજબૂત નેતાને મોકલે. જો તમારામાં હિંમત હોય તો ફાલ્ટાથી ચૂંટણી લડો. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછી પણ સતત નવા-નવા ઘટનાક્રમ થઈ રહ્યા છે. બીજા તબક્કાના મતદાન દરમિયાન થયેલી હિંસા, ભવાનીપુર સ્ટ્રોંગ રૂમમાં મમતાએ વિતાવેલા 4 કલાક અને 2 મેના રોજ રીપોલિંગ પછી દક્ષિણ 24 પરગનાની ફાલ્ટા વિધાનસભા બેઠકના તમામ 285 પોલિંગ બૂથ પર 21 મેના રોજ ફરીથી મતદાનની જાહેરાત કરવામાં આવી.

### ACમાં બ્લાસ્ટ થવાથી 9 લોકો જીવતા ભડથું થયા:કેટલાકના માત્ર હાડપિંજર મળ્યા; દિલ્હીમાં 4 માળની બિલ્ડિંગમાં આગ લાગી

દિલ્હીના શાહદરા વિસ્તારના વિવેક વિહારમાં એક ચાર માળની ઈમારતમાં રવિવારે સવારે ભીષણ આગ લાગી. આ દુર્ઘટનામાં 9 લોકોના મોત થયા. બચાવ અને આગ બુઝાવવા દરમિયાન 10 થી 15 લોકોને બચાવવામાં આવ્યા. તેમાંથી બે લોકો ઘાયલ થયા છે. ઘટનાસ્થળે પહોંચેલા ભાજપના ધારાસભ્ય સંજય ગોયલે જણાવ્યું કે સવારે લગભગ 3:45 વાગ્યે આગ લાગી અને જોતજોતામાં ઈમારતના ચારેય માળમાં ફેલાઈ ગઈ. કેટલાક લોકો દરવાજાનો લોક ખોલી શક્યા નહીં, જેના કારણે તેમનું મોત થયું. કેટલાક મૃતદેહો એટલી ખરાબ રીતે બળી ગયા છે કે તેઓ હાડપિંજર જેવી હાલતમાં છે. તેથી તેમની ઓળખ DNA તપાસ દ્વારા કરવામાં આવશે. પોલીસે ઓળખ માટે મૃતદેહોની તસવીરો લીધી છે. સંજય ગોયલના મતે, ઘટના પાછળ શોર્ટ સર્કિટ મુખ્ય કારણ હોવાનું કહેવાય છે, જોકે કેટલાક સ્થાનિક લોકો ACમાં થયેલા ધડાકાને પણ કારણ જણાવી રહ્યા છે.

### મણિપુર હિંસા-3 વર્ષમાં ફક્ત CM બદલાયા, પરિસ્થિતિ નહીં: કેન્દ્ર સરકાર 2029 સુધીમાં ઉગ્રવાદ ખતમ કરવાની તૈયારીમાં

મણિપુરમાં મૈતેઈ-કુકી સમુદાયો વચ્ચે જાતીય હિંસા ફાટી નીકળ્યાને ત્રણ વર્ષ થઈ ગયા છે, પરંતુ 37 લાખની વસ્તી ધરાવતા આ નાના રાજ્યમાં આજે પણ બંને સમુદાયોમાં ભયનો માહોલ છે. ડર એટલા માટે, કારણ કે બંને સમુદાયોના હથિયારબંધ 'વોલન્ટિયર' ગમે ત્યારે ગોળીબાર શરૂ કરી દે છે. રાજ્યમાં હાલ 50થી વધુ ઉગ્રવાદી જૂથો સક્રિય છે. તેમાંથી અડધા સરકાર સાથે વાતચીતમાં સામેલ છે, તેમ છતાં હિંસાની હાલની ઘટનાઓમાં તેમની સંડોવણી સામે આવી છે. રાજ્યમાં તહેનાત સૈન્યના એક ઉચ્ચ અધિકારીએ ભાસ્કરને જણાવ્યું કે દેશમાંથી નક્સલવાદ ખતમ કર્યા પછી કેન્દ્ર સરકારનું સંપૂર્ણ ધ્યાન હવે પૂર્વોત્તરના ઉગ્રવાદ પર છે. તેમાં પણ મણિપુર સૌથી ઉપર છે. ઉગ્રવાદના ખાત્માનું લક્ષ્ય 2029 નક્કી કરવામાં આવ્યું છે. તેની શરૂઆત અમરનાથ યાત્રા પછી થઈ શકે છે.

## શંકાસ્પદ પ્રવૃત્તિઓને કારણે જૈન સંઘ તેને વર્ષો પહેલા જ બહારનો રસ્તો બતાવી ચૂક્યું છે

# જૈન શાસન વિરુદ્ધ 'અપનો'નું જ આયોજનબદ્ધ કાવતરું: હનીટ્રેપ અને નકલી પત્રકારોના નેટવર્કનો પર્દાફાશ!

• અમદાવાદ/મુંબઈઃ

અહિંસા અને સંયમના પ્રતીક સમાન જૈન ધર્મ પર આજે બહારના લોકો કરતા અંદરના જ 'ધર્મધુરંધરો' ખતરો બનીને તૂટી પડ્યા છે. જૈન સંતો અને ગચ્છાધિપતિઓની વધતી જતી લોકપ્રિયતા અને ધર્મ પ્રભાવના જેમને આંખમાં કણાની જેમ ખૂંચી રહી છે, તેવા કેટલાક તત્વોએ હવે સંતોને બદનામ કરવાનું 'ગંદું રાજકારણ' શરૂ કર્યું છે. 'પાક્કો ગુજરાત'ના હાથમાં આવેલા દસ્તાવેજો અને તપાસ મુજબ, જૈન સમાજમાં પેસી ગયેલા કેટલાક ગુનાહિત માનસ ધરાવતા લોકો સંતોને હનીટ્રેપમાં ફસાવવા અને બ્લેકમેલ કરવાનું મોટું રેકેટ ચલાવી રહ્યા છે.

મુખ્ય સૂત્રધારઃ જગત પારેખનો અસલી ચહેરો

આ આખા કાવતરામાં જેનું નામ સૌથી વધુ ઉછળ્યું છે, તે છે જગત




પારેખ. પોતાને જૈન મહાસંઘનો ઉપ-પ્રમુખ ગણાવતા આ શખ્સનો ઈતિહાસ કાળો છે.

* હકાલપટ્ટીઃ શંકાસ્પદ પ્રવૃત્તિઓને કારણે જૈન સંઘ તેને વર્ષો પહેલા જ બહારનો રસ્તો બતાવી ચૂક્યું છે.

* ગુનાહિત રેકોર્ડઃ છેતરપિંડીના અનેક કેસોમાં સંડોવાયેલા જગત પારેખની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ પણ કરવામાં આવી હતી.

સવાલ એ થાય છે કે, જેનું પોતાનું ચરિત્ર ડાઘાવાળું છે, તે પૂજ્ય સંતો પર આંગળી ચીંધવાની હિંમત કઈ રીતે કરી શકે?

ષડયંત્રની મોડસ ઓપરેન્ડીઃ હનીટ્રેપ અને બ્લેકમેલિંગ

તપાસમાં બહાર આવ્યું છે કે આ માત્ર એક વ્યક્તિનું કામ નથી, પણ આખું એક સિન્ડિકેટ કામ કરી રહ્યું છે. જેમાં કલ્પેશ સિંઘવી, વિક્રમ બાફના અને પોતાને પત્રકાર ગણાવતા હાર્દિક હુડિયા જેવા નામ સામેલ છે. તેમની કામ કરવાની રીત કંઈક આવી છેઃ

1. સંતોનું ટાર્ગેટિંગઃ જે સંતો સમાજમાં પ્રભાવશાળી છે તેમને પસંદ કરવા.

2. હનીટ્રેપની જાળઃ નકલી મહિલાઓ અને મોર્ફ કરેલા (એડિટ કરેલા) વીડિયો દ્વારા સંતોને ફસાવવાનો પ્રયાસ કરવો.

3. ઉઘાડી લૂંટઃ નકલી પત્રકારોની ફોજ ઊભી કરી, મીડિયામાં બદનામ કરવાની ધમકી આપીને મોટી રકમ પડાવવી.

ધર્મના નામે ધંધોઃ સમાજ માટે ચેતવણી

જૈન ધર્મ જે પહેલેથી જ લઘુમતીમાં છે, ત્યારે સમાજના જ રક્ષક બનીને બેઠેલા આ ભક્ષકો ધર્મની જડ ખોતરી રહ્યા છે. સંતો પ્રત્યે શ્રાવકોની આસ્થા ડગાવવી એ માત્ર પાપ નથી, પણ જૈન શાસન સાથેનો સૌથી મોટો દ્રોહ છે. પૈસાના જોરે અને નકલી હોદ્દાના જોરે આ ટોળકી જૈન સંઘોમાં પોતાનો ગેરકાયદેસર પ્રભાવ જમાવવાનો પ્રયાસ કરી રહી છે.

'પાક્કો ગુજરાત'નો નિર્ધાર

અમે આવા તમામ ચહેરાઓને બેનકાબ કરવાનું અભિયાન ચાલુ રાખીશું. અમારી પાસે એવા તમામ પુરાવા છે જે સાબિત કરે છે કે કોણે કેટલા પૈસા લઈને જૈન શાસનની આબરૂનો સોદો કર્યો છે.

'કાચના ઘરમાં રહેનારાઓએ બીજાના ચરિત્ર પર પથ્થર મારતા પહેલા પોતાનો ભૂતકાળ જોઈ લેવો જોઈએ. જૈન શાસન સત્ય પર ટકેલું છે અને સત્યનો ક્યારેય પરાજય થતો નથી.'


### અમેરિકા પોતાના 5000 સૈનિકો જર્મનીથી પાછા બોલાવશે:જર્મન ચાન્સેલરે કહ્યું હતું-ઈરાન વિરુદ્ધ તેમનું પ્લાનિંગ યોગ્ય નથી

• વોશિંગ્ટન ડીસી

અમેરિકાએ જર્મનીમાંથી લગભગ 5,000 સૈનિકો હટાવવાનો નિર્ણય કર્યો છે. અમેરિકી રક્ષા મંત્રાલય મુજબ, આ પ્રક્રિયા આગામી 6 થી 12 મહિનામાં પૂરી થશે. આ પગલું સીધા જ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ વચ્ચેની શાબ્દિક ટપાટપી પછી સામે આવ્યું છે.

મર્ઝે ગયા મહિને એક કાર્યક્રમમાં કહ્યું હતું કે અમેરિકા પાસે કોઈ સારું પ્લાનિંગ નથી. તેને ખબર જ નથી કે તે આ યુદ્ધમાંથી કેવી રીતે બહાર નીકળશે. તેમણે કહ્યું કે ઈરાન વાતચીતને ટાળવામાં માહેર છે અને અમેરિકાને કોઈ પરિણામ વિના ઈસ્લામાબાદ સુધી આવ-જા કરવી પડી. આનાથી અમેરિકાને ઈરાન સામે અપમાનિત થવું પડ્યું. આનાથી ટ્રમ્પ નારાજ થઈ ગયા હતા. તેમણે મર્ઝ વિશે કહ્યું કે તેઓ ખૂબ જ ખરાબ કામ કરી રહ્યા છે. તેમને લાગે છે કે ઈરાન પાસે પરમાણુ હથિયારો હોવા એ સારી વાત છે. તેમને વાસ્તવિકતાની સમજ નથી. BBC અનુસાર, ડિસેમ્બર સુધીમાં જર્મનીમાં 36,000 થી વધુ અમેરિકી સૈનિકો તહેનાત હતા. આ સંખ્યા જાપાન પછી બીજી સૌથી મોટી તહેનાતી છે, જ્યાં લગભગ 55,000 અમેરિકી સૈનિકો હાજર છે. આ ઉપરાંત, ઈટાલીમાં લગભગ 12,000 અને બ્રિટનમાં લગભગ 10,000 અમેરિકી સૈનિકો તusનાત છે. જર્મનીમાં અમેરિકી સૈન્ય થાણા લાંબા સમયથી યુરોપમાં અમેરિકાની વ્યૂહાત્મક હાજરીનો મહત્વનો ભાગ રહ્યા છે. જોકે, અમેરિકા અને યુરોપિયન દેશો વચ્ચે ઈરાનને લઈને તણાવ વધ્યો છે. યુરોપિયન દેશોએ ઈરાન યુદ્ધમાં ટ્રમ્પનો સાથ આપવા માટે ઘણી વખત ઈનકાર કર્યો છે.

# રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિને UAEનો કાયાકલ્પ કર્યો:શાહી ઓળખ છુપાવી વેઈટરની નોકરી કરી



• દુબઈ

સંયુક્ત આરબ અમીરાત (UAE) એ ઓઈલ ઉત્પાદક સંગઠન ઓપેકથી અંતર રાખીને સંકેત આપ્યો છે કે તેનું ભવિષ્ય ફક્ત ઓઈલ પર નિર્ભર નથી. રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાનની રણનીતિ ગ્રીન હાઈડ્રોજન, AI અને સ્પેસ મિશન પર છે. તેમણે 2015 માં કહ્યું હતું કે છેલ્લા ઓઈલના બેરલ પર UAE શોક નહીં, ઉત્સવ મનાવશે.

પહેલાં સૈન્ય કમાન્ડર પછી ક્રાઉન પ્રિન્સથી રાષ્ટ્રપતિ બનવા સુધીના તેમના નિર્ણયોએ ફક્ત UAE નો કાયાકલ્પ કર્યો નથી, પરંતુ ખાડી દેશોમાં પરિવર્તનને પણ વેગ આપ્યો છે. શેખ મોહમ્મદના ઉછેરે તેમના નિર્ણયોનો પાયો નાખ્યો. જ્યારે તેઓ 14 વર્ષના હતા, ત્યારે પિતા શેખ ઝાયદે તેમને રાજવી ઓળખ છુપાવીને મોરોક્કો ભણવા મોકલ્યા હતા. જેથી તેઓ કઠોર જીવન જોઈ શકે. મોરોક્કોમાં અભ્યાસ દરમિયાન તેમણે પોતાનું નામ બદલીને 'હસન' રાખ્યું હતું, જેથી કોઈ તેમને ઓળખી ન શકે. તેઓ પોતાનું ભોજન જાતે બનાવતા અને કપડાં જાતે ધોતા હતા. ત્યાં તેમણે એક કેફેમાં વેઈટર તરીકે પણ કામ કર્યું, જેથી તેઓ સામાન્ય લોકોના સંઘર્ષ અને જીવનને નજીકથી સમજી શકે. શેખ મોહમ્મદે બ્રિટનની પ્રતિષ્ઠિત રોયલ મિલિટરી એકેડમી સેન્ડહર્સ્ટમાંથી તાલીમ લીધી અને પાસઆઉટ થઈને બાદમાં યુએઈ સેનામાં જોડાયા. સેનાના આધુનિકીકરણ અને વ્યાવસાયિક તાલીમને તેમણે પોતે મોનિટર કરી. શેખ મોહમ્મદે પોતાને કટ્ટરપંથી વિચારધારાથી અલગ રાખ્યા. વિદ્યાર્થી જીવનમાં જ્યારે એક મૌલવીએ તેમને કટ્ટરપંથ તરફ વાળવાનો પ્રયાસ કર્યો.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# પાક્કો ગુજરાતી: માત્ર અખબાર નહીં, ગુજરાતનો અવાજ!

### સમાચારને મરચું-મીઠું ભભરાવીને પીરસવા કરતા, તેની સત્યતા તપાસીને લોકો સમક્ષ લાવવામાં માનીએ છીએ

• વિશેષ લેખ: ડેસ્ક રિપોર્ટ

ગુજરાતની ધરતી એટલે ખમીર, સંસ્કાર અને વેપારની ભૂમિ. આ ભૂમિ પર જ્યારે 'પાક્કો ગુજરાતી' ન્યૂઝ પેપરની વાત આવે ત્યારે તે માત્ર કાગળ પર છપાયેલા સમાચાર નથી રહેતા, પણ સાત કરોડ ગુજરાતીઓના દિલના ધબકાર બની જાય છે.

આજના સમયમાં જ્યારે સમાચારોમાં સત્ય શોધવું મુશ્કેલ બન્યું છે, ત્યારે 'પાક્કો ગુજરાતી' પત્રકારત્વના મૂલ્યોને વરેલું છે. સત્તા હોય કે વિપક્ષ, સામાન્ય માણસનો અવાજ દબાય નહીં તે જ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે. અમે સમાચારને મરચું-મીઠું ભભરાવીને પીરસવા કરતા, તેની સત્યતા તપાસીને લોકો સમક્ષ લાવવામાં માનીએ છીએ.

સંસ્કૃતિ અને આધુનિકતાનો સંગમ

'પાક્કો ગુજરાતી'માં અમે જેટલું મહત્વ રાજકારણ અને ક્રાઈમને આપીએ છીએ, તેટલું જ મહત્વ આપણી ભવ્ય વિરાસત અને કલા-સાહિત્યને પણ આપીએ છીએ. નર્મદની કલમથી લઈને આજના સ્ટાર્ટ-અપ યુગ સુધીની તમામ વિગતો એક જ સ્થળે વાંચવા મળે તેવું અમારું આયોજન રહે છે.

ગામડાના ખેડૂતનો પ્રશ્ન હોય કે શહેરના મધ્યમ વર્ગની મોંઘવારીની પીડા—અમે દરેક અવાજને વાચા આપીએ છીએ. રોડ-રસ્તા, શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની જરૂરિયાતો પર અમે સરકારને સવાલ પૂછતા અચકાતા નથી. કારણ કે અમારું માનવું છે કે જાગૃત નાગરિક જ મજબૂત લોકશાહીની કરોડરજ્જુ છે.

કેમ 'પાક્કો ગુજરાતી' અલગ છે?

* સ્થાનિક કનેક્ટ: ગુજરાતના ખૂણે ખૂણેથી આવતા સચોટ સમાચાર.
* યુવા જોશ: યુવા પેઢીને ગમે તેવા ટેકનોલોજી, કરિયર અને બિઝનેસ ગાઈડન્સના વિશેષ અંકો.
* સ્પષ્ટ વક્તા: કોઈ પણ પક્ષપાત વગર સત્યની તરફેણ.

અમારો સંકલ્પ

અમે કટિબદ્ધ છીએ એવા ગુજરાત માટે જ્યાં ન્યાય મોડો ન મળે, જ્યાં ભ્રષ્ટાચારને કોઈ સ્થાન ન હોય અને જ્યાં દરેક નાગરિક ગર્વથી કહી શકે કે હું 'પાક્કો ગુજરાતી' છું.

# લોકશાહીનો ચોથો સ્તંભ જોખમમાં? વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારત વધુ પાછળ ધકેલાયું!

અમદાવાદ:આજે જ્યારે સમગ્ર વિશ્વ 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે' એટલે કે વિશ્વ પત્રકારત્વ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે ભારતીય લોકશાહી અને મીડિયા જગત માટે એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ (RSF) દ્વારા જાહેર કરાયેલા લેટેસ્ટ ઈન્ડેક્સ મુજબ, દુનિયાભરમાં મીડિયાની આઝાદી છેલ્લા ૨૫ વર્ષમાં સૌથી નીચલા સ્તરે પહોંચી ગઈ છે, જેમાં ભારતની સ્થિતિ સતત વણસી રહી છે.આંકડાઓ પર નજર કરીએ તો, વર્ષ ૨૦૨૫માં ભારત ૧૮૦ દેશોની યાદીમાં ૧૫૧મા સ્થાને હતું. પરંતુ આ વર્ષે ભારત વધુ ૬ અંક નીચે ઉતરીને ૧૫૭મા ક્રમે પહોંચી ગયું છે. આ ઘટાડો સૂચવે છે કે ભારતમાં પત્રકારો માટે મુક્તપણે કામ કરવાનું વાતાવરણ સતત સીમિત થઈ રહ્યું છે.

હોમાશે?

### અંકલેશ્વરના 'ચોટા બજાર'માં ખાખીનો આબરૂ હરાજી પર!

# માફિયા 'વિજય'ના તાલે નાચતી પોલીસ: શું શહેર મોટા લઠ્ઠાકાંડની જ્વાળામાં હોમાશે?

### બ્લોક લિસ્ટ પોલિટિક્સ: સવાલ પૂછતા મીડિયાકર્મીઓના નંબર બ્લોક કરતા PI ચાવડા

• અંકલેશ્વર/ભરૂચ:

ગુજરાતની ઔદ્યોગિક નગરી અંકલેશ્વરમાં આજે કાયદાનું શાસન નહીં, પણ માફિયા અને ખાખીના મિલીભગતનું 'ગુંડા રાજ' ચાલી રહ્યું છે. મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના 'ઝીરો ટોલરન્સ'ના દાવાઓને ઠેંગો બતાવી, અંકલેશ્વર પોલીસ ગુનેગારોની રક્ષક બની ગઈ છે.

ચોટા બજાર: ગુનાખોરીનું સેન્ટર પોઈન્ટ

રેલ્વે સ્ટેશન નજીક આવેલું ચોટા બજાર આજે અંકલેશ્વરનું કલંક બની ગયું છે. અહીં માફિયા 'વિજય' નામના શખ્સનું સમાંતર શાસન ચાલે છે. વરલી મટકા, સટ્ટાના અડ્ડા અને ઝેરી કેમિકલયુક્ત દેશી દારૂનો કાળો કારોબાર અહીં ધોળે દિવસે ફૂલ્યો-ફાલ્યો છે. વાપી અને સુરતથી આવતા નબીરાઓ અહીં પાયમાલ થઈ રહ્યા છે, જ્યારે પોલીસ 'હપ્તાની મલાઈ'માં ડૂબેલી છે.

ખાખીની ગદ્દારી: બાતમીદારના જીવનો સોદો!

'પાક્કો ગુજરાત'ના ઈન્વેસ્ટિગેશનમાં સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે, સ્થાનિક પોલીસ અને LCBના અમુક ભ્રષ્ટ અધિકારીઓ માફિયાઓના 'ઈન્ફોર્મર' બની ગયા છે. જ્યારે



કોઈ જાગૃત નાગરિક પોલીસને ગેરકાયદે પ્રવૃત્તિની બાતમી આપે છે, ત્યારે પોલીસ રેડ કરવાને બદલે એ બાતમીદારનો નંબર સીધો માફિયા વિજયને આપી દે છે. આ ગદ્દારી શું કોઈ મોટી જાનહાનિની રાહ જોઈ રહી છે?

PI ચાવડા અને LCBની શંકાસ્પદ ભૂમિકા

જ્યારે અમારા સંવાદદાતાએ આ અંગે A-ડિવિઝન PI ચાવડા અને LCB PI વાળાનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે જવાબ આપવાને બદલે તેમણે મીડિયાના નંબર બ્લોક કરી દીધા. સાહેબ, ફોન બ્લોક કરવાથી સત્ય દબાઈ જશે? કેમિકલયુક્ત દારૂ વેચનારાઓ સાથેની તમારી આ યારી શું સૂચવે છે? PI ચાવડા ભરૂચ જિલ્લાના સૌથી ડાઘી અધિકારી સાબિત થઈ રહ્યા છે, જેમના શાસનમાં ગુનેગારો બેફામ છે.

'પાક્કો ગુજરાત'ના સીધા સવાલ:

1. ભરૂચ SP સાહેબ! શું તમારી નાક નીચે ચાલતા આ હપ્તાખોરીના ખેલથી તમે અજાણ છો? કે પછી મૌન જ સંમતિ છે?
2. લઠ્ઠાકાંડનું ષડયંત્ર: શું આ કોઈ રાજકીય ષડયંત્ર છે? કેમિકલયુક્ત ઝેરી દારૂ વેચીને શું આગામી ચૂંટણીઓ પહેલા સરકારને બદનામ કરવાનું કાવતરું ઘડાઈ રહ્યું છે?
3. SMCની એન્ટ્રી ક્યારે? જ્યારે સ્થાનિક પોલીસ જ માફિયાઓની ગુલામ બની ગઈ હોય, ત્યારે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) કેમ મૌન છે?

નિષ્કર્ષ:

અંકલેશ્વર આજે વિસ્ફોટક સ્થિતિમાં છે. જો સત્વરે ગાંધીનગરથી હસ્તક્ષેપ કરવામાં નહીં આવે, તો લઠ્ઠાકાંડનો ઈતિહાસ ફરી અંકલેશ્વરની ધરતી પર દોહરાવાય તો નવાઈ નહીં. 'પાક્કો ગુજરાત' આ લડાઈને અંજામ સુધી લઈ જશે.

- બ્યુરો રિપોર્ટ: પાક્કો ગુજરાત ન્યૂઝ, અંકલેશ્વર

### શું ભાજપમાં આવતા જ પાપ ધોવાઈ ગયા?

# પાક્કો ગુજરાત એક્સક્લુઝિવ: 'ખાખી'નો ખેલ કે 'સત્તા'નો મેળ? અર્જુન મોઢવાડિયાના પુત્રને ક્લીન ચિટ મળતા અનેક સવાલો!

અનેક સવાલો!

### ગજબ છે આ સિસ્ટમ: 2016માં દારૂની મહેફિલ પકડાઈ હતી, તો 2026માં બધા 'દૂધે ધોયેલા' કઈ રીતે નીકળ્યા?

• [બ્યુરો રિપોર્ટ: પાક્કો ગુજરાત]

અમદાવાદ: ગુજરાતમાં ન્યાયનો ત્રાજવો કઈ તરફ નમે છે તેનો એક જીવતો જાગતો નમૂનો આજે સામે આવ્યો છે. વર્ષ 2016નો સેટેલાઈટનો એ બહુચર્ચિત દારૂની મહેફિલનો કેસ, જેમાં દિગ્ગજ નેતા અર્જુન મોઢવાડિયાના પુત્ર પાર્થ મોઢવાડિયા સહિતના નબીરાઓ પોલીસના સકંજામાં આવ્યા હતા, તેમાં હવે કોર્ટે ચુકાદો આપતા પાર્થ મોઢવાડિયાને નિર્દોષ જાહેર કર્યા છે. આ ચુકાદા બાદ જનતામાં એક જ વાત ચર્ચાઈ રહી છે કે– 'સબ ગોલમાલ હૈ ભાઈ, સબ ગોલમાલ હૈ!'

પોલીસનો ગજબ ખેલ: દારૂ કોનો હતો?

યાદ કરો વર્ષ 2016ની એ રાત, જ્યારે સેટેલાઈટના એક પોશ ફ્લેટમાં પોલીસે દરોડા પાડ્યા હતા. ત્યારે પોલીસે છાતી ઠોકીને કહ્યું હતું કે અહીં દારૂની મહેફિલ જામી હતી અને દારૂનો જથ્થો પણ કબજે કર્યો હતો. હવે સવાલ એ ઉઠે છે કે જો આજે આરોપીઓ નિર્દોષ છે, તો શું ત્યારે પોલીસે જે દારૂ પકડ્યો હતો એ પોલીસ ઘરેથી લાવી હતી? કે પછી એ દારૂ હવામાં ઓગળી ગયો? જો મહેફિલ નહોતી તો શું ત્યાં બધા 'ભજન' કરવા ભેગા થયા હતા?

કેસરિયો રંગ લાગતા જ ફાઈલો બદલાઈ ગઈ?

લોકોમાં એવી ચર્ચા છે કે જ્યારે આ કેસ થયો ત્યારે અર્જુન મોઢવાડિયા કોંગ્રેસના કદાવર નેતા હતા અને સરકાર સામે પ્રહારો કરતા હતા. પણ હવે દ્રશ્ય બદલાયું છે, મોઢવાડિયા હવે ભાજપના 'માનનીય' મંત્રી છે. શું આ માત્ર યોગાનુયોગ છે કે જેવો માથે કેસરિયો ખેસ આવ્યો કે તરત જ વર્ષો જૂના ડાઘા ધોવાઈ ગયા? સત્તા બદલાતાની સાથે જ તપાસની દિશા અને ગવાહોની યાદશક્તિ પણ બદલાઈ જાય છે એ હવે જગજાહેર છે.

PSI પર 4 લાખના તોડનો આક્ષેપ અને આખું તૂત

આ કેસમાં એક નવો વળાંક એવો અપાયો કે તત્કાલીન પીએસઆઈ (PSI) એ 4 લાખ રૂપિયાનો તોડ કરવા માટે આ ખોટો કેસ કર્યો હતો. હવે જો પોલીસ જ તોડ કરતી હોય તો પ્રજાએ વિશ્વાસ કોના પર કરવો? અને જો કેસ ખોટો હતો તો આટલા વર્ષો સુધી કેમ ખેંચાયો? આ આખી રમત 'ઉપર' બેઠેલા આકાઓના ઈશારે રમાઈ હોવાની પૂરેપૂરી શંકા છે.

પાક્કો ગુજરાતના આકરા સવાલો

* જો આરોપીઓ નિર્દોષ છે, તો જે પોલીસે દારૂ પકડ્યો હોવાનો દાવો કર્યો હતો તે અધિકારીઓ સામે શું પગલાં લેવાશે?
* શું ગુજરાતમાં કાયદો માત્ર સામાન્ય જનતા માટે જ છે? નેતાઓના પુત્રો માટે પોલીસ અને પુરાવાઓ કેમ નબળા પડી જાય છે?
* ભાજપમાં જોડાવાથી શું ગુનાહિત ઈતિહાસ ભૂંસાઈ જવાની વોશિંગ મશીન જેવી ગેરંટી મળે છે?
* અંતિમ પ્રહાર: 'ન્યાયની મૂર્તિની આંખે પાટા છે એ તો ખબર હતી, પણ અહીં તો તપાસ કરનારાઓની દાનત પર પણ પાટા બાંધેલા હોય તેવું લાગે છે. જનતા બધું જોઈ રહી છે અને યોગ્ય સમયે આ 'ગોલમાલ'નો જવાબ પણ આપશે.'

તંત્રીની કલમે: સત્તાની ચાપલૂસીમાં ન્યાય મરાય છે ત્યારે લોકશાહી જોખમમાં મુકાય છે. પાક્કો ગુજરાત સત્ય લખતું રહેશે અને સત્તાના જોરે ગુના છુપાવનારાઓને બેનકાબ કરતું રહેશે.

# ઈનકમટેક્સમાં તસ્કરોનો તરખાટ, દંપતી નીચે ટીવી જોતું રહ્યું અને મકાનના ઉપરના માળે લાખોની ચોરી

### રૂમમાંથી અચાનક અવાજ આવતા મયંકભાઈ અને તેમના પત્ની તપાસ કરવા દોડી ગયા હતા

અમદાવાદ : અમદાવાદમાં તસ્કરોનો આતંક યથાવત્ જોવા મળી રહ્યો છે. શહેરના પોશ ગણાતા ઈનકમટેક્સ વિસ્તારમાં ચોરીની એક અનોખી ઘટના સામે આવી છે, જેમાં ઘરના સભ્યો નીચેના માળે હાજર હોવા છતાં તસ્કરો ઉપરના માળેથી લાખોની મતા ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા. તસ્કરોએ એક મકાનને નિશાન બનાવી કુલ 2,30,792 રૂપિયાની મતાની ચોરી કરી છે. દંપતી ટીવી જોવામાં મગ્ન હતું ને તસ્કર સીડીએથી ચઢ્યો

આ ઘટના અંગે કમ્પ્યુટર સેલ્સ એન્ડ સર્વિસનો વ્યવસાય કરતા 37 વર્ષીય મયંકભાઈ શાહે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. 30મી એપ્રિલના રોજ રાત્રે મયંકભાઈ અને તેમના પત્ની બે માળના મકાનમાં નીચેના રૂમમાં બેસીને ટીવી જોઈ રહ્યા હતા. આ દરમિયાન તસ્કરો મકાનના પાછળના દરવાજાનો નકૂચો તોડી સીડી દ્વારા ઉપરના માળે પહોંચ્યા હતા, જે રૂમનો ઉપયોગ વધારાનો સામાન રાખવા માટે થતો હતો.



તિજોરી સાફ કરી, એસીની પાઈપ પણ ન છોડી ઉપરના રૂમમાંથી અચાનક અવાજ આવતા મયંકભાઈ અને તેમના પત્ની તપાસ કરવા દોડી ગયા હતા. ત્યાં પહોંચતા જ જોયું તો લોખંડની તિજોરી ખુલ્લી હતી અને સામાન વેરવિખેર હતો. ચોર તિજોરીમાંથી જૂની નોટોનું કલેક્શન, સોનાનું લેડીઝ બ્રેસલેટ અને બે મોંઘી ઘડિયાળો, પીતળના વાસણો અને એસીની કોપર પાઈપ, કોમ્પ્યુટર અને કેમેરાના વાયરો ચોરી ગયા હતા.

ભોગ બનનાર પરિવારે આ સમગ્ર મામલે અજાણ્યા શખસો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીના જણાવ્યા મુજબ, ચોર પાછળના દરવાજાનો નકૂચો તોડી સીડી દ્વારા ઉપરના રૂમમાં પ્રવેશ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી તસ્કરોને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# આનંદનગરમાં જ્વેલર્સએ લિફ્ટમાં પરણિતા સાથે શારિરીક અડપલા કર્યા : ફરિયાદ નોંધાઈ

અમદાવાદ : અમદાવાદના આનંદનગર વિસ્તારમાં રહેતી 40 વર્ષે પરણિતાને તેમની જ ફ્લેટમાં રહેતા વ્યક્તિએ લિફટમાં શારિરીક અડપલા કરીને છેડતી કરી હતી. મહિલાનો સૌ પ્રથમ બંને ફોન અને મેસેજમાં વાતો કરતા હતા ત્યારબાદ મહિલાએ વાતચીત કરવાનું બંધ કરી દીધું હતું.બાદમાં લિફટમાં છેડતીની ઘટના બની હતી, જે મામલે મહિલાએ છેડતી કરનાર વ્યક્તિની પત્નીને આ બાબતે જાણ કરી હતી. પરંતુ વધારે ધ્યાન આપ્યું નહોતું જેથી મહિલાએ આ મામલે તેમના નાના ભાઈને વાત કરતા આનંદનગર પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. જેના આધારે તપાસ બાદ પોલીસે ગુનો નોંધ્યો છે.મળતી માહિતી મુજબ આનંદનગર વિસ્તારમાં 40 વર્ષ પરણિતા તેના પતિ અને બે બાળકો સાથે રહે છે. પરણિતાના ફલેટમાં જ એક સોના ચાંદીની દુકાન ધરાવનાર યુવક તેની પત્ની અને તેના બે બાળકો સાથે રહે છે. પાંચેક મહિના પહેલા મહિલા જ્યારે સેટેલાઈટ પ્રેમચંદનગર ખાતે ગઈ હતી ત્યારે બંનેની ઓળખાણ થઈ હતી. એકબીજાની સાથે ફોન અને મેસેજ ઉપર વાતચીત પણ શરૂ થઈ ગઈ હતી.

ત્યારબાદ મહિલાને લાગ્યું હતું કે પોતે વધારે છૂટથી વાતો થઈ રહી છે. જેથી તેમણે ફોન અને મેસેજ નહીં કરવાનું જણાવ્યું હતું. ત્યારબાદ 15 દિવસ પહેલા કામ અર્થે તેઓ લિફટમાંથી નીચે જઈ રહ્યા હતા ત્યારે લિફટમાં તેમની સાથે આ વ્યક્તિ આવ્યો હતો અને તેણે મહિલાના છાતીના અને ગુપ્ત ભાગે હાથ ફેરવ્યો હતો. ત્યારબાદ જો આ વાત તારા પતિ કે અન્ય વ્યક્તિને કરી તો બંને એકબીજા સાથે ફોન અને મેસેજ ઉપર વાતચીત કરતા હતા તેવી ધમકી આપી અને જતો રહ્યો હતો. ધમકી આપી હોવાના કારણે થઈને આ બાબત તેમના પતિ કે અન્ય કોઈ વ્યક્તિને કરી નહોતી ત્યારબાદ થોડા દિવસ પછી તે વ્યક્તિના પત્નીને છેડતી કરી હેરાન કરતા હોવાની વાત કરી હતી પરંતુ તેમણે સાંભળ્યું નહોતું.મહિલા તેમના ભાઈના ઘરે ગઈ હતી ત્યારે ત્યાં પણ તેમણે તેમના નાના ભાઈને વાત કરી જેથી ત્યાંના સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. પરંતુ આનંદનગર પોલીસ સ્ટેશન હદ વિસ્તારનો બનાવ હોવાથી તેમણે આનંદનગર પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. જે બાદ પોલીસે છેડતી કરનાર વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

# સુઈગામ પોલીસની ઝડપી કામગીરી: અપહરણ કરાયેલ યુવકને સુરક્ષિત છોડાવ્યો, મુખ્ય આરોપીઓ ઝડપી પડ્યા



• અહેવાલ પ્રધાનજી ઠાકોર

વાવ-થરાદ જિલ્લાના સુઈગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી અપહરણની ગંભીર ઘટનામાં પોલીસ દ્વારા ઝડપી અને અસરકારક કાર્યવાહી કરીને ભોગ બનનાર યુવકને સુરક્ષિત રીતે છોડાવવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષક ચિંતન તેરૈયાની સૂચના અનુસાર તાત્કાલિક પોલીસ ટીમો બનાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, ખડોલ તાલુકાના રહેવાસી હિતેશભાઈ લાલજીભાઈ આશલ (ઉંમર આશરે 25 વર્ષ) નું અજાણ્યા શખ્સો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ સુઈગામ પોલીસ સક્રિય બની અને ટેકનિકલ સર્વેલન્સ, CCTV ફૂટેજ તેમજ અન્ય આધુનિક સાધનોના આધારે તપાસ શરૂ કરી.તપાસ દરમિયાન આરોપીઓ દ્વારા સોશિયલ મીડિયા મારફતે પોલીસને પડકાર ફેંકવામાં આવતો હોવા છતાં, પોલીસ ટીમે સંકલિત અને સુનિયોજિત કામગીરી કરીને વાપી-વલસાડ વિસ્તારમાંથી યુવકને આરોપીઓના કબ્જામાંથી મુક્ત કરાવ્યો હતો.

### આજના સોશિયલ મીડિયાના યુગમાં મીઠા શબ્દો બોલવા કે 'હાર્ટ' ઈમોજી મોકલવા બહુ સહેલા છે

# શબ્દોની માયાજાળ કે વર્તનની વાસ્તવિકતા? જાણો કોના જીવનમાં તમારું કેટલું મૂલ્ય છે!

• ખાસ લેખ: ગ્રુપ એડિટર પવન માકન

માણસ સામાજિક પ્રાણી છે અને સંબંધો એના જીવનનો આધાર છે. આપણે અવારનવાર સાંભળીએ છીએ કે, 'તું મારા માટે બહુ ખાસ છે,' અથવા 'તારા વગર મને નહીં ચાલે.' પણ શું આ શબ્દો હંમેશા સાચા હોય છે? સત્ય તો એ છે કે શબ્દો માણસની ઈચ્છા બતાવે છે, જ્યારે તેનું વર્તન તેની અગ્રતા (Priority) બતાવે છે.

શબ્દો તો માત્ર શણગાર છે

આજના સોશિયલ મીડિયાના યુગમાં મીઠા શબ્દો બોલવા કે 'હાર્ટ' ઈમોજી મોકલવા બહુ સહેલા છે. કોઈના વખાણ કરવા કે ખોટી આશ્વાસના આપવી એમાં કશું ખરચાતું નથી. પરંતુ, સાચો સંબંધ એ છે જે શબ્દોની ગેરહાજરીમાં પણ વર્તન દ્વારા વર્તાઈ આવે.

જે વ્યક્તિ તમને પ્રેમ કરતો હોવાનો દાવો કરે છે, પણ જ્યારે તમને તેની જરૂર હોય ત્યારે તેની પાસે બહાનાની હારમાળા હોય, તો સમજી લેવું કે તેના જીવનમાં તમારું સ્થાન માત્ર 'વધારાના' વ્યક્તિ તરીકે છે.

વર્તન: સંબંધોનો અરીસો

કહેવાય છે કે 'Actions speak louder than words.' કોઈ વ્યક્તિ તમારા માટે કેટલી ઉપલબ્ધ છે, તે તમારી વાત કેટલી ગંભીરતાથી સાંભળે છે અને મુશ્કેલ સમયમાં તમારી પડખે ઊભી રહે છે કે નહીં—આ બાબતો જ નક્કી કરે છે કે તેના જીવનમાં તમારું મહત્વ કેટલું છે.

* સમયનું રોકાણ: જો કોઈ વ્યસ્ત હોવા છતાં તમારા માટે સમય કાઢે છે, તો તમે તેના માટે મહત્વના છો. પણ જો કોઈ નવરું હોય ત્યારે જ તમને યાદ કરે છે, તો તમે માત્ર તેનો 'ટાઈમપાસ' છો.
* આદર અને દરકાર: તમારા વિચારો અને તમારી લાગણીઓનો સ્વીકાર એ જ સાચું વર્તન છે. માત્ર જરૂર પડે ત્યારે મીઠું બોલવું એ મહત્વ નથી, પણ બિનજરૂરી સમયે પણ આદર આપવો એ મહત્વ છે.

સ્વમાન અને સમજદારી

જ્યારે તમને અહેસાસ થાય કે સામેવાળી વ્યક્તિના વર્તનમાં તમારા માટે કોઈ જગ્યા નથી, ત્યારે સમજદારી એમાં જ છે કે ત્યાંથી માનભેર ખસી જવું. કોઈને વારંવાર પોતાની હાજરી કે મહત્વનો અહેસાસ કરાવવો પડે, એ સંબંધમાં પછી પ્રેમ નથી રહેતો, માત્ર ભીખ બની જાય છે.

તમારું મૂલ્ય એ લોકો પાસે ન શોધો જેમને તમારી કદર નથી. યાદ રાખો, હીરાની પરખ ઝવેરી જ કરી શકે, કાચના વેપારી નહીં.

પવન માકનનો સંકેત:

જીવનમાં એવા લોકોની ભીડ જમા કરવા કરતા એવા બે-ચાર લોકોની કદર કરો જેમના શબ્દો ભલે ઓછા હોય, પણ જેમનું વર્તન હંમેશા તમને એવું અનુભવાવે કે 'હા, તું મારા માટે ખાસ છે.'

જેના જીવનમાં તમારું મહત્વ હશે ને સાહેબ, તેને કહેવું નહીં પડે... એનું વર્તન જ તમારી દુનિયા મહેકાવી દેશે!

# બાળ મજૂરી નાબૂદી ટાસ્ક ફોર્સનો સપાટો:હેપ્પી હોમ ગર્લ્સ PGમાં માસિક ત્રણ હજાર પગારથી મજૂરી કરતા 13 વર્ષીય બાળકને છોડાવાયો

## બાળ શ્રમિકોને શોધવા માટે તપાસ અભિયાન હાથ ધર્યું હતું




ગાંધીનગર : ગાંધીનગરના સેક્ટર-6 વિસ્તારમાં આવેલા હેપ્પી હોમ ગર્લ્સ પીજી આવાસમાં માસૂમ બાળપણને મજૂરીની ભટ્ટીમાં હોમવામાં આવતું હોવાનો પર્દાફાશ થયો છે. જિલ્લા બાળ મજૂરી નાબૂદી ટાસ્ક ફોર્સે દરોડો પાડીને 13 વર્ષ અને 8 મહિનાની વયના એક કિશોરને બાળ મજૂરીની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યો છે.આ મામલે સરકારી શ્રમ અધિકારી દ્વારા સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં પીજી સંચાલક અને રસોઈયા વિરુદ્ધ ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે. ગાંધીનગર કલેક્ટરની સૂચનાથી બાળ મજૂરી નાબૂદી ટાસ્ક ફોર્સે ગત 1 મેના રોજ શહેરમાં બાળ શ્રમિકોને શોધવા માટે તપાસ અભિયાન હાથ ધર્યું હતું. આ તપાસ દરમિયાન સેક્ટર-6/સીમાં પ્લોટ નંબર 807 પર આવેલા હેપ્પી હોમ ગર્લ્સ પીજીમાં ટીમે તપાસ કરતા એક 13 વર્ષીય બાળક રસોડામાં હેલ્પર તરીકે શાકભાજી સમારવાનું કામ કરતા મળી આવ્યો હતો. ટાસ્ક ફોર્સે તાત્કાલિક કાર્યવાહી કરીને આ બાળકને ત્યાંથી મુક્ત કરાવી સેક્ટર-17 સ્થિત બાળ સંરક્ષણ ગૃહમાં આશ્રય અપાવ્યો હતો. 3 હજારના માસિક પગારમાં માસૂમને ગાંધીનગર બોલાવ્યો બાદમાં વધુ તપાસમાં બહાર આવ્યું છે કે, મૂળ રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના તીરોલ ગામનો વતની એવો આ બાળક છેલ્લા ત્રણ મહિનાથી અહીં મજૂરી કરી રહ્યો હતો. પીજીમાં રસોઈયા તરીકે કામ કરતા લાલસિંગ કુંભાવતે આ માસૂમ બાળકને તેના વતનથી માત્ર 3000 રૂપિયાના માસિક પગાર પર ગાંધીનગર બોલાવ્યો હતો.

14 વર્ષથી ઓછી ઉંમરના બાળકને વ્યવસાયમાં રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ જ્યારે પીજીના માલિક રવિકાન્ત વલ્લભભાઈ પટેલ ઉર્ફે રવીભાઈ પટેલના(રહે . ગુરુકૃપા પીજી, કુડાસણ, મૂળ, જૂનાગઢ) વતનનો હોવાના નાતે તેને રસોડાની મદદ માટે રાખવામાં આવ્યો હોવાની કેફિયત રસોઈયાએ આપી હતી. કાયદા મુજબ 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકને કોઈપણ વ્યવસાયમાં રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ હોવા છતાં આ ગંભીર ગુનો આચરવામાં આવ્યો હતો. આ મામલે ગાંધીનગરના સરકારી શ્રમ અધિકારી ગીરીશકુમાર હીરાલાલ સિંધાવતે હેપ્પી હોમ ગર્લ્સ પીજીના માલિક રવિકાન્ત પટેલ અને રસોઈયા લાલસિંગ વિરુદ્ધ બાળ અને કિશોર મજૂર અધિનિયમ હેઠળ સેક્ટર-7 પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી છે.

**હુમલામાં મોત**

દર્શન કરી પરત ફરતા સમયે બની ઘટના

# પ્રેમ લગ્નનો લોહિયાળ અંજામ, ગલ્લે ઊભેલા આધેડનું 4 શખસોના જીવલેણ હુમલામાં મોત

## અમદાવાદના રાજીવ નગર ચાર રસ્તા પાસે ગઈકાલે રાત્રે હત્યાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી



અમદાવાદ : અમદાવાદના રાજીવ નગર ચાર રસ્તા પાસે ગઈકાલે રાત્રે હત્યાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. આ ઘટનામાં 52 વર્ષીય નટુભાઈ પરમાર નામની વ્યક્તિ પર ચાર શખસે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધા હતા. સમગ્ર ઘટનાના દ્રશ્યો સીસીટીવી (CCTV)માં કેદ થઈ ગયા પછી પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું છે કે, આ હુમલો પ્રેમ લગ્નની અદાવત ધ્યાનમાં રાખીને કરાયો હતો. મળતી માહિતી મુજબ, મૃતક નટુભાઈ કલાભાઈ પરમાર ગઈકાલે રાત્રે 8 વાગ્યાની આસપાસ મેલડી માતાના મંદિરે દીવાબત્તી કરવા ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે તે જ્યારે એક ગલ્લા પાસે ઊભા હતા, ત્યારે પાછળથી આવેલા ચાર હુમલાખોરોએ તેમના પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલા બાદ ગંભીર હાલતમાં નટુભાઈને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આંતરજ્ઞાતિય લગ્ન અને જૂની અદાવતનું કારણ

મૃતકના બહેને હુમલા પાછળનું કારણ જણાવતા ગંભીર આક્ષેપો કર્યા છે. તેઓના જણાવ્યાનુસાર, પરિવારના એક યુવકે બીજી જ્ઞાતિની યુવતી સાથે લગ્ન કર્યા હતા. પ્રાથમિક માહિતી પ્રમાણે, આ બાબતની અદાવત રાખીને યુવતીના કાકા-મામાના છોકરાઓએ ભેગા મળીને નટુભાઈ પર હુમલો કર્યો હોઈ શકે છે. જો કે, હુમલાખોરોને તેઓ રૂબરૂ ઓળખતા નથી પરંતુ આ જૂની અદાવતને કારણે જ આ બનાવ બન્યો હોવાનું તેઓનું માનવું છે.

બે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ અને પંચનામાની કાર્યવાહી

ઘટનાને પગલે પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. અત્યારે મૃતકના દેહને પંચનામા માટે સોલા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ મામલે સેટેલાઈટ અને આનંદનગર એમ બંને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. મૃતકના પુત્ર કૌશિક નટુભાઈ પરમારને આ કેસમાં ફરિયાદી તરીકે નોંધવામાં આવ્યા છે. પોલીસ હાલ સીસીટીવી ફૂટેજના આધારે હુમલાખોરોની ઓળખ કરી રહી છે અને તેઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, હત્યા બાદ મૃતક પરિવારના સમર્થનમાં ટોળાએ રોડ ઉપર ઉતરી આવ્યું હતું. રાજીવ નગરથી જીવરાજ તરફ જવાનો રસ્તો સ્થાનિકોએ બંધ કરી દીધો હતો. જેને લઈને પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે સવાલો

# SG હાઈવે પર બ્રિજના કામ માટે મૂકેલું બેરિકેડ પડતા રિક્ષા પલટી ગઈ, પતરું વાગતા મુસાફરનું મોત

**મુસાફરનું મોત**

YMCA ક્લબ નજીક બ્રિજના કામ દરમિયાન ટ્રાફિક ડાયવર્ઝન માટે લગાવવામાં આવેલું બેરિકેડ અચાનક પડતા



અમદાવાદ : અમદાવાદના એસ.જી. હાઈવે પર વધુ એક વખત નિર્માણ કાર્ય દરમિયાન ગંભીર બેદરકારીને કારણે નિર્દોષ વ્યક્તિએ જીવ ગુમાવવો પડ્યો છે. YMCA ક્લબ નજીક બ્રિજના કામ દરમિયાન ટ્રાફિક ડાયવર્ઝન માટે લગાવવામાં આવેલું બેરિકેડ અચાનક પડતા, ત્યાંથી પસાર થતી રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. આ ઘટનામાં એક મુસાફરનું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

મળતી માહિતી અનુસાર, વૈષ્ણોદેવીથી સનાથલ તરફ જઈ રહેલી પાંચ મુસાફરો સાથેની રિક્ષાને અકસ્માત નડ્યો હતો. જ્યારે રિક્ષા આગળથી એક બસ પસાર થઈ ત્યારે તેના પવનના કારણે રોડ પર મૂકેલું ભારે બેરિકેડ (પતરું) રિક્ષા પર પડ્યું હતું, જેના કારણે રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં રિક્ષા ચાલકનો બચાવ થયો છે, પરંતુ પાછળ બેઠેલા અજય નામના યુવકનું મૃત્યુ થયું હતું. જ્યારે અન્ય મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. નોંધનીય છે કે, બિહારથી અમદાવાદમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરી અર્થે આવેલા શ્રમિકો સવાર હતા.

આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને 108ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને કાટમાળમાંથી બહાર કાઢી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલ પહોંચતા ડોક્ટરોએ એક મજૂરને મૃત જાહેર કર્યો હતો, જ્યારે અન્ય મુસાફરો હાલ ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે.બ્રિજના ચાલુ બાંધકામ દરમિયાન સુરક્ષાના માપદંડોના અભાવને કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવે છે. ડાયવર્ઝન માટે મૂકેલા પતરા યોગ્ય રીતે ફિક્સ ન કરવામાં આવ્યા હોવાથી તે રિક્ષા પર પડ્યા હતા. હવે સવાલ એ ઉઠી રહ્યો છે કે શું તંત્ર દ્વારા કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે? આ પ્રકારની ગંભીર બેદરકારી હજુ કેટલા નિર્દોષ લોકોના મોતનું કારણ બનશે તેવો આક્રોશ લોકોમાં જોવા મળી રહ્યો છે.

પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધીને બ્રિજની કામગીરીમાં સુરક્ષામાં ચૂક રહી ગઈ છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# થરાદ નજીક ભારતમાલા હાઈવે પોલીસ ચોકીનો વીડિયો વાયરલ હેડ કોન્સ્ટેબલ પર વાહન ચાલકને માર મારવાનો આક્ષેપ

## વાયરલ વીડિયોમાં હેડ કોન્સ્ટેબલ દ્વારા વાહન ચાલક સાથે મારપીટ કરવામાં આવી હોવાના આક્ષેપો સામે આવ્યા છે

• અહેવાલ : રાજેશભાઈ જોષી – થરાદ



થરાદ તાલુકાના વાતડાઉ નજીક આવેલ ભારતમાલા હાઈવે પોલીસ ચોકી પર ફરજ બજાવતા એક હેડ કોન્સ્ટેબલનો વાહન ચાલક સાથેનો વિવાદાસ્પદ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચર્ચા જાગી છે. વાયરલ વીડિયોમાં હેડ કોન્સ્ટેબલ દ્વારા વાહન ચાલક સાથે મારપીટ કરવામાં આવી હોવાના આક્ષેપો સામે આવ્યા છે.

મળતી માહિતી મુજબ વાહન ચાલકે પોલીસની કામગીરીનો વીડિયો ઉતાર્યો હતો, જેને લઈને હેડ કોન્સ્ટેબલ ઉશ્કેરાઈ ગયા હતા અને "વિડિયો કેમ ઉતાર્યો" કહી વાહન ચાલકને માર માર્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વાયરલ વીડિયોમાં પોલીસ કર્મચારી દ્વારા અભદ્ર ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો અવાજ પણ સંભળાઈ રહ્યો હોવાનું લોકો કહી રહ્યા છે.આ ઘટનાને લઈને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. કાયદાનું રક્ષણ કરનાર પોલીસ જ કાયદો હાથમાં લેતી હોવાના આક્ષેપો સાથે લોકો સોશિયલ મીડિયામાં પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. "રક્ષક જ ભક્ષક બન્યા" જેવી ટિપ્પણીઓ પણ જોવા મળી રહી છે. ઘટનાનો વીડિયો વાયરલ થતાં ગુજરાત પોલીસ તેમજ થરાદ પોલીસની છબી પર પણ સવાલો ઊભા થયા છે. હવે જિલ્લા પોલીસવડા દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરી સંબંધિત હેડ કોન્સ્ટેબલ સામે શું કાર્યવાહી કરવામાં આવે છે તે તરફ લોકોની નજર મંડાઈ છે.

# ગુજરાતમાં જૂનથી શરૂ થશે વસ્તી ગણતરીનો મહાકુંભ!

## દેશની ૧૬મી વસ્તી ગણતરીનો પ્રારંભ: દરેક પરિવારને પૂછાશે 33 સવાલો, ડિજિટલ માધ્યમથી 'સ્વ-ગણતરી'નો પણ મળશે વિકલ્પ.

અમદાવાદ:ભારતની ૧૬મી વસ્તી ગણતરીની હલચલ હવે ગુજરાતમાં તેજ થઈ ગઈ છે. રાજ્યમાં આગામી જૂન મહિનાથી વસ્તી ગણતરી કાર્યનો સત્તાવાર પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ પ્રક્રિયા આધુનિક અને ડિજિટલ ભારતની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સંપૂર્ણપણે હાઈ-ટેક હશે. વહીવટીતંત્રે આ અભિયાનના સફળ અમલીકરણ માટે કમર કસી લીધી છે.

બે તબક્કામાં સંપન્ન થશે કામગીરી:

આયોજન મુજબ, આ વિશાળ અભિયાનને બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે:

* પ્રથમ તબક્કો (મકાનોની યાદી): જૂનથી શરૂ થનારા પ્રથમ તબક્કામાં મુખ્યત્વે દરેક ઘરની વિગતો એકત્ર કરવામાં આવશે. જેમાં મકાનની બનાવટ અને પરિવારની પાયાની સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

* બીજો તબક્કો (વસ્તી ગણતરી): ત્યારબાદ નાગરિકોની વ્યક્તિગત માહિતી અને વસ્તીના ચોક્કસ આંકડા એકત્ર કરવામાં આવશે.

૩૩ સવાલો દ્વારા નોંધાશે વિગતો:

જ્યારે ગણતરી કરનાર કર્મચારીઓ તમારા ઘરે પહોંચશે, ત્યારે તેઓ પરિવારના વડાને કુલ ૩૩ મહત્વપૂર્ણ સવાલો પૂછશે. જેમાં મુખ્યત્વે નીચેની બાબતોનો સમાવેશ થશે:

* પીવાના પાણીનો સ્ત્રોત અને શૌચાલયની સુવિધા.

* ઘરમાં ઉપલબ્ધ વાહનો (ટુ-વ્હીલર/ફોર-વ્હીલર).

* ઈન્ટરનેટ અને ડિજિટલ ઉપકરણોની ઉપલબ્ધતા.

* શિક્ષણ, વ્યવસાય અને પરિવારના સભ્યોની વિગત.

પહેલીવાર 'સ્વ-ગણતરી'ની સુવિધા:

આ વસ્તી ગણતરીની સૌથી મોટી વિશેષતા એ છે કે નાગરિકોને 'સ્વ-ગણતરી' (Self-Enumeration)નો અધિકાર આપવામાં આવ્યો છે.

## આનંદની ફોજ

હળવો થઈ ગયો પરીક્ષાનો બોજ,
નિશાળમાં પડી ગઈ રજાઓ રોજ.
આવો બાલમિત્રો ખૂબ કરીએ મોજ,
વેકેશન લઈ આવ્યું આનંદની ફોજ..!
રમત - ગમત - ચિત્ર - સંગીતની,
રોજ કરીએ નિત્ય નવી નવી ખોજ,
જીવનમાં ઉમંગના નવરંગ ભરતાં,
વેકેશન લઈ આવ્યું આનંદની ફોજ..!
બાગ-બગીચા-ખેતરો-વાડી ખૂંદીને,
નહાવા જઈશું નદી - તળાવ ને હોજ.
'નિશુ' કહે પ્રકૃતિ સાથે ગીતડાં ગાતાં,
વેકેશન લઈ આવ્યું આનંદની ફોજ..!

નિશા ભરતભાઈ ઠાકર "નિશુ"
ભુજ - કચ્છ - ગુજરાત.
મોબાઈલ : 7990298954.

૧૦૦થી વધુ બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા; પરંપરાગત શિક્ષણની સાથે આધુનિક ટેકનોલોજીનો સમન્વય આકર્ષણનું કેન્દ્ર.

# ડભોઈમાં ગુલશને મદીના ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ સમારોહ યોજાયો



ડભોઈ:ડભોઈના કાજીવાડ વિસ્તારમાં આવેલી ગુલશને મદીના ટ્રસ્ટ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વાર્ષિક પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ માટે ભવ્ય ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મદ્રસામાં અભ્યાસ કરતા ૧૦૦થી વધુ તેજસ્વી બાળકોને પરિણામ પત્રકો અને પ્રોત્સાહક ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગુલશને મદીના એરેબિક એકેડમીની સ્થાપના ૧ જૂન, ૨૦૨૪ના રોજ કરવામાં આવી હતી. આજે વર્ષ ૨૦૨૬માં આ સંસ્થાએ સફળતાપૂર્વક બે વર્ષ પૂર્ણ કર્યા છે. અત્યંત ટૂંકા ગાળામાં સંસ્થાએ શૈક્ષણિક ક્ષેત્રે હરણફાળ ભરી છે, જ્યાં હાલ ૧૦૦થી વધુ બાળકો દીની (ધાર્મિક) અને દુન્યવી (લૌકિક) શિક્ષણ મેળવી રહ્યા છે.

આધુનિક ટેકનોલોજી અને શિક્ષણ:

આ એકેડમીની મુખ્ય વિશેષતા એ છે કે અહીં પ્રાચીન પરંપરાગત શિક્ષણની સાથે બાળકોને 'સ્માર્ટ આધુનિક ટેકનોલોજી એજ્યુકેશન' દ્વારા સજ્જ કરવામાં આવે છે. સંસ્થામાં હાલ નાઝરા ક્લાસ, હાફીઝ ક્લાસ અને આલીમ ક્લાસ જેવા મહત્વના અભ્યાસક્રમો કાર્યરત છે.

મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ:

કાર્યક્રમમાં સંસ્થાના મુતવલ્લી જનાબ શબ્બીરભાઈ શેખ અને નાઝીમે આલા મૌલાના ગુલામ યાસીન અશરફી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મૌલાના યાસીન અશરફીએ જણાવ્યું હતું કે, 'અલહમ્દુલિલ્લાહ, બે વર્ષના ટૂંકા ગાળામાં અમે બાળકોને દીની શિક્ષણની સાથે આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવામાં સફળ રહ્યા છીએ.'

આ પ્રસંગે બાળકો અને વાલીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. તમામ સફળ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપી તેમના ઉજ્જવળ ભવિષ્યની દુઆઓ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# ‘મોદીતત્ત્વ’ અને ‘RSSની વિચારધારા’ ભણ્યા પછી શું નોકરી મળશે? જાણો શું કહે છે શિક્ષણવિદો અને નિષ્ણાતો!

### અભ્યાસક્રમમાં નવા વિષયોના સમાવેશથી વિવાદ; જ્ઞાન વધશે કે બેરોજગારી? શિક્ષણ જગતમાં ગરમાવો

અમદાવાદ: તાજેતરમાં શૈક્ષણિક અભ્યાસક્રમોમાં ‘મોદીતત્ત્વ’ (Moditva) અને ‘RSSની વિચારધારા’ જેવા વિષયોના સમાવેશને લઈને સમગ્ર દેશ સહિત ગુજરાતના શૈક્ષણિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. એક તરફ સમર્થકો તેને રાષ્ટ્રવાદ અને ભારતીય મૂલ્યોના શિક્ષણ તરીકે જોઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ વિદ્યાર્થીઓ અને વાલીઓના મનમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે - ‘શું આ વિષયો ભણ્યા પછી નોકરી મળશે?‘

શિક્ષણ જગતના નિષ્ણાતો આ મુદ્દે બે ભાગમાં વહેંચાયેલા જોવા મળે છે:

૧. વ્યાવહારિક કૌશલ્ય વિરુદ્ધ વિચારધારા:ઘણા નિષ્ણાતોનું માનવું છે કે આજનો યુગ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડેટા સાયન્સ અને ટેકનોલોજીનો છે. કોર્પોરેટ સેક્ટરમાં જ્યારે ભરતી થાય છે, ત્યારે ઉમેદવારનું લોજિકલ રીઝનિંગ અને ટેકનિકલ નોલેજ જોવામાં આવે છે. જો અભ્યાસક્રમમાં વિચારધારા પર વધુ ભાર મુકાશે, તો વિદ્યાર્થીઓ વૈશ્વિક સ્પર્ધામાં પાછળ રહી શકે છે.

૨.વહીવટી અને રાજકીય ક્ષેત્રે તક:

બીજી તરફ, કેટલાક વિશ્લેષકોનું કહેવું છે કે જે વિદ્યાર્થીઓ પબ્લિક એડમિનિસ્ટ્રેશન, પોલિટિકલ સાયન્સ અથવા સમાજસેવા જેવા ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવા માંગે છે, તેમના માટે વર્તમાન ભારતની રાજકીય વિચારધારાને સમજવી જરૂરી છે. જોકે, માત્ર આ વિષયોના આધારે ખાનગી ક્ષેત્રમાં નોકરી મળવી મુશ્કેલ છે.

વિદ્યાર્થીઓનો ડર:યુનિવર્સિટીઓમાં ભણતા વિદ્યાર્થીઓનું કહેવું છે કે, ડિગ્રી લીધા પછી કંપનીઓ ’સ્કિલ’ માંગે છે, ’વિચારધારા’ નહીં. જો સિલેબસમાં આધુનિક વિષયોને બદલે માત્ર વિચારધારાને સ્થાન આપવામાં આવશે, તો પદવીધારકોની બેરોજગારી વધવાની ભીતિ છે.

સરકારનો તર્ક:સરકાર અને સંલગ્ન સંસ્થાઓનું માનવું છે કે આ વિષયો દ્વારા વિદ્યાર્થીઓમાં દેશના નેતૃત્વની શૈલી અને મૂળભૂત ભારતીય ચિંતનનો વિકાસ થશે, જે તેમને એક જવાબદાર નાગરિક બનાવવામાં મદદરૂપ થશે.

# સુરત પોલીસને લૂંટારાઓનો પડકાર! SBIમાં 50 લાખની લૂંટ કરનારી ટોળકીએ વરાછામાંથી જ બાઈક ચોરી ખેલ પાડ્યો

સુરત:સુરત પોલીસ, જે સામાન્ય રીતે વેશપલટો કરીને ગમે તેવા રીઢા ગુનેગારોને શોધી કાઢવા માટે જાણીતી છે, તેને અત્યારે લૂંટારાઓની એક ટોળકીએ જોરદાર હંફાવી છે. વરાછા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) માં ધોળા દિવસે 50 લાખ રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયેલી ટોળકીએ પોલીસના નાકમાં દમ કરી દીધો છે. તપાસ દરમિયાન ખુલાસો થયો છે કે લૂંટારુઓએ લૂંટ માટે વપરાયેલું બાઈક પણ વરાછા વિસ્તારમાંથી જ ચોર્યું હતું.પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે કે લૂંટમાં વપરાયેલું ‘સ્પ્લેન્ડર’ બાઈક લૂંટના થોડા સમય પહેલા જ વરાછા વિસ્તારમાંથી ચોરવામાં આવ્યું હતું. લૂંટારુઓએ ખૂબ જ શાતિરતાથી પ્લાનિંગ કર્યું હતું .

**બોડી ચેકઅપ**

### AIની મદદથી હિમોગ્લોબિન અને ઓક્સિજન લેવલ સેકન્ડોમાં જાણી શકાશે

# સેક્ટર-3 આરોગ્ય કેન્દ્રમાં લોહીના નમૂના વગર માત્ર ફેસ રીડિંગથી જ સંપૂર્ણ બોડી ચેકઅપ થઈ શકશે

### સામાન્ય નાગરિકો માટે હેલ્થ ચેકઅપને સરળ, પીડામુક્ત અને ઝડપી બનાવતી એક ક્રાંતિકારી વ્યવસ્થા છે

• ગાંધીનગર

ગાંધીનગરના નાગરિકો માટે હવે ડૉક્ટર પાસે જઈને કલાકો સુધી રિપોર્ટની રાહ જોવાની પરંપરા જૂની થઈ જશે. ગુજરાત સ્થાપના દિવસના અવસરે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેક્ટર-3 ના આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે જે AI આધારિત આરોગ્ય સેવા શરૂ કરવામાં આવી છે.તેની સૌથી મોટી ખાસિયત તેની અદભૂત યુટિલિટી એટલે કે ઉપયોગિતા છે. આ સેવા માત્ર એક મશીન નથી પણ સામાન્ય નાગરિકો માટે હેલ્થ ચેકઅપને સરળ, પીડામુક્ત અને ઝડપી બનાવતી એક ક્રાંતિકારી વ્યવસ્થા છે.સેક્ટર-3 ખાતે આવેલા આયુષ્માન આરોગ્ય મંદિરમાં અત્યાધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી આધારિત આરોગ્ય સેવાઓનો વિધિવત રીતે પ્રારંભ કરવામાં આવ્યો છે. મેયર મીરાબેન પટેલના હસ્તે શરૂ થયેલી આ સુવિધાની કાર્યપદ્ધતિ સામાન્ય



બ્લડ ટેસ્ટ કરતા તદ્દન અલગ છે. સામાન્ય રીતે ડાયાબિટીસ કે હિમોગ્લોબિન તપાસવા માટે સોય ભોંકીને બ્લડ સેમ્પલ લેવું પડે છે, જેનાથી ઘણા લોકો, ખાસ કરીને બાળકો અને વૃદ્ધો ડરતા હોય છે. પરંતુ, આ AI સેન્ટર ખાતે નોન ઈન્વેસિવ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે એટલે કે, શરીરમાંથી લોહીનો એક ટીપું પણ લીધા વગર સેન્સર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી લોહીમાં સુગરનું પ્રમાણ, હિમોગ્લોબિન અને ઓક્સિજન લેવલ જેવી બાબતો સેકન્ડોમાં જાણી શકાય છે. આ કેન્દ્રની ઉપયોગિતાનો બીજો મહત્વનો પાસું તેની વ્યાપક તપાસ ક્ષમતા છે. એક જ સ્થળે નાગરિકો બ્લડ પ્રેશર, હૃદયના ધબકારા, ફેફસાની કાર્યક્ષમતા અને શરીરમાં રહેલા ફેટ (BMI) ના રિપોર્ટ ત્વરિત મેળવી શકશે.

આ ડેટા AI દ્વારા એનાલાઈઝ થતો હોવાથી તેમાં માનવીય ભૂલની શક્યતા નહિવત રહે છે અને સચોટતા જળવાઈ રહે છે. કામકાજની વ્યસ્તતા ધરાવતા લોકો જેઓ સમયના અભાવે રૂટિન ચેકઅપ કરાવી શકતા નથી તેમના માટે આ સુવિધા વરદાનરૂપ છે. કારણ કે અહીં સંપૂર્ણ પ્રાથમિક નિદાન માટે માંડ 5થી 10 મિનિટનો સમય લાગે છે.ઉપરાંત આ પ્રોજેક્ટમાં માનસિક સ્વાસ્થ્યને જે રીતે વણી લેવામાં આવ્યું છે તે સરાહનીય છે. અત્યાર સુધી માનસિક તણાવ કે ડિપ્રેશન જેવી બાબતો છુપાવવામાં આવતી હતી પરંતુ, અહીં લગાવવામાં આવેલું ફેસ રીડિંગ સોફ્ટવેર ચહેરાના સ્નાયુઓના હલનચલન પરથી સ્ટ્રેસ લેવલ માપી આપે છે. આ ડાયગ્નોસિસ દ્વારા નાગરિકોને ખબર પડી શકશે કે તેમને માનસિક વિશ્રામ કે કાઉન્સેલિંગની જરૂર છે કે નહીં.આમ શારીરિક અને માનસિક એમ બંને પ્રકારના સ્વાસ્થ્યનું નિદાન એક જ છત નીચે ઉપલબ્ધ બન્યું છે.ખાનગી કંપનીના સહયોગથી કાર્યરત આ સેન્ટરનો લાભ લેવા માટે કોઈ જટિલ પ્રક્રિયા કરવાની રહેતી નથી. સામાન્ય નાગરિકો સેક્ટર-3ના સેન્ટર પર જઈને આધુનિક મશીનો દ્વારા પોતાનું સ્વાસ્થ્ય કાર્ડ તૈયાર કરાવી શકશે. મેયરે આ પ્રસંગે જણાવ્યું કે, ટેકનોલોજીનો અસલી ઉપયોગ ત્યારે જ ગણાય જ્યારે તે સામાન્ય માણસની મુશ્કેલીઓ ઓછી કરે. આ AI સેન્ટર નગરજનો માટે બીમારી આવતા પહેલાની સાવચેતી માટે ગેમ ચેન્જર સાબિત થશે.એટલે ગાંધીનગર હવે માત્ર વહીવટી પાટનગર જ નહીં પણ ટેકનોલોજીના માધ્યમથી નાગરિક સુવિધા પૂરી પાડતું હેલ્થ સ્માર્ટ સિટી પણ બની રહ્યું છે. જોકે આ એક પાયલોટ પ્રોજેક્ટ સ્વરૂપે કાર્યરત કરાયો છે. જેમાં સફળતા મળશે તો અન્ય સેન્ટરોમાં પણ આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.

### વિદેશી દારૂની હાટડી ચલાવતો ફોલ્ડર ઝડપાયો

# ગાંધીનગરના રીઢા લિસ્ટેડ બુટલેગરના પુત્રએ પણ પરંપરાગત ધંધામાં ઝંપલાવ્યું, પિતા, પુત્ર -માતા વિરુદ્ધ પણ ગુનો નોંધાયો

**ગુનો નોંધાયો**


### બુટલેગર સહિત તેની પત્ની પુત્રની ત્રિપુટી ચલાવતા હોવાનો ઘટસ્ફોટ થતા પોલીસે તમામ વિરુધ ગુનો દાખલ કર્યો છે

• ગાંધીનગર

ગાંધીનગરના ધોળાકુવાના રીઢા લિસ્ટેડ બુટલેગર મુકેશ ગણેશજી ઠાકોરના પુત્રએ પણ પરંપરાગત ધંધામાં સક્રિય થયો હોવાનું ઈન્ફોસિટી પોલીસના દરોડામાં પર્દાફાશ થયો છે. પોલીસે ગઈકાલે રાતે ધોળાકુવા ગામની પાણીની ટાંકી પાસેથી એક્ટિવામાં વિદેશી દારૂની હાટડી ચલાવતા ફોલ્ડરને 36 હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે. જેની પૂછતાછમાં દારૂના વેચાણનું નેટવર્ક વોન્ટેડ રીઢા બુટલેગર સહિત તેની પત્ની પુત્રની ત્રિપુટી ચલાવતા હોવાનો ઘટસ્ફોટ થતા પોલીસે તમામ વિરુધ ગુનો દાખલ કર્યો છે.

એક કહેવત છે ...વડ એવા ટેટા અને બાપ એવા બેટા .. બસ આજ કહેવત મુજબ ગાંધીનગર પોલીસ માટે માથાનો દુખાવા રૂપ ધોળકુવાના રીઢા લિસ્ટેડ બુટલેગર મુકેશ ગણેશજી ઠાકોરના યુવાન પુત્રએ પણ પરંપરાગત ધંધામાં ઝંપલાવી વિદેશી દારૂના વેચાણ માટે દૈનિક 500 રૂપિયાના ભાડા પર ફોલ્ડરોને એક્ટિવ કર્યા હોવાના ઈન્ફોસિટી પોલીસના દરોડામાં પર્દાફાશ થયો છે.

ગાંધીનગર ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનના પીઆઈ વિશાલ શાહની ટીમને પેટ્રોલિંગ દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે ધોળાકુવા ગામમાં બાપા સિતારામ પાણીની ટાંકી પાછળ બાવળની ઝાડીઓમાં પાર્થ ઠાકોર નામનો ઈસમ એક્ટિવાની ડેકીમાં વિદેશી દારૂ રાખીને વેચાણ કરી રહ્યો છે. આ હકીકતને આધારે



પોલીસે રાત્રિના સમયે રેઈડ કરી હતી.

ત્યારે પોલીસને જોઈને દારૂના લેવા આવેલા શખ્સોમાં નાસભાગ મચી ગઈ હતી.જોકે એક્ટિવા પર બેસી દારૂની હેરાફેરી કરતો વિપુલ મહોબતજી સોલંકી (ઠાકોર) ઝડપાઈ ગયો હતો, જ્યારે મુખ્ય સૂત્રધાર પાર્થ મુકેશજી ઠાકોર અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. બાદમાં પોલીસે એક્ટીવા (GJ-18-FA-9280) તપાસતા તેની ડેકી અને પ્લાસ્ટિકના થેલામાંથી રાજસ્થાનનો વિદેશી દારૂ બિયરનો જથ્થો મળી આવ્યો હતો.

જેના પગલે પોલીસે વિપુલ સોલંકીની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, આ દારૂનો ધંધો મુકેશજી ગણેશજી ઠાકોર, તેનો પુત્ર પાર્થ અને પત્ની આશાબેન ત્રણેય મળીને ચલાવે છે અને તેને દરરોજના 500 રૂપિયાના ભાડા પર દારૂ વેચાણ માટે રાખ્યો હતો. પોલીસે આ કાર્યવાહીમાં 10,560 રૂપિયાની કિંમતનો દારૂ, 25,000 રૂપિયાની કિંમતનું એક્ટીવા અને દારૂના વેચાણના રૂપિયા મળીને આશરે કુલ 36 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ મામલે પોલીસે વિપુલ સોલંકીની ધરપકડ કરી નાસી છૂટેલા પાર્થ ઠાકોર, મુકેશજી ઠાકોર તથા આશાબેન ઠાકોર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, ધોળાકુવાનો રીઢો લિસ્ટેડ બૂટલેગર મુકેશ ઠાકોર દોઢ દાયકા અગાઉથી દારૂનો વેપલો ચલાવી રહ્યો છે. જેના વિરુધ પાસાનું શસ્ત્ર પણ પોલીસ ઉગામી ચૂકી છે.

જોકે કાયદાની છટકબારીનો લાભ લઈ રીઢો બુટલેગર જામીન પર છૂટીને ફરી સક્રિય થઈ જાય છે. હવે તેનો પુત્ર પણ આ ધંધામાં એક્ટિવ થયો છે. ત્યારે આ રીઢા બુટલેગર કોના આશીર્વાદથી દારૂનું ખુલ્લેઆમ વેચાણ કરે એ પણ પોલીસ માટે તપાસનો વિષય છે.

# 5 થી 7 મે અડાલજ ત્રિમંદિરમાં ‘ચિંતન શિબિર-2026’નું આયોજન

### લેન્ડ ગવર્નન્સમાં મોટા સુધારાની દિશામાં ગુજરાતનો માસ્ટર પ્લાન

• ગાંધીનગર

ગુજરાતમાં જમીન વહીવટને વધુ પારદર્શક, ઝડપી અને ટેકનોલોજી આધારિત બનાવવા રાજ્ય સરકાર મોટા પગલાં લઈ રહી છે. આગામી 5થી 7મે દરમિયાન અડાલજ ત્રિમંદિરમાં મહેસૂલ વિભાગ દ્વારા ત્રિ-દિવસીય ‘ચિંતન શિબિર-2026’નું આયોજન કરવામાં આવ્યું છે. “વિઝન 2030: ગુજરાતમાં લેન્ડ ગવર્નન્સનું ભવિષ્ય” થીમ પર યોજાનારી આ શિબિરમાં રાજ્યના વહીવટી માળખાને વધુ મજબૂત બનાવવા માટે મનોમંથન કરવામાં આવશે.

આ શિબિરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા સહિત વરિષ્ઠ સચિવો, અધિકારીઓ અને વિષય નિષ્ણાતો ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘વિકસિત ભારત @ 2047’ના વિઝનને સાકાર



કરવા ગુજરાત અગ્રીમ ભૂમિકા ભજવશે અને તે માટે ‘વિકસિત ગુજરાત’નું લક્ષ્ય હાંસલ કરવું આવશ્યક છે.

શિબિર દરમિયાન જમીન વહીવટમાં ડિજિટલ ગવર્નન્સ, પેપરલેસ પ્રોપર્ટી રજીસ્ટ્રેશન, ઓનલાઈન કોર્ટ કેસ મેનેજમેન્ટ, આવક રેકોર્ડના ડિજિટાઈઝેશન અને અપડેશન જેવા મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા થશે. નાગરિકોને વધુ પારદર્શક અને ઝડપી સેવાઓ આપવા માટે વહીવટી પ્રક્રિયાઓમાં સુધારા લાવવાનો ખાસ ફોકસ રહેશે.

તે ઉપરાંત સર્વે-રીસર્વે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને નવી ટેકનોલોજીના ઉપયોગથી જમીન સંબંધિત સેવાઓ વધુ કાર્યક્ષમ બનાવવા વ્યૂહરચનાઓ ઘડાશે. ISRO, BISAG-N, IIT, IIM, IGNOU અને Survey of India જેવી અગ્રણી સંસ્થાઓના નિષ્ણાતો પણ ભાગ લઈને પોતાના અનુભવ શેર કરશે.

ચિંતન શિબિરના અંતે મહેસૂલ વિભાગ માટે સ્પષ્ટ, વ્યવહારુ અને અમલી બની શકે તેવો રોડમેપ તૈયાર કરવામાં આવશે. આ પહેલથી રાજ્યમાં લેન્ડ ગવર્નન્સમાં મોટા ફેરફારો થવાની સાથે નાગરિક કેન્દ્રિત વહીવટ વધુ મજબૂત બનવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# કિસ્મત ચમક્યું! શૌચાલયના વાંકે મેઈન ઉમેદવાર આઉટ, ડમી ઉમેદવાર પંચાયતમાં ’ઈન’

### ગરૂડેશ્વરની વવિયારા બેઠક પર ભાજપના ડમી ઉમેદવાર જીતેન્દ્ર વસાવાએ ’આપ ’ના વાવાઝોડા વચ્ચે 500+ મતોથી ભવ્ય જીત મેળવી.

રાજપીપળા:રાજકારણમાં ક્યારે કોનું નસીબ ખુલી જાય એ કહેવું મુશ્કેલ છે. ગરૂડેશ્વર તાલુકા પંચાયતની ચૂંટણીમાં એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેની ચર્ચા આખા નર્મદા જિલ્લામાં થઈ રહી છે. અહીં ભાજપના એક ડમી ઉમેદવારે ન માત્ર ચૂંટણી લડી, પણ વિરોધ પક્ષના મજબૂત ઉમેદવારને હરાવીને જીતનો સ્વાદ પણ ચાખ્યો છે.

ગરૂડેશ્વરની વવિયારા તાલુકા પંચાયત બેઠક માટે ભારતીય જનતા પાર્ટીએ રાજેશ હસમુખ ભીલને સત્તાવાર મેન્ડેટ આપ્યું હતું. નિયમ મુજબ સાવચેતીના ભાગરૂપે રાજેશ ભીલના ડમી ઉમેદવાર તરીકે જીતેન્દ્ર વિપિન વસાવાએ પણ ફોર્મ ભર્યું હતું. જોકે, ફોર્મ ચકાસણી દરમિયાન એક ચોંકાવનારી વિગત સામે આવી. મુખ્ય ઉમેદવાર રાજેશ ભીલના ઘરે શૌચાલય ન હોવાને કારણે ચૂંટણી અધિકારીએ તેમનું ફોર્મ રદ કરી દીધું હતું.મુખ્ય ઉમેદવારનું પત્તું કપાતા જ ડમી ઉમેદવાર જીતેન્દ્ર વસાવા મેદાનમાં આવ્યા. જે વ્યક્તિએ માત્ર નામ પૂરતું ફોર્મ ભર્યું હતું, તેને અચાનક ભાજપના સત્તાવાર ચહેરા તરીકે ચૂંટણી લડવાની જવાબદારી આવી પડી. જીતેન્દ્રએ કદાચ સપનામાં પણ વિચાર્યું નહીં હોય કે તેમને આ રીતે નસીબ સાથ આપશે.

’આપ’ના વાવાઝોડા વચ્ચે કમળ ખીલવ્યું:

ગરૂડેશ્વર તાલુકા પંચાયતમાં આ વખતે આમ આદમી પાર્ટીએ પ્રચંડ બહુમતી સાથે સત્તા મેળવી છે. આ ’આપ’ની લહેર વચ્ચે પણ જીતેન્દ્ર વસાવાએ પોતાની મહેનત અને કિસ્મતના જોરે આમ આદમી પાર્ટીના ઉમેદવારને 500થી વધુ મતોની સરસાઈથી પરાજય આપ્યો છે.

ચૂંટણીના જૂજ દિવસો બાકી હોવા છતાં જીતેન્દ્રએ રાત-દિવસ એક કરી પ્રચાર કર્યો અને મતદારોનો વિશ્વાસ જીતવામાં સફળ રહ્યા. આમ, વવિયારા બેઠક પર ‘મેઈન આઉટ અને ડમી પાસ‘ જેવો ઘાટ સર્જાયો છે.

# અંકલેશ્વરના કોસમડી પાસે બે બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત: ત્રણ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત



• અંકલેશ્વર,

અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામ નજીક આવેલા મોડા ફળિયા વિસ્તારમાં ગતરોજ એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. પદ્માવતી કોમ્પલેક્ષની સામે બે મોટરસાયકલ સામસામે ધડાકાભેર અથડાતા સર્જાયેલા આ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી છે.

ઘટનાની વિગત મુજબ, કોસમડીના મોડા ફળિયા પાસે માર્ગ પરથી પસાર થઈ રહેલી બે બાઈકો વચ્ચે કોઈ કારણોસર જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ભીષણ હતો કે બન્ને બાઈક પર સવાર વ્યક્તિઓ રોડ પર ફંગોળાયા હતા અને તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતનો અવાજ સાંભળી આસપાસના રહીશો અને રાહદારીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા.

### કુંઢેલાથી બુંજેઠા સુધી રોપેલા 10,000 છોડ માવજતના અભાવે સુકાયા

# ડભોઈ સ્ટેટ હાઈવે પર વૃક્ષારોપણના નામે લાખોનું ‘પાણી’ ગયું ક્યાં? 20 લાખનો ધુમાડો!

ડભોઈ: એક તરફ સરકાર ’ગ્રીન ગુજરાત’ના નારા લગાવી પર્યાવરણ બચાવવાની વાતો કરે છે, તો બીજી તરફ સરકારી બાબુઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત જીવતા જાગતા છોડવાઓને પાણી વગર મારી રહી હોય તેવો કિસ્સો ડભોઈમાં સામે આવ્યો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU) જતાં પ્રવાસીઓ માટે રસ્તો રળિયામણો બને તે હેતુથી શરૂ કરાયેલો લાખોનો પ્રોજેક્ટ અત્યારે ભ્રષ્ટાચારની ભેટ ચઢી ગયો છે.

શું છે સમગ્ર કૌભાંડ?

ડભોઈના કુંઢેલાથી લઈને બુંજેઠા સુધીના સ્ટેટ હાઈવે પર અંદાજે 10,000 જેટલા ફૂલ-છોડ અને વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રવાસીઓને હરિયાળી અને સુંદરતાનો અનુભવ કરાવવાનો હતો. પરંતુ આજે સ્થિતિ એવી છે કે આ રોપાઓ માત્ર કાગળ પર જ જીવતા હોય તેવું લાગે છે.

20 લાખનું પાણી ક્યાં ગયું?

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સ્ટેટ



હાઈવેના અધિકારીઓએ આ રોપાઓની જાળવણી અને તેમાં નિયમિત પાણી છાંટવા માટે કોન્ટ્રાક્ટરને 20 લાખ રૂપિયાથી વધુની માતબર રકમનો કોન્ટ્રાક્ટ આપ્યો છે. આમ છતાં, જમીની હકીકત કંઈક અલગ જ છે:

*પાણીનો અભાવ: કોન્ટ્રાક્ટર દ્વારા નિયમિત પાણી છાંટવામાં આવતું નથી, જેને કારણે રોપાઓ સુકાઈને લાકડા થઈ ગયા છે.

* રોપા ગાયબ: દેખરેખના અભાવે અનેક જગ્યાએથી કિંમતી રોપા ગાયબ થઈ ગયા છે.

*જવાબદારી શૂન્ય: સરકારની તિજોરીમાંથી લાખો રૂપિયા પાણીની જેમ વહાવી દેવાયા, પણ છોડવાઓને એક ટીપું પાણી ન મળ્યું.

તપાસની ઉઠી માંગ:

પ્રવાસીઓના આકર્ષણ માટે કરવામાં આવેલું આ આંધણ અધિકારીઓની બેદરકારીને કારણે એળે ગયું છે. લોકોમાં ચર્ચા છે કે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોએ મળીને આ રકમ ઓહિયાં કરી લીધી છે. પર્યાવરણ પ્રેમીઓ અને સ્થાનિક જનતા હવે આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસની અને જવાબદારો સામે કડક પગલાં લેવાની માંગ કરી રહ્યા છે.

# પોરબંદર મહાનગરપાલિકામાં ૭૫ બેંક ખાતાઓનો મુદ્દો ગરમાયો, બસપા દ્વારા ભ્રષ્ટાચારની તપાસની માંગ

## વર્ષ ૨૦૨૫-૨૬ના હિસાબનું ઓડિટ ન થવાનો આક્ષેપ : આરટીઆઈમાં ખુલાસા બાદ રાજકીય ગરમાવો

• ગોસા(ઘેડ) તા.૦૩

પોરબંદર મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારના આક્ષેપો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. બહુજન સમાજ પાર્ટી (બસપા) ના પ્રભારી દિનેશ માંડવીયાએ મહાનગરપાલિકાના વિવિધ બેંકોમાં કુલ આશરે ૭૫ જેટલા ખાતાઓ હોવાની બાબતે ગંભીર સવાલો ઉઠાવ્યા છે અને સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે.

માંડવીયાના જણાવ્યા અનુસાર, આરટીઆઈ હેઠળ મળેલી માહિતી મુજબ મહાનગરપાલિકા પાસે સરકારી અને ખાનગી બેંકોમાં મોટી સંખ્યામાં ખાતાઓ છે. જેમાં એસબીઆઈ, બેંક ઓફ બરોડા, આઈસીઆઈસીઆઈ, કેનેરા બેંક, ઈન્ડિયન બેંક, આઈડિબીઆઈ, એચડીએફસી, યેસ બેંક સહિતની વિવિધ બેંકોમાં ખાતાઓ ખુલ્લા હોવાનું સામે આવ્યું છે.

તેમણે વધુમાં આક્ષેપ કર્યો છે કે ગુજરાત સરકારના નાણા વિભાગના તા.૨૬/૦૫/૧૯૯૫ના ઠરાવ મુજબ મહાનગરપાલિકાના નાણાં ચોક્કસ સંસ્થાઓમાં જ રોકાણ કરી શકાય છે, છતાં આટલા મોટા પ્રમાણમાં વિવિધ બેંકોમાં ખાતાઓ રાખવા પાછળની યોગ્યતા પર સવાલ ઉભા થાય છે.

આ ઉપરાંત, વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક હિસાબનું ઓડિટ હજુ સુધી ન થયાનું પણ બસપાએ જણાવ્યું છે, જેને કારણે નાણાકીય પારદર્શિતાને લઈને શંકા વધુ ઘેરાઈ છે.

વિરોધ પક્ષના અભાવે મહાનગરપાલિકામાં જવાબદારી નિર્ધારણનો અભાવ હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. તાજેતરની ચૂંટણીમાં એકતરફી પરિણામો આવ્યા બાદ, આ મુદ્દાને જનતાના અવાજ તરીકે જોવો કે અન્ય કારણો હોવાનું પણ માંડવીયાએ પ્રશ્નાર્થ ઉઠાવ્યો છે.

બસપા દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને કારણે શહેરની રાજકીય પરિસ્થિતિમાં ગરમાવો આવ્યો છે. હવે મહાનગરપાલિકા તંત્ર તરફથી આ મામલે શું સ્પષ્ટતા કરવામાં આવે છે અને કોઈ તપાસ હાથ ધરવામાં આવે છે કે નહીં તે જોવાનું રહ્યું.

રિપોર્ટર:વિરમભાઈ કે.આગઠ

# સુઈગામ તાલુકાના પાડણ ગામે થરાદ ડેપોની એસટી બસ ફસાઈ, મુસાફરોને મુશ્કેલી

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

સુઈગામ તાલુકાના પાડણ ગામ નજીક થરાદ ડેપોની સવારે 11 વાગ્યાની એસટી બસ કાદવમાં ફસાઈ જતાં મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. થરાદથી પાડણ આવતી આ બસ રસ્તાના ખરાબ હાલતને કારણે અટવાઈ ગઈ હતીસ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, પાડણ ગામ નજીક છેલ્લા ઘણા સમયથી રોડનું કામ ધીમી ગતિએ ચાલી રહ્યું છે, જેના કારણે રોજિંદા વાહન વ્યવહારમાં અડચણો ઊભી થઈ રહી છે. પ્રાઈવેટ વાહનચાલકો પણ આ માર્ગ પર સતત મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.ઘટનાસ્થળે સ્થાનિક લોકો તરત જ મદદ માટે આગળ આવ્યા હતા .

**માનવધર્મ** આજે પણ એવો જ એક પ્રસંશનીય બનાવ સામે આવ્યો છે

# પોરબંદર ટ્રાફિક પોલીસે રાહવીર બની ઈજા ગ્રસ્ત દાદીમાને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડી ખરો માનવધર્મ બજાવ્યો

## એ.એસ.આઈ ભાવનાબેન સોલંકી અને ટ્રાફિક બ્રિગેડ જલ્પાબેન મકવાણાની સતર્કતા-સેવા ભાવનાને બિરદાવતો બનાવ

• ગોસા(ઘેડ) તા.૦૩

પોરબંદર ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની નિષ્ઠા, પ્રમાણિકતા અને માનવતાભર્યા વર્તનના દાખલાઓ વારંવાર સામે આવતા રહ્યા છે. આજે પણ એવો જ એક પ્રસંશનીય બનાવ સામે આવ્યો છે, જેમાં ટ્રાફિક પોલીસના જવાનોએ ફરજ સાથે માનવતાનો ઉમદા પરિચય આપ્યો છે.મળતી માહિતી મુજબ, ટ્રાફિક શાખાના પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.બી. ચૌહાણે જણાવ્યું હતું કે તા.૦૨/૦૫/૨૦૨૬ના રોજ એ.એસ.આઈ ભાવનાબેન સોલંકી તથા ટ્રાફિક બ્રિગેડની જલ્પાબેન મકવાણા બંગડી બજાર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. આ દરમ્યાન સાંજે લગભગ સાત વાગ્યાની આસપાસ એક એક્ટિવા પર સવાર યુવતી પોતાની દાદીમાને પાછળ બેસાડી પસાર થતી હતી, ત્યારે અચાનક પાછળ બેઠેલી વૃદ્ધ દાદીમા



નીચે પટકાઈ જતા તેમના માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચી અને લોહી વહેવા લાગ્યું.

પરિસ્થિતિની ગંભીરતા સમજતા જ એ.એસ.આઈ ભાવનાબેન સોલંકી અને જલ્પાબેન મકવાણા એ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત દાદીમાને પ્રાથમિક સારવાર આપી. બાદમાં તેમણે કોઈ પણ જાતનો વિલંબ કર્યા વગર રાહવીરની ભૂમિકા બની રીક્ષા દ્વારા હોસ્પિટલ મોકલવાની વ્યવસ્થા કરી અને દાદીમાની પૌત્રીને જરૂરી સહાયતા પૂરી પાડી.તેમની આ ઝડપી અને માનવતાભરી કામગીરીને સ્થાનિક લોકોએ ખૂબ બિરદાવેલી હતી.

આ બનાવે ફરી એકવાર સાબિત કર્યું કે પોલીસ માત્ર કાયદો અને વ્યવસ્થા જ નહીં, પરંતુ મુશ્કેલીના સમયમાં નાગરિકોને મદદરૂપ બની સાચી સહાય માટે રાહવીર બનવા સદૈવ તત્પર રહે છે.

ટ્રાફિક પોલીસ દ્વારા અવારનવાર ટ્રાફિક સેમિનાર યોજી અને લોકોને માહિતગાર કરતા હોય છે કે જ્યારે કોઈ રોડ રસ્તા પર કે ક્યાંય અકસ્માત થાય અથવા એવા કોઈ બનવા બને અને માણસને ઈજા પહોંચે યા અકસ્માતમાં ઘાયલ થાય તો કોઈ પણ જાતનો પોલીસ ડર રાખ્યા વિના 'રાજવીર' બની ઈજા ગ્રસ્ત માનવી ને તાત્કાલિક દવાખાને પહોંચાડમાં મદદરૂપ બનવા માર્ગ દર્શન આપવામાં આવે છે ત્યારે ગઈ કાલે જ ખુદ ટ્રાફિક પોલીસ શાખા માં ફરજ બજાવતા એ એસ આઈ ભાવના બેન સોલંકીને જ ફરજ દરમ્યાન જ પોરબંદર બંગડી બજારમાં એક દાદીમા અકસ્માતે એક્ટિવા સ્કુટર માંથી પડી જતા અને ઈજા થતા રાહવીર બનાવનો મોકો મળતા તેઓએ આ ભૂમિકા સુપરે બજાવવી હતી.અત્રે નોંધનીય છે કે થોડા દિવસો પહેલાં પણ એ.એસ. આઈ ભાવનાબેન સોલંકીએ બંગડી બજારમાં ફરજ દરમિયાન મળેલ રોકડ રકમ ભરેલું લેડીઝ પર્સ મૂળ માલિક સુધી પરત પહોંચાડી પોતાની ઈમાનદારીનો દાખલો આપ્યો હતો. આવા પ્રસંગો પોલીસ વિભાગ પ્રત્યે જન વિશ્વાસ મજબૂત બનાવે છે.

ટ્રાફિક પોલીસના આ માનવતાભર્યા કાર્યને પગલે "પોલીસ પ્રજાનો મિત્ર" કહેવત ફરી એકવાર સાબિત થઈ છે.

શખ્સની શાન ઠેકાણે લાવવા બસ સ્ટેન્ડથી પોલીસ સ્ટેશન સુધી સરઘસ કઢાયું

# જેતપુરમાં એસટી બસમાં યુવતીની છેડતી કરનાર રોમિયોનું સરઘસ કઢાયું:પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

**કાયદાનું ભાન** જૂનાગઢ-આણંદ રૂટની બસમાં નશામાં ધૂત શખ્સે માતા-પુત્રી અને કંડક્ટર સાથે ઝપાઝપી કરી બસ રોકાવી દીધી,

• જેતપુર

જૂનાગઢથી આણંદ જતી એસટી બસમાં નશામાં ધૂત એક શખ્સે ભારે હોબાળો મચાવી મુસાફરોને બાનમાં લીધા હોવાની ઘટના સામે આવી છે. આ શખ્સે બસમાં સફર કરી રહેલી એક યુવતીની છેડતી કરી હતી અને વિરોધ કરતા ગાળાગાળી પર ઉતરી આવ્યો હતો. બનાવની જાણ થતાં જેતપુર સીટી પોલીસે તાત્કાલિક પહોંચી જઈ આરોપીની અટકાયત કરી હતી. પોલીસે આરોપીનું રિકન્સ્ટ્રક્શન કરાવી બસ સ્ટેન્ડથી પોલીસ સ્ટેશન સુધી તેનું સરઘસ કાઢીને કાયદાનું ભાન કરાવ્યું હતું.

પોલીસ ચોપડે નોંધાયેલી ફરિયાદ મુજબ, અમદાવાદના જશોદાનગર વિસ્તારમાં રહેતા



કાજલબેન ગોટી (ઉ.વ.૨૬) ગત શનિવારે તેમના માતા શાંતાબેન લોયા સાથે એક પ્રસંગ પતાવીને પરત ફરી રહ્યા હતા. તેઓ રાત્રે જૂનાગઢથી આણંદ રૂટની બસમાં મુસાફરી કરી રહ્યા હતા. આશરે પોણા નવેક વાગ્યાના અરસામાં રસ્તામાંથી બસમાં એક શખ્સ ચડ્યો હતો. આ અધવચ્ચેથી ચડેલા શખ્સે કાજલબેન પર પડીને તેમના ખભા અને ગળાના ભાગે હાથ અડાડી શારીરિક અડપલાં કર્યા હતા. યુવતીએ પ્રતિકાર કરી તેને ધક્કો મારી દૂર કર્યો હતો.

આ મામલે બસના કંડક્ટરે શખ્સને સમજાવવાનો પ્રયાસ કરતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને ગેરવર્તન કરી બીભત્સ ચેનચાળા તેમજ ગાળાગાળી કરવા લાગ્યો હતો. નશામાં ધૂત આ શખ્સે એટલી હદે માથાકૂટ કરી કે બસને રસ્તા વચ્ચે રોકવાની ફરજ પડી હતી અને અન્ય મુસાફરો પણ હેરાન-પરેશાન થઈ ગયા હતા. કંડક્ટર સાથે માથાકૂટ કરતો આરોપીનો એક વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. અંતે, પરિસ્થિતિ વણસતા કંડક્ટરે ૧૧૨ નંબર પર કોલ કરી પોલીસને જાણ કરી હતી.કંટ્રોલ રૂમનો મેસેજ મળતા જ જેતપુર સિટી પોલીસનો કાફલો જુનાગઢ રોડ રવેચી હોટલ ફાટક પાસે પહોંચી ગયો હતો. પોલીસે બસમાં હુડદંગ મચાવતા શખ્સને પકડી પાડી તેની પૂછપરછ કરતા તેનું નામ બીરજુ દીલીપભાઈ સાગઠીયા (રહે. રાજકોટ)હોવાનું ખુલ્યું હતું.પોલીસ આખી બસને સીધી જેતપુર સિટી પોલીસ સ્ટેશન ખાતે લાવી હતી અને પીડિતાની ફરિયાદના આધારે આરોપી બીરજુ સાગઠીયા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૨ અને ૭૫(૨) મુજબ ગુનો નોંધ્યો હતો. જેતપુર સિટી પોલીસે છેડતીખોર આરોપીની શાન ઠેકાણે લાવવા માટે ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું અને જેતપુર એસટી બસ સ્ટેન્ડથી સિટી પોલીસ સ્ટેશન સુધી તેનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું. પોલીસે આ મામલે શખ્સ સામે બે અલગ-અલગ ગુના નોંધી વધુ કડક તપાસ હાથ ધરી છે.

# નસવાડીમાં માનવતા શર્મસાર! ઈકો ગાડીના હપ્તા ભરવા વૃદ્ધાના પગ કાપી ૧ કિલો ચાંદીના કડાની લૂંટ અને હત્યા

## લૂંટારાઓની હેવાનિયતઃ ઘરે એકલા દશરીબેન ભીલને નિશાન બનાવ્યા

• નસવાડી/છોટાઉદેપુરઃ

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી પંથકમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી એક અત્યંત કરુણ અને સનસનાટીભરી ઘટના સામે આવી છે. માત્ર ઈકો ગાડીના હપ્તા ભરવા જેવા સામાન્ય કારણોસર બે નરાધમોએ એક નિર્દોષ વૃદ્ધાની કરપીણ હત્યા કરી નાખી છે. લૂંટારાઓએ વૃદ્ધાના પગમાં પહેરેલા ૧ કિલો ચાંદીના કડા કાઢવા માટે તેમના પગ કાપી નાખતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, નસવાડીમાં રહેતા વૃદ્ધા દશરીબેન ભીલ જ્યારે પોતાના ઘરે એકલા હતા, ત્યારે આરોપી રણજીત ભીલ અને વિપન ભીલ નામના બે શખ્સો ઘરમાં ઘૂસી આવ્યા હતા. વૃદ્ધાના પગમાં પહેરેલા અંદાજે ૧ કિલો વજનના ચાંદીના કડા જોઈને આ બંનેના મનમાં લાલચ જાગી હતી. કડા સરળતાથી નીકળે તેમ ન હોવાથી આ હેવાનોએ ધારદાર હથિયારથી વૃદ્ધાના પગ કાપી



નાખ્યા હતા અને નિર્મમ હત્યા કરી લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા જ નસવાડી પોલીસ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી પોલીસે આરોપી રણજીત અને વિપનને ઝડપી પાડ્યા હતા. પોલીસ પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે, તેમની પાસે રહેલી ઈકો ગાડીના હપ્તા ચડી ગયા હતા અને નાણાંની સખત જરૂર હોવાથી તેમણે આ ઘાતકી લૂંટનો પ્લાન બનાવ્યો હતો.

પોલીસે આરોપીઓ પાસેથી લૂંટવામાં આવેલા અંદાજે અઢી લાખ રૂપિયાની કિંમતના ચાંદીના કડા જપ્ત કર્યા છે. માત્ર થોડા રૂપિયાના હપ્તા ભરવા માટે એક જીવતા જાગતા વ્યક્તિના અંગો કાપી નાખવાની આ ક્રૂરતાએ પંથકમાં ભારે રોષ જન્માવ્યો છે.હાલ પોલીસે બંને આરોપીઓ સામે હત્યા અને લૂંટનો ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

# પોરબંદર મહાનગરપાલિકામાં ૭૫ બેંક ખાતાઓનો મુદ્દો ગરમાયો, બસપા દ્વારા ભ્રષ્ટાચારની તપાસની માંગ

## વર્ષ ૨૦૨૫-૨૬ના હિસાબનું ઓડિટ ન થવાનો આક્ષેપ : આરટીઆઈમાં ખુલાસા બાદ રાજકીય ગરમાવો

• ગોસા(ઘેડ) તા.૦૩

પોરબંદર મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારના આક્ષેપો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. બહુજન સમાજ પાર્ટી (બસપા)ના પ્રભારી દિનેશ માંડવીયાએ મહાનગરપાલિકાના વિવિધ બેંકોમાં કુલ આશરે ૭૫ જેટલા ખાતાઓ હોવાની બાબતે ગંભીર સવાલો ઉઠાવ્યા છે અને સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે.માંડવીયાના જણાવ્યા અનુસાર, આરટીઆઈ હેઠળ મળેલી માહિતી મુજબ મહાનગરપાલિકા પાસે સરકારી અને ખાનગી બેંકોમાં મોટી સંખ્યામાં ખાતાઓ છે. જેમાં એસબીઆઈ, બેંક ઓફ બરોડા, આઈસીઆઈસીઆઈ, કેનેરા બેંક, ઈન્ડિયન બેંક, આઈડિબીઆઈ, એચડીએફસી, યેસ બેંક સહિતની વિવિધ બેંકોમાં ખાતાઓ ખુલ્લા હોવાનું સામે આવ્યું છે.તેમણે વધુમાં આક્ષેપ કર્યો છે કે ગુજરાત સરકારના નાણા વિભાગના તા.૨૬/૦૫/૧૯૯૫ના ઠરાવ મુજબ મહાનગરપાલિકાના નાણાં ચોક્કસ સંસ્થાઓમાં જ રોકાણ કરી શકાય છે, છતાં આટલા મોટા પ્રમાણમાં વિવિધ બેંકોમાં ખાતાઓ રાખવા પાછળની યોગ્યતા પર સવાલ ઉભા થાય છે.આ ઉપરાંત, વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક હિસાબનું ઓડિટ હજુ સુધી ન થયાનું પણ બસપાએ જણાવ્યું છે, જેને કારણે નાણાકીય પારદર્શિતાને લઈને શંકા વધુ ઘેરાઈ છે.વિરોધ પક્ષના અભાવે મહાનગરપાલિકામાં જવાબદારી નિર્ધારણનો અભાવ હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. તાજેતરની ચૂંટણીમાં એકતરફી પરિણામો આવ્યા બાદ, આ મુદ્દાને જનતાના અવાજ તરીકે જોવો કે અન્ય કારણો હોવાનું પણ માંડવીયાએ પ્રશ્નાર્થ ઉઠાવ્યો છે.બસપા દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને કારણે શહેરની રાજકીય પરિસ્થિતિમાં ગરમાવો આવ્યો છે. હવે મહાનગરપાલિકા તંત્ર તરફથી આ મામલે શું સ્પષ્ટતા કરવામાં આવે છે અને કોઈ તપાસ હાથ ધરવામાં આવે છે .

# તીર્થધામ ચાણોદમાં તંત્રની ઘોર બેદરકારીઃ ધોળા દિવસે સ્ટ્રીટ લાઈટો ચાલુ રહેતા વીજળીનો બેફામ બગાડ



• ચાણોદ, તા. ૦૪ (મુકેશ ખત્રી દ્વારા):

પવિત્ર તીર્થધામ ચાણોદમાં છેલ્લા કેટલાક દિવસોથી ગ્રામ પંચાયતની ગંભીર બેદરકારી સામે આવી છે. સરકાર એક તરફ 'વીજળી બચાવો, ઉર્જા બચાવો'ના સૂત્રો સાથે કરોડો રૂપિયાનો ધુ માડો કરી જનજાગૃતિ ફેલાવી રહી છે, ત્યારે ચાણોદમાં ભરબપોરે સ્ટ્રીટ લાઈટો ચાલુ રહેતા તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ગામના વિવિધ વિસ્તારોમાં વી જ થાંભલા પરની લાઈટો દિવસ દરમિયાન પણ ઝળહળતી જોવા મળે છે. ઉનાળાના પ્રખર તાપમાં જ્યારે રાજ્યમાં વીજળીની માંગ સર્વોચ્ચ સ્તરે હોય છે, ત્યારે આ પ્રકારે થતો વીજળીનો વ્યય આર્થિક અને નૈતિક રીતે નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે.

સોશિયલ મીડિયામાં સ્ટેટ્સ મૂકતો, કેરોસીન છાંટી મારી નાખવાની ધમકી પણ આપી'તી

# કૌટુંબિક બહેનના એક તરફી પ્રેમમાં પાગલ ભાઈની ધરપકડ:હાથમાં સગીરાના નામનું ટેટુ કરાવ્યું

• રાજકોટ

રાજકોટ શહેરમાં વધુ એક સગીરા સાથે અડપલાં અને છેડતીની ઘટના સામે આવી છે. જેમાં 14 વર્ષીય સગીરાને તેના કૌટુંબિક ભાઈએ એક તરફી પ્રેમમાં અડપલાં કરી તેના નામનું ટેટુ હાથમાં દોરવી સોશિયલ મીડિયામાં સ્ટેટ્સ અપલોડ કરી પજવણી કરતો હોવાની ફરિયાદ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. એટલું જ નહિ પ્રેમમાં તાબે ન થતા નરાધમે પોતાની કૌટુંબિક બહેનને કેરોસીન છાંટી મારી નાખવાની ધમકી પણ આપી હતી. હાલ તાલુકા પોલીસે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી એક તરફી પ્રેમમાં પાગલ ભાઈની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા સગીરાની માતાએ જણાવ્યું હતું કે, તેમની સગીર વયની દીકરી ધોરણ 10માં અભ્યાસ કરે છે અને તેમના ઘરમાં સાથે તેમનો ભાણેજ પણ રહે છે. ભાણેજ દ્વારા સગીર વયની દીકરી સાથે બળજબરી કરી હતી અને પ્રાઈવેટ પાર્ટને સ્પર્શ કરી શારીરિક અડપલા કરી અવારનવાર તેની છેડતી કરી હતી. ફક્ત એટલું જ નહીં દીકરીને ધમકી આપી હતી કે, જો તુ આ બાબતની કોઈને જાણ કરીશ તો તને કેરોસીન છાંટીને જાનથી મારી નાખીશ. મારી દીકરીના એક તરફી પ્રેમમાં પાગલ બની તેને દીકરીના નામનું ટેટુ પોતાના હાથમાં દોરાવ્યું હતું અને તેના ફોટા અને દીકરીના નામ સાથે સ્ટેટસ સોશિયલ મીડિયામાં અપલોડ કર્યા છે.આ બનાવ અંગે ફરિયાદ નોંધી તાલુકા પોલીસે તાત્કાલિક રાજકોટ જિલ્લાના ધોરાજીના બહારપુરા વિસ્તારના 22 વર્ષીય યુવાનની ધરપકડ કરી આજ રોજ કોર્ટમાં રજૂ કરતા કોર્ટ દ્વારા તેને જેલહવાલે કરવાનો હુકમ કરતા તેને જેલ હવાલે કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા તપાસના કામે આરોપીનો મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યો છે. હાલ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટની તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, આરોપી અને ભોગ બનનાર કૌટુંબિક મામા-ફૂઈના ભાઈ-બહેન થતા હોવાનું અને દીકરી ધો.10માં અભ્યાસ કરતી હોવાનું તેમજ આરોપી રાજકોટમાં સ્ટીલના કારખાનામાં મજૂરી કામ કરતો હોવાનું સામે આવ્યું છે.

## તંત્રીની કલમે


# શબ્દોની માયાજાળ કે વર્તનની વાસ્તવિકતા? જાણો કોના જીવનમાં તમારું કેટલું મૂલ્ય છે!

માણસ સામાજિક પ્રાણી છે અને સંબંધો એના જીવનનો આધાર છે. આપણે અવારનવાર સાંભળીએ છીએ કે, 'તું મારા માટે બહુ ખાસ છે,' અથવા 'તારા વગર મને નહીં ચાલે.' પણ શું આ શબ્દો હંમેશા સાચા હોય છે? સત્ય તો એ છે કે શબ્દો માણસની ઈચ્છા બતાવે છે, જ્યારે તેનું વર્તન તેની અગ્રતા (Priority) બતાવે છે.

શબ્દો તો માત્ર શણગાર છે

આજના સોશિયલ મીડિયાના યુગમાં મીઠા શબ્દો બોલવા કે 'હાર્ટ' ઈમોજી મોકલવા બહુ સહેલા છે. કોઈના વખાણ કરવા કે ખોટી આશ્વાસના આપવી એમાં કશું ખરચાતું નથી. પરંતુ, સાચો સંબંધ એ છે જે શબ્દોની ગેરહાજરીમાં પણ વર્તન દ્વારા વર્તાઈ આવે.

જે વ્યક્તિ તમને પ્રેમ કરતો હોવાનો દાવો કરે છે, પણ જ્યારે તમને તેની જરૂર હોય ત્યારે તેની પાસે બહાનાની હારમાળા હોય, તો સમજી લેવું કે તેના જીવનમાં તમારું સ્થાન માત્ર 'વધારાના' વ્યક્તિ તરીકે છે.



વર્તન: સંબંધોનો અરીસો

કહેવાય છે કે 'Actions speak louder than words.' કોઈ વ્યક્તિ તમારા માટે કેટલી ઉપલબ્ધ છે, તે તમારી વાત કેટલી ગંભીરતાથી સાંભળે છે અને મુશ્કેલ સમયમાં તમારી પડખે ઊભી રહે છે કે નહીં–આ બાબતો જ નક્કી કરે છે કે તેના જીવનમાં તમારું મહત્વ કેટલું છે.

* સમયનું રોકાણ: જો કોઈ વ્યસ્ત હોવા છતાં તમારા માટે સમય કાઢે છે, તો તમે તેના માટે મહત્વના છો. પણ જો કોઈ નવરું હોય ત્યારે જ તમને યાદ કરે છે, તો તમે માત્ર તેનો 'ટાઈમપાસ' છો.

* આદર અને દરકાર: તમારા વિચારો અને તમારી લાગણીઓનો સ્વીકાર એ જ સાચું વર્તન છે. માત્ર જરૂર પડે ત્યારે મીઠું બોલવું એ મહત્વ નથી, પણ બિનજરૂરી સમયે પણ આદર આપવો એ મહત્વ છે.

સ્વમાન અને સમજદારી

જ્યારે તમને અહેસાસ થાય કે સામેવાળી વ્યક્તિના વર્તનમાં તમારા માટે કોઈ જગ્યા નથી, ત્યારે સમજદારી એમાં જ છે કે ત્યાંથી માનભેર ખસી જવું. કોઈને વારંવાર પોતાની હાજરી કે મહત્વનો અહેસાસ કરાવવો પડે, એ સંબંધમાં પછી પ્રેમ નથી રહેતો, માત્ર ભીખ બની જાય છે.

તમારું મૂલ્ય એ લોકો પાસે ન શોધો જેમને તમારી કદર નથી. યાદ રાખો, હીરાની પરખ ઝવેરી જ કરી શકે, કાચના વેપારી નહીં.

પવન માકનનો સંકેત:

જીવનમાં એવા લોકોની ભીડ જમા કરવા કરતા એવા બે-ચાર લોકોની કદર કરો જેમના શબ્દો ભલે ઓછા હોય, પણ જેમનું વર્તન હંમેશા તમને એવું અનુભવાવે કે 'હા, તું મારા માટે ખાસ છે.'

જેના જીવનમાં તમારું મહત્વ હશે ને સાહેબ, તેને કહેવું નહીં પડે... એનું વર્તન જ તમારી દુનિયા મહેકાવી દેશે!

**પવન માકન**

-પવન માકન (ગ્રુપ એડિટર, પાક્કો ગુજરાત)

## આધુનિક મશીન

### 90 શાળાનાં 24,000 બાળકોનાં જઠરાગ્નિ ઠરે છે

# રાજકોટનાં હાઈટેક કિચનમાં 1 કલાકમાં 20,000 રોટલી તૈયાર થાય છે

# શાકભાજી કટિંગ, અનાજ સાફ કરવામાં આધુનિક મશીનનો ઉપયોગ

**શાસ્ત્રી મેદાન પાસે આવેલું આ રસોડું ટેકનોલોજી અને સેવાનું અદભૂત ઉદાહરણ પૂરું પાડે છે, જ્યાં 1 કલાકમાં 20,000 રોટલી તૈયાર થાય છે**

• રાજકોટ

રાજકોટ શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની 90 શાળાઓમાં અભ્યાસ કરતા અંદાજે 24,000 બાળકોના સર્વાંગી વિકાસ માટે રાજકોટમાં એક હાઈ-ટેક સેન્ટ્રલાઈઝડ કિચન કાર્યરત કરવામાં આવ્યું છે. શાસ્ત્રી મેદાન પાસે આવેલું આ રસોડું ટેકનોલોજી અને સેવાનું અદભૂત ઉદાહરણ પૂરું પાડે છે, જ્યાં 1 કલાકમાં 20,000 રોટલી તૈયાર થાય છે. શાકભાજી કટિંગ, અનાજ સાફ કરવામાં આધુનિક મશીનનો ઉપયોગ કરવામાં આવે છે અને તૈયાર થયેલું પૌષ્ટિક ભોજન ગણતરીના કલાકોમાં હજારો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવે છે. દરરોજ સરેરાશ બે હજાર કિલોથી વધુ ભોજન અહીં તૈયાર કરાય છે, જ્યારે રોટલી પીરસવાની હોય ત્યારે આંકડો વધીને 3,000 કિલો (અંદાજે 3 ટન) સુધી પહોંચે છે.



ઉલ્લેખનીય છે કે, બાળકો રાષ્ટ્રનું ભાવિ છે અને તેમના સર્વાંગી વિકાસ માટે શિક્ષણની સાથે ઉત્તમ સ્વાસ્થ્ય પણ એટલું જ અનિવાર્ય છે. આ ઉદ્દેશ્યને સાર્થક કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પીએમ પોષણ યોજના (મધ્યાહન ભોજન) અને મુખ્યમંત્રી પૌષ્ટિક આલ્પાહાર યોજના કાર્યરત કરવામાં આવી છે. પીએમ પોષણ યોજનાના ઈન્ચાર્જ નાયબ કલેક્ટર બી.એલ. કાથરોટીયાએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, રાજકોટની 90 શાળાનાં 24,000 બાળકોને નિયમિત ગરમ ભોજન અને સવારનો નાસ્તો મુખ્યમંત્રી અલ્પાહાર યોજના અંતર્ગત પીરસવામાં આવે છે. આ માટે રાજકોટ કોર્પોરેશન દ્વારા સેન્ટ્રલાઈઝડ કિચનની ખૂબ જ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ કિચનમાં રસોઈ માટે આધુનિક મશીનરીઓ જેવી કે રોટલી બનાવવાના મશીન અને સ્ટીમ બેઈઝડ કુકિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે. આ સિસ્ટમ દ્વારા 25,000 બાળકોની રસોઈ માત્ર 1 કલાકમાં તૈયાર કરી શકાય છે. આ કામગીરી માટે 30થી 35 વ્યક્તિઓનો સમર્પિત સ્ટાફ કાર્યરત છે, જે સવારના 5:30 થી 7:30 વાગ્યા સુધીમાં રસોઈ તૈયાર કરી લે છે. આ તૈયાર ભોજન શાળાઓ સુધી સમયસર પહોંચાડવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે 11 ક્લસ્ટર બનાવવામાં આવ્યા છે અને દરેક ક્લસ્ટર દીઠ સ્પેશિયલાઈઝડ સ્ટીલના કન્ટેનર ધરાવતા વાહનોની ફાળવણી કરવામાં આવી છે. આ કન્ટેનરમાં ભોજન લાંબા સમય સુધી ગરમ રહે છે. વધુમાં જણાવ્યું કે, મધ્યાહન ભોજન યોજના (PM પોષણ) અંતર્ગત બાળકોને પૂરતા પ્રમાણમાં કેલરી અને પ્રોટીન મળી રહે તે હેતુથી સરકાર દ્વારા સાપ્તાહિક મેનૂ ખૂબ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે. આ મેનૂમાં વિવિધતા લાવવા માટે લાપસી, સુખડી, મિલેટ સુખડી, વેજ પુલાવ, વેજીટેબલ ખીચડી, મિલેટ ચાટ અને દાળ-ઢોકળી જેવી વાનગીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમગ્ર યોજના કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રાન્ટ દ્વારા ચલાવવામાં આવે છે. આ યોજના પાછળ વાર્ષિક અંદાજે રૂ. 7 કરોડનો ખર્ચ થાય છે, જેની સંપૂર્ણ ગ્રાન્ટ સરકાર દ્વારા ફાળવવામાં આવે છે. ખોરાકની ગુણવત્તા જાળવવા માટે મધ્યાહન ભોજન યોજનાનો સ્ટાફ નિયમિતપણે સેન્ટ્રલ કિચન અને શાળાઓની મુલાકાત લે છે. ફૂડ વિભાગ દ્વારા પણ તૈયાર ખોરાકના સેમ્પલ લઈને તેનું પરીક્ષણ કરવામાં આવે છે. આ ઉપરાંત, અધિકારીઓ દ્વારા રૂબરૂ મુલાકાત લઈને કાચા માલ અને તૈયાર ભોજનની ચકાસણી કરવામાં આવે છે તેમજ શિક્ષકો અને આચાર્યો પાસેથી ફીડબેક મેળવીને જરૂરી સુધારા-વધારા પણ કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા નક્કી કરાયેલા મેનુ મુજબ સપ્તાહના બધા દિવસ બાળકોને અલગ-અલગ વાનગીઓ પીરસવામાં આવે છે. જેમાં બાફેલી, શેકેલી અને વઘારેલી વસ્તુઓનો સમાવેશ થાય છે. પરંપરાગત ભારતીય વાનગીઓ બાળકોને પૂરતા પ્રમાણમાં પ્રોટીન અને ન્યુટ્રીશન પૂરું પાડે છે. અગાઉ દરેક શાળામાં અલગ-અલગ રસોઈ બનતી હતી, પરંતુ આ સેન્ટ્રલાઈઝડ સિસ્ટમને કારણે હવે તમામ બાળકોને એકસમાન સ્વાદ અને ક્વોલિટીવાળું ભોજન મળી રહ્યું છે. રાજકોટનું આ આધુનિક રસોડું ખરા અર્થમાં હજારો ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો માટે પોષણનું કેન્દ્ર બન્યું છે. આ સમગ્ર પ્રોજેક્ટનું સંચાલન દિલ્હીની એક અનુભવી એજન્સી દ્વારા કરવામાં આવે છે.

# 'રાજા શિવાજી'ની ગૂંજ: લાતુરમાં રિતેશ દેશમુખ માટે ઉમટ્યો જનસૈલાબ

### લાતુરમાં રિતેશ દેશમુખનું ભવ્ય સ્વાગત, 'રાજા શિવાજી' પર ફેન્સનો જબરદસ્ત પ્રેમ

'રાજા શિવાજી' ફિલ્મ રિલીઝ થયા પછી જ્યારે રિતેશ દેશમુખ લાતુરના છત્રપતિ શિવાજી મહારાજ ચોક પર પહોંચ્યા, ત્યારે તેમનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું. હજારો લોકો તેમને જોવા માટે ભેગા થયા. આ દ્રશ્ય લાગણીઓ, ગૌરવ અને લોકોના પોતાના લાગણીસભર જોડાણને દર્શાવતું હતું।



માહોલ સંપૂર્ણ રીતે ઘર જેવી લાગણી આપતો અને ઉત્સાહથી ભરેલો હતો. લગભગ 700 બાઈક સવારો તેમના સાથે શહેરમાં ફર્યા અને રસ્તાના કિનારે ઉભેલા લોકોએ તેમનું સ્વાગત કર્યું, જયકારો લગાવ્યો।આ ભીડની ખાસ વાત માત્ર તેની સંખ્યા નહોતી, પરંતુ લોકોનો સાચો પ્રેમ અને જોડાણ હતું. કોઈ મોટો કાર્યક્રમ નહોતો, લોકો ફક્ત પોતાના લાગણીથી તેમને જોવા આવ્યા હતા. મહારાષ્ટ્ર સાથેના ગાઢ જોડાણને કારણે રિતેશ અને લોકો વચ્ચેનો સંબંધ દરેક ક્ષણે સ્પષ્ટ દેખાતો હતો।

વળી, 'રાજા શિવાજી'એ બોક્સ ઓફિસ પર શાનદાર શરૂઆત કરી. પહેલા દિવસે ફિલ્મે 12.40 કરોડ રૂપિયા કમાયા અને બીજા દિવસે 11.50 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું. આ રીતે બે દિવસમાં કુલ 23.90 કરોડ રૂપિયાનું કલેક્શન થયું. ફિલ્મને મરાઠી અને હિન્દી બંને ભાષામાં સારા રિવ્યુ મળ્યા છે અને દર્શકોએ પણ તેને ખૂબ પસંદ કરી છે. આ ફિલ્મ છત્રપતિ શિવાજી મહારાજના જીવન પર આધારિત એક ભવ્ય રજૂઆત છે। જિયો સ્ટૂડિયોઝ દ્વારા રજૂ થયેલી 'રાજા શિવાજી' મુંબઈ ફિલ્મ કંપનીની ફિલ્મ છે, જેને જ્યોતિ દેશપાંડે અને જિનિલિયા દેશમુખે પ્રોડ્યૂસ કરી છે. આ ફિલ્મ 1 મે 2026ના રોજ મરાઠી અને હિન્દી ભાષામાં વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે અને ભારતના ઈતિહાસને ભવ્ય અંદાજમાં રજૂ કરે છે।

# માતૃત્વનો પડઘો અને પુત્રીનું સ્મિત: જ્યાં વ્હાલનો દરિયો ક્યારેય નથી સુકાતો!

### ' માની છાયામાં દરેક ખુશી મળી જાય છે, દીકરીના હાસ્યથી દુનિયા ખીલી જાય છે.'

• [સ્પેશિયલ ડેસ્ક: પાક્કો ગુજરાત]

દુનિયામાં સર્જનહારના સૌથી શ્રેષ્ઠ સર્જનો જો કોઈ હોય, તો તે 'મા' અને 'દીકરી' છે. આ માત્ર એક સંબંધ નથી, પણ લાગણીઓનું એક એવું જીવંત ઝરણું છે જે પેઢી દર પેઢી પ્રેમની સિંચાઈ કરતું રહે છે. કહેવાય છે કે મા એ દીકરીનો ભૂતકાળ છે અને દીકરી એ માનું ભવિષ્ય છે.

મા: વગર કહ્યે બધું સમજી જતી જાદુઈ છાયા

એક બાળક માટે માની ગોદ એ દુનિયાનું સૌથી સુરક્ષિત અને શાંત સ્થાન છે. ગમે તેવી મુસીબત હોય કે મનમાં ચાલતી ગડમથલ, માના હાથનો સ્પર્શ થતાં જ જાણે બધી પીડા ઓગળી જાય છે. મા માત્ર જન્મ નથી આપતી, પણ પોતાના સંસ્કારો અને ધીરજ દ્વારા એક મજબૂત વ્યક્તિત્વનું નિર્માણ કરે છે.

દીકરી: ઘરના આંગણાની તુલસી અને પિતાનું ગૌરવ

જે ઘરમાં દીકરીના ઝાંઝરનો અવાજ ગુંજે છે, ત્યાં સાક્ષાત લક્ષ્મીનો વાસ હોય છે. દીકરી એ માની માત્ર પડછાયો નથી, પણ તેની શ્રેષ્ઠ મિત્ર છે. મા જ્યારે થાકીને બેસે છે, ત્યારે 'મમ્મી, હું આવી ગઈ ને!' કહીને વ્હાલથી ગળે વળગતી દીકરી આખા દિવસનો થાક ઉતારી દે છે. દીકરીના સ્મિતમાં એવી તાકાત છે કે તે કરમાયેલા ચહેરા પર પણ રોનક લાવી શકે છે.

આ સંબંધ સૌથી ખાસ કેમ છે?

માતા અને દીકરીનો સંબંધ એટલે વિશ્વાસની અકબંધ દિવાલ. એક દીકરી જ્યારે મોટી થાય છે, ત્યારે તે તેની માની પીડા અને સંઘર્ષને સમજતી થાય છે. તે માની લાકડી પણ બને છે અને તેના અધૂરા સપનાઓને પાંખો પણ આપે છે.

પાક્કો ગુજરાતની કલમે...

આજના ભાગદોડભર્યા યુગમાં કદાચ ભૌતિક સુખ-સુવિધાઓ વધી ગઈ હશે, પરંતુ માના આશીર્વાદ અને દીકરીનો પ્રેમ એ જ ખરું અને અખૂટ ધન છે. આ સંબંધોને સાચવો, તેને જીવો અને માણતા રહો. કારણ કે જ્યાં પ્રેમ જ પ્રેમ છે, ત્યાં જ સાચું સ્વર્ગ છે.

'દીકરી માને વ્હાલનો દરિયો કહે છે, અને મા દીકરીને પોતાના કાળજાનો કટકો...'

## રાશીફળ (તા.04-05-2026)

- **મેષ (અ.લ.ઈ)** — આવતીકાલનો દિવસ તમારા માટે ઉત્સાહવર્ધક રહેશે. અટકેલા કાર્યો પૂર્ણ થવાની શક્યતા છે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે અને મિત્રો સાથે સારો સમય પસાર થશે.
- **વૃષભ (બ.વ.ઉ)** — આર્થિક દ્રષ્ટિએ દિવસ મધ્યમ રહેશે. બિનજરૂરી ખર્ચ પર કાબૂ રાખવો જરૂરી છે. કાર્યક્ષેત્રમાં થોડી મહેનત વધુ કરવી પડશે, પરંતુ અંતે સફળતા મળશે.
- **મિથુન (ક.છ.ઘ)** — આવતીકાલે તમે માનસિક શાંતિનો અનુભવ કરશો. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે. નવો પ્રોજેક્ટ શરૂ કરવા માટે દિવસ ઉત્તમ છે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.
- **કર્ક (ડ.હ)** — તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. વ્યવસાયમાં નવા કરાર થઈ શકે છે. જૂના મિત્રો સાથે મુલાકાત થવાના યોગ છે. લાંબી મુસાફરી ટાળવી હિતાવહ છે.
- **સિંહ (મ.ટ)** — કાર્યક્ષેત્રમાં તમારી આવડતની પ્રશંસા થશે. સરકારી કામકાજમાં સફળતા મળશે. વાણી પર સંયમ રાખવો, નહીંતર નજીકના લોકો સાથે મનદુઃખ થઈ શકે છે.
- **કન્યા (પ.ઠ.ણ)** — ભાગ્યનો સાથ મળશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. વેપારમાં નાણાકીય લાભ થવાની પ્રબળ શક્યતા છે. સંતાનો તરફથી સારા સમાચાર મળી શકે છે.
- **તુલા (ર.ત)** — આવતીકાલે થોડી સાવધાની રાખવી. વાહન ચલાવતી વખતે ધ્યાન રાખવું. કોઈ પણ નિર્ણય લેતા પહેલા વડીલોની સલાહ ચોક્કસ લેવી. આર્થિક લેવડદેવડમાં સાવચેત રહેવું.
- **વૃશ્ચિક (ન.ય.)** — જીવનસાથી સાથેના સંબંધો મધુર બનશે. ભાગીદારીના કામમાં લાભ થશે. મન પ્રસન્ન રહેશે અને કોઈ પ્રિય વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે.
- **ધન (ભ.ધ.ફ.ઢ)** — તમારા વિરોધીઓ પરાસ્ત થશે. લાંબા સમયથી ચાલી આવતી બીમારીમાં રાહત મળશે. કોર્ટ-કચેરીના કામમાં સફળતા મળી શકે છે. ખર્ચમાં વધારો થઈ શકે છે.
- **મકર (ખ.જ)** — વિદ્યાર્થીઓ માટે દિવસ પ્રગતિકારક છે. સર્જનાત્મક કાર્યોમાં સફળતા મળશે. પ્રેમ સંબંધોમાં નિકટતા આવશે. આકસ્મિક ધનલાભના યોગ બની રહ્યા છે.
- **કુંભ (ગ.શ.સ.ષ)** — જમીન કે મકાન સંબંધી કાર્યોમાં પ્રગતિ થશે. માતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. માનસિક ચિંતા રહી શકે છે, પરંતુ સાંજ સુધીમાં પરિસ્થિતિ સુધરશે.
- **મીન (દ.ચ.ઝ.થ)** — તમારા પરાક્રમમાં વધારો થશે. ટૂંકી મુસાફરીના યોગ છે. ભાઈ-બહેનોનો સહયોગ પ્રાપ્ત થશે. નવા સંપર્કોથી ભવિષ્યમાં મોટો ફાયદો થઈ શકે છે.

# કોંગ્રેસની મહિલા કાર્યકર્તાઓએ જગદીશ વિશ્વકર્માના પોસ્ટર પર ચપ્પલ માર્યા

### ગેનીબહેન ઠાકોરને લઈ આપેલા નિવેદન મામલે વિરોધ, માફી માગવાની માગ

• અમદાવાદ

પાલિકા-પંચાયતની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ બનાસકાંઠાના સાંસદ ગેનીબહેન ઠાકોરને લઈ આપેલા એક નિવેદન બાદ વિવાદ વકર્યો છે. ગેનીબહેન ઠાકોરની સાડીના પલ્લુમાંથી સીટો ખેંચી લાવ્યાનું નિવેદન કરાતા અમદાવાદ મહિલા કોંગ્રેસે રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શિત કર્યો. ભાજપ પ્રદેશ અધ્યક્ષ વિશ્વકર્માના પોસ્ટર પર ચપ્પલ ફટકાર્યા હતા. જગદીશ વિશ્વકર્માના રાજીનામાની અને માફીની માગ કરવામાં આવી છે.




અમદાવાદના ટાઉનહોલ પાસે વિરોધ પ્રદર્શિત કરી રહેલી કોંગ્રેસની મહિલા કાર્યકર્તાઓ. ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ગેનીબેન ઠાકોરને લઈને આપેલા નિવેદનને લઈને રાજકારણ ગરમાયું છે. આજે મહિલા કોંગ્રેસની કાર્યકર્તાઓએ અમદાવાદ ટાઉનહોલ પાસે એકત્ર થઈ સૂત્રોચ્ચાર કર્યા હતા અને જગદીશ વિશ્વકર્માના પોસ્ટર પર ચપ્પલ ફટકારી રોષ વ્યક્ત કર્યો હતો. ગેનીબહેન ઠાકોરને લઈ આપેલા નિવેદન બદલ જગદીશ વિશ્વકર્માના રાજીનામાની અને માફીની માગ કરવામાં આવી છે.

મહિલા કાર્યકર્તાઓએ ઉત્સાહમાં ગેનીબહેનની તસવીર પર પણ ચપ્પલ ફટકાર્યા.

મહિલા કાર્યકર્તાઓએ ઉત્સાહમાં ગેનીબહેનની તસવીર પર પણ ચપ્પલ ફટકાર્યા. અમદાવાદના ટાઉનહોલ પાસે રવિવારે વિરોધ પ્રદર્શિત કરી રહેલી કોંગ્રેસની મહિલા કાર્યકર્તાઓએ ભાજપ પ્રદેશ પ્રમુખના પોસ્ટર પર ચપ્પલ ફટકાર્યા હતા. જો કે, ઉત્સાહમાં પોસ્ટરમાં જ સાથે રહેલી ગેનીબહેન ઠાકોરની તસવીર પર પણ કેટલીક મહિલા કાર્યકર્તાઓ ચપ્પલ ફટકારતા જોવા મળી હતી.

ગુજરાત કોંગ્રેસના સહ પ્રભારી સુભાષીની યાદવે જણાવ્યું હતું કે ભાજપના પ્રદેશ પ્રમુખે અમારા બનાસની બેન ગેનીબેન ઠાકોરનું અપમાન કર્યું છે જેથી અમે તેમના રાજીનામાની માંગ કરી રહ્યા છીએ. ભાજપ મહિલા સશક્તિકરણ અને મહિલા આરક્ષણ બિલ લાવવાની વાતો કરી રહ્યું છે પરંતુ મહિલાઓના સતત અપમાન કરવાના કારણ સફળ થઈ રહ્યા નથી. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના નિવેદન સામે કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે તીખી પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. દિવ્ય ભાસ્કર સાથે ખાસ વાતચીતમાં ગેનીબેને કહ્યું કે, "જગદીશભાઈ બનાસકાંઠાની મુલાકાતે આવ્યા હતા, પરંતુ વિકાસની વાત કરવાને બદલે તેમણે જે ભાષાનો ઉપયોગ કર્યો છે તે અયોગ્ય અને અપમાનજનક છે."

# મહીસાગરમાં 123 કરોડનું નલ સે જલ કૌભાંડ: 2 કોન્ટ્રાક્ટરના આગોતરા જામીન નકારતી હાઈકોર્ટ



• અમદાવાદ

2025 જૂન મહિનામાં CID ક્રાઈમ પોલીસ મથક વડોદરા શહેર ખાતે કુલ 12 આરોપીઓ સામે નલ સે જલ કૌભાંડનો ગુન્હો નોંધાયો હતો. આરોપીઓએ 2019થી 2023 દરમિયાન મહીસાગર જિલ્લાના 620 ગામોમાં પાણીની પાઈપો નાખવાના કામ કાગળ ઉપર બતાવીને અને ખોટા ડોક્યુમેન્ટ બનાવીને સરકારને 123 કરોડનું નુકશાન પહોંચાડ્યું હતું. વળી આ આરોપીઓ સરકારી કર્મચારીઓ છે. આરોપીઓ પૈકી બે કોન્ટ્રાકટર કલ્પેશ શાહ અને નાનાભાઈ પંચાલે ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જેમાં અરજદારના વકીલે રજૂઆતો કરી હતી કે કલ્પેશ શાહ ચિરાગ રીંગ સર્વિસના માલિક છે. તે સરકાર માન્ય કોન્ટ્રાક્ટર છે. તેઓ દ્વારા કરાયેલા કામ ઉપર પંચાયત સુપરવાઈઝિંગ કરતી હતી. વળી તેઓએ કરેલા કામનું બાકીનું ચુકવણું પણ કરાયું નથી. ઉપરોક્ત પોલીસ કાર્યવાહી બાદ 110થી વધુ કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા છે. જ્યારે 111 જેટલા કોન્ટ્રાક્ટરોને આરોપી બનાવવામાં આવ્યા છે. વર્તમાન અરજદારનું પોલીસ ફરિયાદમાં કોઈ નામ નથી કે તેઓએ કોઈ ઉચાપત કરી નથી. નાનાભાઈ પંચાલના વકીલે જણાવ્યું હતું કે, તેઓએ સરકાર પાસેથી 47 લાખ રૂપિયા લેવાના બાકી નીકળે છે. સરકારે તેમની પાસેથી જે રિકવરી કાઢી હતી તે રિકવરી હુકમને કોર્ટે રદ કરી નાખ્યો છે. સામે સરકારી વકીલે જણાવ્યું હતું કે અરજદારોએ ખોટા બિલ બનાવ્યા હતા. તેમને નિયમો મુજબનું ક્વોલિટી કામ કર્યું નથી. તેઓએ પાઈપ ટેસ્ટિંગનું ખોટું સર્ટિફિકેટ મૂક્યું હતું. આ કેસમાં 24 લોકો પકડાયા છે, જેમની સામે ચાર્જશીટ ફાઈલ થઈ ગઈ છે.

પોલ ખુલી

વિજ્ઞાન જાથાએ પર્દાફાશ કરતા પોલીસ સામે હાજર

# 'રાજા મેલડીના' નામે ઈન્સ્ટાગ્રામ પર ફેમસ ભુવાની પોલ ખુલી માતાજીનો ડર બતાવી લોકો પાસે દારૂ ને કિંમતી વસ્તુઓ મંગાવતો

**સંતાન પ્રાપ્તિ અને રોગ મટાડવાના નામે લાખો રૂપિયા તેમજ AC, ફ્રિજ જેવી કિંમતી વસ્તુઓ પડાવનાર ઘનશ્યામ ભૂવા સામે લોકોમાં ભારે રોષ**

• વડોદરા

વડોદરા જિલ્લાના પાદરા સ્ટેશન વિસ્તારમાં માતાજીના નામે ભોળી જનતાને લૂંટતા એક પાખંડી ભૂવાનો વિજ્ઞાન જાથા(અંધશ્રદ્ધા અને કુરિવાજોનો પર્દાફાશ કરતી NGO સંસ્થા) એ પર્દાફાશ કર્યો છે. સંતાન પ્રાપ્તિ અને રોગ મટાડવાના નામે લાખો રૂપિયા તેમજ AC, ફ્રિજ જેવી કિંમતી વસ્તુઓ પડાવનાર ઘનશ્યામ ભૂવા સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે તે કહેવત મુજબ આ ભૂવો છેલ્લા ઘણા સમયથી અંધશ્રદ્ધાનો ખેલ ખેલતો હતો.

જોકે, આજરોજ વિજ્ઞાન જાથાએ ઘટનાસ્થળે જઈ ભુવાના આ અંધશ્રદ્ધાના ખેલનો પર્દાફાશ કરતા પહેલા ફરાર થયો અને હાલ પોલીસ સામે હાજર થઈ માફી માગી.

આ ઢોંગી ભૂવો ધૂણતા ધૂણતા એવો દાવો કરતો હતો કે, 'એવો સમય આવશે કે બેંક લૂંટાઈ જશે પણ ચોર પકડાય નહીં એવું હું મેલડી બોલું છું'. સાતમો અને આઠમો મહિનો આવતા પૂર લાવવાની ધમકી આપી તે લોકોને ડરાવતો હતો. જોકે, વિજ્ઞાન જાથાની ટીમે પાદરા પોલીસને સાથે રાખીને જ્યારે દરોડો પાડ્યો ત્યારે પોતાની જ 'ચમત્કારિક' શક્તિઓ કામ ન આવી અને તે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. વિજ્ઞાન જાથાના જયંત પંડ્યાએ જણાવ્યું કે, આ પાખંડી 25 પ્રકારના અસાધ્ય રોગ મટાડવાના દાવા કરી 1.51 લાખ સુધીની ફી વસૂલતો હતો.



વધુમાં ઉમેર્યું કે, તેઓએ અત્યાર સુધીમાં ભારતભરમાં 2800થી વધુ આવા પાખંડીઓનો પર્દાફાશ કર્યો છે અને તેમાંથી એક પણ સાચો નીકળ્યો નથી. આવા લોકો માનસિક બીમાર અથવા સંપૂર્ણ પાખંડી હોય છે જેઓ લોકોના ડરનો ફાયદો ઉઠાવે છે. વિજ્ઞાન જાથાએ લોકોને અપીલ કરી છે કે કોઈપણ ધર્મના આવા પાખંડીઓ સામે હિંમત રાખીને ફરિયાદ કરવા આગળ આવે જેથી સમાજને આવા ધુતારાઓથી બચાવી શકાય. અંધશ્રદ્ધાનો ભોગ બનેલા અનેક લોકો હવે સામે આવી રહ્યા છે. એક પીડિતે જણાવ્યું કે, તેને સંતાન પ્રાપ્તિની લાલચ આપી વિધિના નામે 51,000 રૂપિયા પડાવ્યા હતા. અન્ય એક શ્રદ્ધાળુએ આપવીતી જણાવતા કહ્યું કે, તેની પાસેથી એસી (AC), ચાંદીની બુટ્ટી અને અંદાજે 3 લાખ રૂપિયા પચાવી પાડવામાં આવ્યા છે. ઈન્સ્ટાગ્રામ પર 'રાજા મેલડીના' નામથી વીડિયો વાયરલ કરી તે શ્રદ્ધાળુઓને આકર્ષતો અને બાદમાં માતાજીનો ડર બતાવી તેમની પાસેથી વાહન અને ઘરના સાધનો વસાવતો હતો. નામના એક પીડિતે જણાવ્યું કે, તેઓ દોઢ વર્ષથી આસ્થા સાથે અહીં આવતા હતા અને ભૂવાને પોતાની ગાડીમાં ફેરવતા હતા. જ્યારે તેમને છેતરપિંડીની ખબર પડી અને બબાલ થઈ ત્યારે ભૂવાના દીકરાએ જ તેમની ગાડી તોડી નાખી હતી.

ફક્ત એટલું જ નહીં, ભૂવાએ પરેશભાઈની પત્ની વિશે ગંદી અફવાઓ ફેલાવી અને ચારિત્ર્યહનન કરવાનો પણ પ્રયાસ કર્યો હતો. પીડિતે રોષ વ્યક્ત કર્યો કે, જો આ ભૂવો સાચો હોત તો તે ભાગી ન ગયો હોત.

કુખ્યાત લાલુ સિંધી ગેંગ સામે ગુજસીટોકનો ગુનો દાખલ

# વડોદરા સહિત મધ્ય ગુજરાતમાં કરોડોનો દારૂ ઠાલવનાર ટોળકીના 12 સામે પોલીસની લાલ આંખ

**બુટલેગર મુકેશ મખીજાનીની ધરપકડ**

• વડોદરા

વડોદરા શહેરમાં કરોડો રૂપિયાનો દારૂ ઠાલવનાર લાલુ સિંધી અને તેની ટોળકી સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધાયો છે. છેલ્લા બે દાયકા કરતા વધુ સમયથી શહેર જિલ્લા સહિત મધ્ય ગુજરાતના અનેક નાના-મોટા નગરોમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો કરોડોનો વેપલો કરનાર કુખ્યાત બુટલેગર લાલુ સિંધી સામે આખરે પોલીસતંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે અને તેની ટોળકીના 12 આરોપી સામે શહેર પોલીસ તંત્ર દ્વારા નંદેસરી પોલીસ સ્ટેશનમાં ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને બુટલેગર મુકેશ મખીજાનીની ધરપકડ કરવામાં આવી છે. આ ટોળકીના ચાર આરોપી હાલમાં જેલમાં છે અને લાલુ સિંધી સહિતના આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. લાલુ સિંધી અને તેની ટોળકી દર મહીને રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરિયાણા, દમણ અને ગોવાથી કરોડોનો દારૂ ગુજરાતમાં ઠાલવતા અને તેનો ખુલ્લેઆમ વેપાર કરતા હતા. આ ગુનાની તપાસ મદદનીશ પોલીસ કમિશનર પ્રણવ કટારીયા દ્વારા હાથ ધરવામાં આવી છે. છેલ્લા બે દાયકા કરતા વધુ સમયથી




લાલચંદ ઉર્ફે લાલુ હેમનદાસ ખાનાણી ઉર્ફે લાલુ સિંધી, સુનીલ ઉર્ફે અદો પ્રકાશભાઈ કેવલરામાણી અને બંન્નેનો બોઝ ગણાતા વિજુ સિંધી દ્વારા વડોદરા શહેર અને જીલ્લામાં દારૂનો વેપલો કરવામાં આવતો હતો. એટલે સુધી કે કોઈ સ્થાનિક બુટલેગરને ધંધો કરવાની પરવાનગી જોઈતી હોય તો તેઓ લાલુનો સંપર્ક કરતા હતા. તાજેતરમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ઝડપી પાડીને આ ટોળકીના કારનામાં છતાં કરતા વડોદરા શહેર પોલીસ તંત્ર દ્વારા આખરે આ ટોળકી સામે ગુનો દાખલ કરવાની ફરજ પડી હતી. 37 ગુનામાં સંડોવાયેલો અને 6 વખત પાસા હેઠળ જેલવાસ ભોગવી ચૂકેલા લાલચંદ ખાનાણી ઉર્ફે લાલુ સિંધી, સુનિલ ઉર્ફ અદો પ્રકાશભાઈ કેવલરામાણી, મુકેશ નારાયણદાસ મખીજાની, અનિલ ઉર્ફે એન્થોની મુલચંદ ગંગવાણી, ધર્મેશ ઉર્દૂ, લાલો સંમતસિંહ ચૌહાણ, ફાલુ ઉર્ફ ટોપી સુંદરલાલ ટેલવાણી, મનોજ ઉર્ફે પાપડ શંકરભાઈ નરસિંગાની જીતેન્દ્ર ઉર્ફે જીતુ સંપતસિંહ ચૌહાણ મોહીત દિલીપભાઈ અગ્રવાલ, હેમંત નાનકરામ સચવાણી, હિમાંશુ દીલીપ અગ્રવાલ અને દીપેન દિનેશભાઈ વાળા સામે ગુજસીટોકનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# NEETમાં દીકરીની કંઠી ઉતારતા પિતા ભડક્યા હિન્દુ રાષ્ટ્રનો ઝંડો ફરકાવો છો તો કંઠી કેમ કઢાવી

**ગાંધીનગરમાંથી લગભગ 12,000 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા**

• અમદાવાદ

ગુજરાતના 85,000થી વધુ વિદ્યાર્થીઓએ NEETની પરીક્ષા આપી હતી. આ પરીક્ષા ભારતના 552 શહેરો અને 14 આંતરરાષ્ટ્રીય સ્થળોએ લેવામાં આવી હતી. ગુજરાતમાં આ પરીક્ષા 31 શહેરોમાં લેવાઈ હતી, જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ગાંધીનગર, ગોધરા અને અમરેલી જેવા મુખ્ય કેન્દ્રોનો સમાવેશ થાય છે. લગભગ 30 બિલ્ડિંગમાં વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં એકલા અમદાવાદ અને ગાંધીનગરમાંથી લગભગ 12,000 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. બાયોલોજીનું પેપર સરળ લાગ્યું હતું. જ્યારે ફિઝિક્સ અને કેમિસ્ટ્રી સહેજ મુશ્કેલ પેપર હોવાનું વિદ્યાર્થીઓ જણાવ્યું છે. સુરતમાં પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓને કંઠી કઢાવી પ્રવેશ અપાતા વિવાદ થયો હતો. પોતાની દીકરીને કંઠી કઢાવતા પિતા ગુસ્સે થઈ ગયા હતા. તેમણે કહ્યું કે તમે હિન્દુ રાષ્ટ્રનો ઝંડો ફરકાવો છો તો હિન્દુની દીકરી એક્ઝામ આપવા જાય ને કંઠી કાઢી નાખે? તમે હિજાબ ઉતરાવી ન શકો, કોઈ વાંધો નહીં, હિજાબ રાખો, બુરખો રાખો, ટોપી પહેરો પણ હિન્દુની દીકરા-દીકરી પરીક્ષા આપે તો કંઠી શું કામ કાઢી નાખે? કોઈ એમાં ઈશ્યુ હોય તો કહો મને. હું થોડો લાહોર, કરાચી કે




રાવલપિંડીમાં ઊભો છું? હું હિન્દુનો દીકરો છું અને અહીંયા હિન્દુસ્તાનમાં સુરતમાં ઊભો છું. બાદમાં આક્રોશિત વાલીએ ભારે હોબાળો કરી પોતાની દીકરીને કંઠી પહેરાવવા માટે વર્ગખંડમાંથી બહાર બોલાવી હતી. જો કે પરીક્ષામાં મોડું થતું હોવાથી દીકરીએ કંઠી પહેરવાનો ઈન્કાર કર્યો હતો. આ દરમિયાન પિતાએ વધારે પડતું દબાણ કરતા દીકરી પરીક્ષા શરૂ થાય તે પહેલાં 'ભાંગી' પડી હતી અને રડી પડી હતી. આ દરમિયાન ત્યાં હાજર લોકોએ પણ પિતાને તમે દીકરીની પરીક્ષા બગાડો છો કહી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

# દીકરી હોસ્ટેલ બહાર જશે તો સીધો માતા-પિતાને જશે મેસેજ:150 કરોડના ખર્ચે સરદારધામ-3 વડોદરામાં તૈયાર

**2 હજાર વિદ્યાર્થીઓને રહેવા-ભણવાની સુવિધા; PM કરશે લોકાર્પણ**

• વડોદરા

વડોદરાના આંગણે પાટીદાર સમાજ દ્વારા નિર્મિત ભવ્ય 'સરદારધામ-3' હવે લોકાર્પણ માટે સજ્જ છે. આશરે 150 કરોડના ખર્ચે તૈયાર થયેલું આ ભવન માત્ર રહેવા માટેની હોસ્ટેલ જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેનું કેન્દ્ર બની રહેશે. 4.75 લાખ સ્ક્વેર ફૂટમાં પથરાયેલા આ સંકુલમાં 2000 દીકરા-દીકરીઓ માટે અત્યાધુનિક સુવિધાઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. ખાસ કરીને જરૂરિયાતમંદ દીકરીઓ માટે માત્ર 1 રૂપિયો ફી અને હાઈટેક સુરક્ષા પ્રણાલી આ પ્રોજેક્ટને સાચા અર્થમાં 'સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ'ના મંત્રને સાર્થક કરતો બનાવે છે. આ આધુનિક સંકુલનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે 11 મેના રોજ કરવામાં આવશે.

પાટીદાર સમાજ દ્વારા સમાજના દીકરા-દીકરીઓ માટે ગુજરાતમાં બે સરદારધામ કાર્યરત છે. વડોદરામાં નેશનલ હાઈ-વે નજીક આ ત્રીજુ



અત્યાધુનિક ભવન ઉભું કરવામાં આવ્યું છે. વર્ષ 2021માં આ ભવનનું નિર્માણ શરુ થયું હતું અને આજે 5 વર્ષ બાદ 4 લાખ 75 હજાર સ્કવેરફૂટમાં આ ભવન ઉભું કરાયું છે. આ સંસ્થાનો મુખ્ય ધ્યેય પાટીદાર સમાજના યુવાનોના સર્વાંગી વિકાસ દ્વારા તેમને સક્ષમ બનાવી રાષ્ટ્રના વિકાસમાં ભાગીદાર બનાવવાનો છે.

વડોદરામાં નવનિર્મિત આ અત્યાધુનિક હોસ્ટેલ સંકુલમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રહેવાની વ્યવસ્થાની વાત કરીએ તો, એક રૂમમાં 6 વિદ્યાર્થીઓ રહી શકે એવું આયોજન કરાયું છે, જેમાં દરેક રૂમમાં 2 એટેચ ટોયલેટ અને બાથરૂમની સુવિધા આપવામાં આવી છે. વધુમાં, દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત સ્તરે અલગ ફેન, લાઈટ, કોમ્પ્યુટર પોઈન્ટ અને ચાર્જિંગ પોઈન્ટ જેવી પાયાની જરૂરિયાતો પૂરી પાડવામાં આવી છે. ખાનપાન માટે દીકરા-દીકરીઓ માટે અલગ ભોજનાલય અને કેફીટેરિયાની વ્યવસ્થા છે.

વડોદરામાં હેરિટેજ બચાવવાનું અભિયાન

# 150 વર્ષ જૂની પ્રતાપનગર નવગ્રહ વાવની મેગા સફાઈ ઝુંબેશ શરૂ, મ્યુનિ. કમિશનર પણ જોડાયા

• વડોદરા

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત શહેરની ઐતિહાસિક ધરોહરોને સ્વચ્છ બનાવવા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે 150 વર્ષ જૂની પ્રતાપનગર સ્થિત નવગ્રહ વાવ ખાતે મેગા સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. સંસ્કારી નગરી વડોદરામાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત શહેરની ઐતિહાસિક ધરોહરોની સફાઈ અને જાળવણી માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત પ્રતાપનગર વિસ્તારમાં આવેલી ઐતિહાસિક નવગ્રહ વાવ ખાતે મેગા સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કામગીરી રામદૂત ફાઉન્ડેશન તેમજ મનપાના સંયુક્ત ઉપક્રમે હાથ ધરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં વોલેન્ટિયરો અને કોર્પોરેશનના સ્ટાફે જોડાઈ વાવની સફાઈ શરૂ કરી હતી. આ પ્રસંગે અરુણ મહેશ બાબુ, મ્યુનિસિપલ કમિશનર ખાસ ઉપસ્થિત



રહ્યા હતા. સફાઈ દરમિયાન વાવમાંથી મોટા પ્રમાણમાં ડેબ્રિસ, પ્લાસ્ટિક તથા અન્ય કચરો બહાર કાઢવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, વાવની સ્થિતિ ગંભીર હોવાથી સમગ્ર કચરો તબક્કાવાર દૂર કરવામાં આવશે. સાથે જ આગામી દિવસોમાં શહેરની અન્ય હેરિટેજ બિલ્ડિંગો અને ઐતિહાસિક સ્થળોની પણ સફાઈ, સંરક્ષણ અને મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવશે. આ સમગ્ર ઝુંબેશ દરમિયાન સફાઈ કર્મચારીઓ, કોર્પોરેશન સ્ટાફ અને સંસ્થાના વોલેન્ટિયરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ભાજપના કાર્યક્રમોમાં દેખાયા ન હોય એવી 3 પગપુરીઓ આ વખતે ઘૂસી ગઈ છે : યોગેશ પટેલ

**મેયર કેવા હોવા જોઈએ?, 'MLAએ કહ્યું- 'ગત ટર્મ જેવા નહીં'**

• વડોદરા

વડોદરા શહેરમાં આજે મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, શાસક પક્ષના નેતા અને દંડક માટે નિરીક્ષકો સેન્સ લેવા માટે ભાજપ કાર્યકલ નમો કમલમ ખાતે આવ્યા હતા. આ સમયે યોગેશ પટેલ પણ સેન્સ પ્રક્રિયામાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. આ સમયે મીડિયા સમક્ષ વાત કરતા ધારાસભ્ય યોગેશ પટેલે વોર્ડમાં જીતેલા આયાતી ઉમેદવારોને લઈને ફરી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે, વોર્ડ નં- 17,18 અને 19માં એક-એક પગપુરીઓ પેસી ગઈ છે. આવા લોકો ભાજપનું કશું જાણતા નથી અને એ ભાજપને ઘણુ નુકસાન કરે છે. વડોદરાની માંજલપુર બેઠકના ભાજપના ધારાસભ્ય યોગેશ પટેલે જણાવ્યું હતું કે, ઘણા લોકોને બાળક જન્મે ઘણી વખત કૂદીને ચાલતો હોય છે. ત્રણ વર્ષ-ચાર વર્ષ સુધી...ભાજપમાં પણ એવું જ છે. ક્યારેય ભાજપનું કામ ન કર્યું, ભાજપના કામમાં દેખાયો પણ ન હોય. અમારા નેતાઓ પણ કહે કે, આવા લોકોને ટિકિટ નહીં આપીએ. આવા ન ચાલતા લોકોની ઘરના બાધા રાખે છે કે, જો ચાલતો થશે તો પુરી મુકીશ. એને પગપુરી કહેવાય. શું કહેવાય પગપુરી...



આવી કેટલીય પગપુરીઓ મારા વોર્ડમાં જ નહીં, વોર્ડ નં- 17,18 અને 19માં એક-એક પગપુરીઓ પેસી ગઈ છે. આવા લોકો ભાજપનું કશું જાણતા નથી અને એ ભાજપને ઘણુ નુકસાન કરે છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ગઈ વખતે પણ આવી પગપુરીઓ પેસી ગયેલી અને એને પણ ભાજપને બહું નુકસાન કરેલું. આ વખતે પણ 3 પગપુરીઓ પેસી ગઈ છે. એ ઘણુ નુકસાન કરે છે. નામ તમારે શોધવાના છે. પણ આ પગપુરીઓ બધે જ છે. તમારા મતે મેયર કેવા હોવા જોઈએ તેવા સવાલના જવાબમાં તેઓએ જણાવ્યું હતું કે, ગઈ વખતે હતા, એવા ન હોવા જોઈએ. ઉલ્લેખનિય છે કે, ચૂંટણી પહેલા પણ યોગેશ પટેલે કહ્યું હતું કે, 'હારથી કોઈ આવે તો આપણે બધાએ લડવાનું છે, વિરોધ કરવાનો. જો ભાઈ મહેનત આપણે કરી છે, આપણે બધે ફર્યા છે. આપણે બસો ભરીને પહોંચાડ્યા છે. પાર્ટીએ જે કહ્યું છે તે બધું આપણે કર્યું છે, જેથી આપણને ચાન્સ મળવો જોઈએ' તેમ છતાં પાર્ટીએ વોર્ડ બહારના ઉમેદવારોને ટિકીટ આપી હતી. જેથી ફરીએકવાર યોગેશ પટેલે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે. ઉલ્લેખનિય છે કે, વડોદરા મહાનગરપાલિકામાં નવા હોદ્દેદારોની નિમણૂક પ્રક્રિયા શરૂ થઈ છે. મેયર, ડેપ્યુટી મેયર, સ્થાયી સમિતિ અધ્યક્ષ, દંડક તેમજ પક્ષના નેતાની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

# લગ્નના દોઢ મહિનામાં જ પતિએ પત્નીનું ગળું દબાવી હત્યા કરી

**પોતે પણ ધાબા પરથી કૂદી આત્મહત્યાનો પ્રયાસ કર્યો, સાળાને ફોન કરી કહ્યું 'અમારી લાશો લઈ જજો'**

• વડોદરા

વડોદરાના ધોળાકુવા ગામમાં દોઢ મહિના પહેલા સુખી દાંપત્યજીવનના સપનાંઓ સજી સાસરે ગયેલી પરિણીતાની પતિ દ્વારા ગળું દબાવી હત્યા નિપજાવી દેવાતા ચકચાર મચી છે. યુવકે પોતાના સાળાને ફોન કરી કહ્યું હતું કે, 'અમારી લાશો લઈ જજો'. પિયર પક્ષના લોકોને શંકા જતા દીકરીના ઘરે દોડી ગયા હતા. જ્યાં દીકરી બેભાન હાલતમાં મળતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં મૃત જાહેર કરાતા પરિવારને શંકા પડી હતી. મૃતદેહનું પેનલ પીએમ કરવામાં આવતા ગળું દબાવી હત્યા નિપજાવ્યાનો ઘટસ્ફોટ થયો હતો. બનાવ બાદ ફરાર થઈ ગયેલા પતિની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના ખડોલ ગામમાં રહેતા જયદીપભાઈ ભુપેન્દ્રભાઈ સોલંકી (ઉંમર 24) એ વડોદરાના નંદેસરી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ જયદીપની બહેનના 12 માર્ચના રોજ લગ્ન ધોળાકુવા ગામમાં રહેતા હર્ષદ ગોહિલ સાથે થયા હતા. 2 એપ્રિલના રોજ જયદીપભાઈ પોતાના ઘરે હતા, ત્યારે તેમના બનેવી હર્ષદ ગોહિલ(રહે. ધોળકુવા, ફાજલપુર, વડોદરા)નો ફોન આવ્યો હતો. ફોન પર હર્ષદ ગોહિલે કહ્યું હતું કે, અમારી લાશો લઈ જજો, તેમ કહીને અચાનક ફોન મૂકી દીધો હતો. ત્યારબાદ જયદીપભાઈએ વારંવાર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો. શંકા થતાં તેમણે અન્ય સગા જીતેન્દ્રકુમારને જાણ કરી હતી. થોડીવાર બાદ જીતેન્દ્રકુમારે જયદીપને ફોન કરીને કહ્યું હતું કે, તેજલને ગભરામણ થતાં તેમને વાસદની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા છે. આ જાણ થતાં જયદીપભાઈ તેમના પિતા સાથે તાત્કાલિક હોસ્પિટલ પહોંચ્યા હતા. હોસ્પિટલમાં પહોંચતાં તેજલને બેડ પર સુવડાવેલી હાલતમાં જોવા મળ્યા હતા અને તેમના ગળામાં ઈજાના નિશાન દેખાયા હતા. ડૉક્ટરે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. ત્યારબાદ વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે પેનલ પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતું, જેમાં ડૉક્ટરોએ ગળું દબાવવાથી મોત થયાનું પ્રાથમિક કારણ જણાવ્યું હતું.

# કરજણમાં ખુલ્લી ગટરમાં આખલો ખાબક્યો:જેસીબી અને સ્થાનિક લોકોની મદદથી ફાયર વિભાગે બહાર કાઢ્યો



• વડોદરા

વડોદરા સહિત જિલ્લામાં અવાર નવાર ખુલ્લી ગટરમાં ક્યારેક પશુ તો ક્યારેક માનવી પડી જવાના બનાવો સામે આવતા હોય છે. ત્યારે વડોદરા જિલ્લના કરજણના નવાબજાર વિસ્તારમાં આવેલા શાક માર્કેટ પાસેની ગટરમાં એક આખલો પડી ગયો હતો. જેનું ફાયર વિભાગે ભારે જહેમત રેસ્ક્યુ કરી બહાર કાઢ્યો હતો. આ ઘટનાની જાણ થતાં કરજણ ફાયર વિભાગને તાત્કાલિક માહિતી મળતા ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી આવી હતી અને આખલાને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું. ભારે જહેમત બાદ તેને સહી સલામત બહાર કાઢવામાં આવ્યો હતો. ફાયર વિભાગની ટીમે JCB અને સ્થાનિક લોકોની મદદથી આખલાને સહીસલામત રીતે ગટરમાંથી બહાર કાઢ્યો હતો. બહાર કઢાયેલા અબોલ જીવ ને સદનસીબે કોઈ મોટી ઈજાઓ પહોંચી ન હતી. ઉલ્લેખનીય છે કે, અવાર નવાર આ પ્રકારની ઘટનાઓ સામે આવતી હોય છે. ત્યારે તંત્ર સામે અનેક સવાલો ઉભા થતા હોય છે. આજે આ અબોલો જીવ હતો, કાલે કોઈ વ્યક્તિ આવી દુર્ઘટનાનો ભોગ બને અને જીવ જાય તો તેના માટે જવાબદાર કોણ? આ પ્રકારની ઘટનાઓમાં તંત્ર સામે યોગ્ય પગલાં લેવાય તે ખૂબ જરૂરી છે.

**અગનભઠ્ઠી**

અમદાવાદ, રાજકોટ, વડોદરામાં આકરી ગરમીથી લોકો અકળાયા

# ગુજરાતના 6 શહેરોનું તાપમાન 40 ડિગ્રીને પાર:42.5 ડિગ્રી સાથે સુરેન્દ્રનગર અગનભઠ્ઠી બન્યું

## ગુજરાતના મોટાભાગના શહેરોમાં 40 ડિગ્રી આસપાસ અને તેને પાર ગરમીનો પારો પહોંચતા લોકો અકળાયા છે. આજે સતત બીજા દિવસે સુરેન્દ્રનગર સૌથી ગરમ શહેર રહ્યું

• અમદાવાદ

ગુજરાતમાં મેં મહિનાની શરૂઆત સાથે જ ગરમીએ તેનો અસલી રંગ બતાવવાની શરૂઆત કરી છે. ગુજરાતના મોટાભાગના શહેરોમાં 40 ડિગ્રી આસપાસ અને તેને પાર ગરમીનો પારો પહોંચતા લોકો અકળાયા છે. આજે સતત બીજા દિવસે સુરેન્દ્રનગર સૌથી ગરમ શહેર રહ્યું. સુરેન્દ્રનગરનું મહત્તમ તાપમાન 42.5 ડિગ્રી નોંધાયું. જ્યારે અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર અને વડોદરામાં પણ 40 ડિગ્રીને પાર ગરમીનો પારો પહોંચતા લોકો અકળાયા હતા. હવામાન વિભાગના મતે આગામી સાત દિવસ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. એટલે કે રાજ્યમાં 40 થી 43 ડિગ્રી આસપાસ મહત્તમ તાપમાન નોંધાઈ શકે છે.આગામી 7 દિવસ મહત્તમ તાપમાન 40 થી 43 ડિગ્રી વચ્ચે રહેવાનું અનુમાન હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, ગુજરાતની આસપાસ ત્રણ જેટલી સિસ્ટમ સક્રિય જોવા મળી રહી છે. જેનો કોઈ વિશેષ પ્રભાવ ગુજરાત પર થશે તેવી કોઈપણ પ્રકારની સંભાવના નથી. તેમજ વાતાવરણ સૂકું રહેવાનું અનુમાન છે. છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં કોઈ મોટો બદલાવ જોવા મળ્યો નથી. કેટલાક શહેરમાં તાપમાન સામાન્ય કરતાં વધુ જોવા મળી રહ્યું છે. ઉત્તરકાશીમાં સીએમ પુષ્કર સિંહ ધામીનું હેલિકોપ્ટર કરા પડવા વચ્ચે લેન્ડ થયું. આ તરફ, દેશના ઘણા શહેરોમાં હજુ પણ હીટવેવની સ્થિતિ છે. શનિવારે મહારાષ્ટ્ર અને રાજસ્થાનના 4 શહેરોમાં તાપમાન 44C થી વધુ રહ્યું. મહારાષ્ટ્રનું વર્ધા 44.5C તાપમાન સાથે દેશમાં સૌથી ગરમ રહ્યું. ચંદ્રપુરમાં 44.4C પારો રહ્યો. રાજસ્થાનના જેસલમેરમાં 44.4C અને બાડમેરમાં 44.3C તાપમાન નોંધાયું. છત્તીસગઢના ધમતરીમાં રસ્તાઓ પર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો. જેમાં સુરેન્દ્રનગરમાં સૌથી વધુ તાપમાન નોંધાયું છે. સાત દિવસ સુધી તાપમાનમાં કોઈપણ પ્રકારનો મોટો બદલાવ જોવા મળશે નહીં. આજે અમદાવાદમાં 43 ડિગ્રી અને ગાંધીનગરમાં 42 ડિગ્રી તાપમાન રહેવાનું અનુમાન છે. દરિયાકાંઠા વિસ્તારમાં તેજ પવન ફૂંકાઈ શકે છે. અમદાવાદમાં યલો એલર્ટ પણ આપવામાં આવ્યું છે.

પવનની દિશા બદલાઈ હોવાથી રાજ્યના નાગરિકોને હજુ પણ ગરમી સહન કરવી પડશે. આજમાં દિવસમાં તાપમાનમાં કોઈપણ મોટો ફેરફાર જોવા મળશે નહીં. પશ્ચિમ દિશા તરફથી ફૂંકાતા પવન ગરમ



અને સૂકા હોવાથી તાપમાનમાં કોઈ બદલાવ જોવા મળી રહ્યો નથી. જો કે મેં મહિનામાં શરૂઆતથી જ અસહ્ય ગરમીની શરૂઆત થઈ ગઈ છે. છેલ્લા બે દિવસથી દિવસ દરમિયાન જ નહીં રાત્રે પણ લોકોને ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.

અમદાવાદમાં સૂર્યનાં કિરણોની તીવ્રતા 1100 વોટ પ્રતિ સ્ક્વેર મીટર પર પહોંચી છે. સરળ ભાષામાં કહીએ તો આપણી અગાશી કે રસ્તા પર દર એક મીટરના વિસ્તારમાં 100 વોટના 11 બલ્બ એકસાથે જેટલી ગરમી આપે, તેટલો તાપ અત્યારે આકાશમાંથી વરસી રહ્યો છે. હવામાન વિભાગના 'સનશાઈન રેકોર્ડર' (સૂર્યનાં તાપની તીવ્રતા માપવાનું સાધન)માં આ ચોંકાવનારી વિગત સામે આવી છે.

આ સિવાય પણ બપોરે 12થી 2 વાગ્યા દરમિયાન સોલાર રેડિએશન અને અલ્ટ્રા વાયલેટ (UV) ઈન્ડેક્સ 11થી 12 વચ્ચે નોંધાયો છે, જે 'ઘાતક' શ્રેણીમાં આવે છે. ડર્મેટોલોજિસ્ટના કહેવા મુજબ, આ સ્થિતિમાં જો સતત 15થી 20 મિનિટ ઊભા રહેવાનું થાય તો ચામડીના કોષો બળવાનું જોખમ ઊભું કરે છે. માપન પદ્ધતિ:હવામાન વિભાગ સનશાઈન રેકોર્ડર' નામના સાધનનો ઉપયોગ કરે છે. આ એક નાનો કાચનો ડોમ હોય છે, જેની અંદર અત્યંત સેન્સિટિવ બ્લેક સેન્સર હોય છે.

કાર્ય પદ્ધતિ: સૂર્યનાં કિરણો જ્યારે આ બ્લેક સેન્સર પર પડે છે ત્યારે તે ગરમ થાય છે. આ ગરમીના આધારે સાધન 'વોલ્ટેજ' પેદા કરે છે.

દેશના મોટાભાગના વિસ્તારોમાં શનિવારે ભારે પવનો સાથે વરસાદે ભીષણ ગરમીમાંથી રાહત આપી. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર અને છત્તીસગઢ એટલે કે 8 રાજ્યોમાં તેજ પવનો સાથે વરસાદ થયો. ઘણી જગ્યાએ કરા પણ પડ્યા.

રાજસ્થાનના જયપુર, બીકાનેર, જોધપુર સહિત ઘણા શહેરોમાં તેજ આંધી ચાલી. 11 શહેરોમાં પારો 40 ડિગ્રીથી નીચે આવી ગયો. જયપુરના જયસિંહપુરા ખોરમાં તોફાનથી વીજળીનો તાર તૂટીને રસ્તા પર પડી ગયો. તેની ઝપેટમાં આવવાથી બાઈક સવાર યુવક જીવતો સળગી ગયો. ઉત્તરાખંડના દેહરાદૂનમાં કરા પડ્યા. ઉત્તરકાશીમાં સીએમ પુષ્કર સિંહ ધામીનું હેલિકોપ્ટર કરા પડવા વચ્ચે લેન્ડ થયું. આ તરફ, દેશના ઘણા શહેરોમાં હજુ પણ હીટવેવની સ્થિતિ છે. શનિવારે મહારાષ્ટ્ર અને રાજસ્થાનના 4 શહેરોમાં તાપમાન 44C થી વધુ રહ્યું. મહારાષ્ટ્રનું વર્ધા 44.5C તાપમાન સાથે દેશમાં સૌથી ગરમ રહ્યું. ચંદ્રપુરમાં 44.4C પારો રહ્યો. રાજસ્થાનના જેસલમેરમાં 44.4C અને બાડમેરમાં 44.3C તાપમાન નોંધાયું. છત્તીસગઢના ધમતરીમાં રસ્તાઓ પર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો.

ગુમ થયાની સ્ટોરી ઘડી પોલીસને ચકરાવે ચડાવી; દીકરાએ ખોલ્યું મર્ડરનું રહસ્ય

# પત્નીનું મર્ડર કરી 5 દિવસ લાશ સાથે રહ્યો પતિ લાકડાની પેટીમાં બોડી છૂપાવી સિમેન્ટનું લેયર કર્યું

**મર્ડરનું રહસ્ય**

સુરતના સલાબતપુરા વિસ્તારમાં માનવતાને શર્મસાર કરી દેતી એક અત્યંત કરુણ અને ક્રૂર હત્યાની ઘટના સામે આવી છે

• સુરત

સુરતના સલાબતપુરા વિસ્તારમાં માનવતાને શર્મસાર કરી દેતી એક અત્યંત કરુણ અને ક્રૂર હત્યાની ઘટના સામે આવી છે, જેમાં એક પાષાણ હૃદયના પતિએ પોતાની પત્નીની હત્યા કરી પુરાવા મિટાવવા માટે લાશને લાકડાની પેટીમાં પેક કરી તેના પર સિમેન્ટનું પ્લાસ્ટર લગાવી દીધું હતું. હત્યારો પતિ વિશાલ સાલવી પાંચ દિવસ સુધી પત્નીની લાશ સાથે જ ઘરમાં રહ્યો અને બહાર પત્ની ગુમ હોવાનું જૂઠું નાટક રચી પોલીસ તથા પરિવારને છેતરતો રહ્યો હતો. અંતે, 13 વર્ષના પુત્રને મળેલી કબૂલાતની ચિઠ્ઠીએ આ ઘૃણાસ્પદ ગુનાના ભયાનક રહસ્ય પરથી પડદો ઉઠાવ્યો છે.મૂળ આરોપી વિશાલ સાલવીએ પોતાની પત્ની શિલ્પાની હત્યા કર્યા બાદ તેની લાશને સહારા દરવાજા



પાસે આવેલી કાગજીની ચાલમાં આવેલા પોતાના જૂના મકાનમાં છુપાવી દીધી હતી. હત્યાના પુરાવા મિટાવવા માટે તેણે લાશને લાકડાની પેટીમાં મૂકી તેના પર સિમેન્ટનું પડ ચડાવી દીધું હતું, જેથી લાશ સડવા લાગે તો પણ દુર્ગંધ બહાર ન આવે.હત્યાની આ ઘટના ગત 20 એપ્રિલે બની હતી. વિશાલ સાલવીએ પાંચ દિવસ સુધી પોલીસ અને પરિવારને અંધારામાં રાખ્યા હતા. શિલ્પાના પિતા પ્રદિપભાઈ કોસ્ટાએ જ્યારે ફોન કર્યો ત્યારે વિશાલે બનાવટી વાર્તા ઘડી કાઢી હતી કે, 'મેં શિલ્પાને હોસ્પિટલ પાસે ઉતારી હતી અને ત્યારથી તે ગુમ છે.' પિતા જ્યારે સુરત આવ્યા ત્યારે વિશાલ પોતે તેમની સાથે પોલીસ સ્ટેશન જઈને પત્ની ગુમ થઈ હોવાની ફરિયાદ નોંધાવીને તપાસમાં મદદ કરવાનો દેખાવ પણ કરતો હતો.

આ રહસ્યનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે 25 એપ્રિલની રાત્રે શિલ્પાના 13 વર્ષના પુત્ર આરવે પોતાના સંબંધીને એક ચિઠ્ઠીનો ફોટો વોટ્સએપ પર મોકલ્યો. આ ચિઠ્ઠી તેના પિતા વિશાલે તેને આપી હતી અને ત્યારબાદ તે ઘર છોડીને ફરાર થઈ ગયો હતો. ચિઠ્ઠીમાં વિશાલે કબૂલાત કરતા લખ્યું હતું કે, 'મેં ગુનો કર્યો છે અને આ માટે હું પોતે જ જવાબદાર છું.' આ સાથે જ તેણે હત્યાની તારીખ 20 એપ્રિલ અને લાશ ક્યાં છુપાવી છે, તેનું ચોક્કસ સરનામું પણ લખ્યું હતુંજ્યારે પોલીસ અને પરિવારજનો ચિઠ્ઠીમાં દર્શાવેલા કાગજીની ચાલના મકાને પહોંચ્યા ત્યારે ત્યાંથી સિમેન્ટના પ્લાસ્ટર નીચે દબાયેલી શિલ્પાની કોહવાયેલી લાશ મળી આવી હતી.પોલીસને મળેલી ચિઠ્ઠીમાં વિશાલ સાલવીએ લખ્યું હતું: 'હું વિશાલ રણછોડભાઈ સાલવી, આથી જણાવું છું કે લગ્નના ત્રણ વર્ષ પછી મારી પત્નીના વર્તનમાં બદલાવ આવવા લાગ્યો અને અમારા સંબંધોમાં અણબનાવ શરૂ થયો. આ બધું હું લાંબા સમય સુધી સહન કરતો રહ્યો, પરંતુ આખરે કંટાળીને અને મજબૂર થઈને મેં આ ગુનો કર્યો છે. આ બાબતમાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ નથી, તમામ ગતિવિધિ મેં જાતે જ કરી છે.'મૃતક શિલ્પાના પિતાના જણાવ્યા મુજબ, વિશાલ કોઈ કામધંધો કરતો ન હતો, જેને લઈને દંપતી વચ્ચે સતત ઝઘડા થતા હતા.

15 વર્ષીય કિશોર સામે પોક્સો હેઠળ ગુનો નોંધાયો, માનવતાને શર્મસાર કરતી ઘટના

# સુરતમાં મસ્જિદના બાથરૂમમાં 5 વર્ષના માસૂમ પર સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય

• સુરત

સુરત શહેરના લાલગેટ વિસ્તારમાં માનવતા શર્મસાર થાય તેવી ઘટના સામે આવી છે. મસ્જિદના બાથરૂમમાં એક 15 વર્ષીય કિશોરે 5 વર્ષના માસૂમ બાળકને પૈસાની લાલચ આપી તેની સાથે અડપલાં કરી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. બાળકે આ અંગે તેના નાનાને જાણ કરતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. પોલીસે આરોપી કિશોર વિરુદ્ધ પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



મળતી માહિતી પ્રમાણે, બે દિવસ પહેલા શુક્રવાર હોવાથી ફરિયાદી મહિલાએ તેના 5 વર્ષના પુત્રને તેના પિતા (બાળકના નાના) પાસે નમાઝ પઢવા માટે મોકલ્યો હતો. બપોરના આશરે 2 વાગ્યાના અરસામાં બાળકને પેશાબ લાગતા તે મસ્જિદના બાથરૂમમાં ગયો હતો. આ દરમિયાન ત્યાં હાજર 15 વર્ષીય કિશોરે માસૂમને પૈસા બતાવવાની લાલચ આપી બાથરૂમની અંદર લઈ ગયો હતો.

બાથરૂમમાં લઈ જઈ કિશોરે બાળકના કપડાં ઉતારી તેની સાથે અડપલાં કર્યા હતા અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. જ્યારે માસૂમ બાળકે ગભરાઈને બૂમ પાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે આરોપીએ તેનું મોઢું જોરથી દબાવી દીધું હતું અને પગ વડે દરવાજો બંધ રાખવાનો પ્રયાસ કર્યો હતો. આ શરમજનક કૃત્ય બાદ આરોપી ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

બાળકે આ ઘટનાની જાણ તરત જ તેના નાનાને કરી હતી. ત્યારબાદ તેને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખાતે મેડિકલ ચેકઅપ માટે લઈ જવામાં આવ્યો હતો. લાલગેટ પોલીસ સ્ટેશનમાં આરોપી 15 વર્ષના કિશોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# નર્મદા જિલ્લામાં ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાઓમાં ૨૪ કેન્દ્રો ખાતે ૫૨૨ બ્લોકમાં કુલ-૧૪૫૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

• રાજપીપલા,

સમગ્ર રાજ્યમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬થી લેવાનારી ધોરણ- ૧૦ (SSC) અને ૧૨ (HSC) સામાન્ય -વિજ્ઞાન પ્રવાહની નિયમિત/રિપીટર/પૃથક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ શરૂ થનાર છે. ત્યારે નર્મદા જિલ્લામાં પરીક્ષા સંપૂર્ણ સુચારૂ રીતે યોજાય અને વિદ્યાર્થીઓ નિર્ભયપણે મુક્ત વાતાવરણમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષામાં ભાગ લે અને આ પરીક્ષાઓ શાંતિમય વાતાવરણમાં સંપન્ન થાય તેવા ઉમદા હેતુસર નિવાસી અધિક કલેકટરશ્રી સી.કે.ઉંધાડની અધ્યક્ષતામાં પરીક્ષાની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે ઓબ્ઝર્વરઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારી ડો.કિરણબેન પટેલે બોર્ડ પરીક્ષા સંદર્ભે થયેલી તૈયારીઓ તેમજ પરીક્ષા દરમિયાન ઓબ્ઝર્વર તરીએ રાખવાની સાવચેતીની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ફેબ્રુઆરી/માર્ચ ૨૦૨૬ માં ધોરણ ૧૦ એસ.એસ.સી અને ધોરણ ૧૨ એચ.એસ.સી વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહના નિયમિત/ રિપીટર/પૃથક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા. ૧૮/૦૩/૨૦૨૬ દરમિયાન સવારે ૧૦.૩૦ થી ૦૧.૩૦ અને બપોરે ૦૩.૦૦ થી ૦૬.૩૦ કલાકે એમ બે સેશનમાં યોજાનાર છે. જેમાં કેન્દ્ર સંચાલક અને ઓબ્ઝર્વરે રાખવાની કાળજી, બોર્ડ દ્વારા નક્કી કરાયેલી સૂચનાઓ અંગે વિગતવાર જાણકારી આપી હતી. નર્મદા જિલ્લામાં ધોરણ ૧૦(એસ. એસ.સી) બોર્ડની પરીક્ષામાં જિલ્લાના ૧૬ પરીક્ષા કેન્દ્રો ખાતે ૮૭૧૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

# પુત્રને મળેલા જીવનદાનના બદલે અમરાવતીથી વૈષ્ણોદેવી સુધી 1700 કિલોમીટર સુધી 'આળોટતા ' જતા દેવીદાસની અતૂટ ભક્તિ'

• શહેરા,

મહારાષ્ટ્ર રાજ્યના અમરાવતી શહેરના રહેતા દેવીદાસ થોરાટના પુત્રને કરંટ લાગતા તેને દવાખાનામા દાખલ કરાયો. પણ પરિસ્થીતી જોતા તબીબોએ કહ્યુ કે તેના જીવનની આશા ટુંકી છે. તે વખતે જાણે માથા દેવીદાસને આભ તુટી પડ્યુ,પણ દેવીદાસ હતા માતા વૈષ્ણોદેવી ના ભક્,તેમણે દવાખાનામા માનતા લીધી કે હે માતા તુ મારા દિકરાને મોતના મુખમાંથી ઉગારી લેશે તો હુ તારા દ્વારા દંડવત રીતે આળોટતો આળોટતો આવીશ.સાચા દિલથી કરેલી પ્રાર્થના જાણે માતાજીએ સાંભળી લીધી અને ચમત્કાર થયો,દિકરોનો જીવ બચી ગયો. તબીબો પણ અવાક પામ્યા, કે જીવ બચશે નહી તેવુ તેમણે પણ લાગતુ હતુ, પણ રામ રાખે તેણે કોણ ચાખે, માનતા પુરી કરવા માટે દેવીદાસે લીધેલા સંકલ્પને પુરો કર્યો છે. તેઓ આ રીતે પાંચ વખત આળોટતા આળોટતા વૈષ્ણોદેવી જવાના છે. તેઓ અગાઉ બે વખત આ રીતે વૈષ્ણોદેવીજઈ આવ્યા છે.આ ત્રીજીવાર જઈ રહ્યા છે. આ ખરેખર શ્રદ્ધા અને અતૂટ વિશ્વાસની એક અદભૂત કહાની છે. અમરાવતીના દેવીદાસજી આ યાત્રા માત્ર શારીરિક કષ્ટ નથી, પણ એક પિતાનો પોતાની શ્રદ્ધા પ્રત્યેનો સમર્પણ ભાવ છે. દેવીદાસ જણાવે છે તેઓને રસ્તામા ઘણા લોકો મદદ કરે છે. જમવાની સાથે રહેવાની પણ વ્યવસ્થા કરી દે છે. મંદિરમાં અમને આસરો મળી રહે છે. આ પહેલા બે વખત યાત્રા કરી ચુકયો હોવાથી ઘણા લોકો મને ઓળખે છે. તેમની સાથે હાલમા એક સાધુ પણ જોડાયેલા છે. સાયકલ પર જરુરીયાત સામાન લઈને સાથે માતાજીના ગીતો વગાડતા તેઓ જઈ રહ્યા છે .તેઓ બે મહિના પહેલા નીકળ્યા હતા.

સુરતમાં બેફામ ટ્રક અડફેટે આધેડનું કમકમાટીભર્યું મોત

# સુમુલ ડેરીના ટ્રકની ટક્કરે બાઈક સવાર બંને ભાઈઓ રોડ પર ઘસડાયા, ઘરના મોભીના મોતથી પરિવાર શોકમાં ગરકાવ

• સુરત

સુરતના કતારગામ વિસ્તારમાં અલ્કાપુરી બ્રિજ નીચે પુરઝડપે આવી રહેલા સુમુલ ડેરીના ટ્રકે એક મોટરસાયકલને ટક્કર મારતા સર્જાયેલા ગંભીર અકસ્માતમાં 54 વર્ષીય કાંતિભાઈ ગેવરીયાનું મોત નીપજ્યું છે. આ ઘટનામાં તેમના નાના ભાઈ વજુભાઈ ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને હાલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.નાના વરાછાના રહેવાસી વજુભાઈ ગેવરીયા (ઉ.વ.52)અને તેમના મોટા ભાઈ કાંતિભાઈ પોતાની મોટરસાયકલ (GJ-05-KC-1111) પર જૂના કતારગામથી બેડ લેવા માટે નીકળ્યા હતા. અલ્કાપુરી બ્રિજ



નીચે સર્કલ પાસે વણાંક લેતી વખતે પાછળથી આવી રહેલા સુમુલ ડેરીના ટ્રકે (GJ-21-Y-6900) તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કરને કારણે બંને ભાઈઓ રોડ પર પટકાયા બાદ ટ્રકની નીચે અમુક અંતર સુધી ઘસડાયા હતા. દુર્ઘટના બાદ સ્થાનિકોએ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઈજાગ્રસ્ત વજુભાઈને વિનસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે ગંભીર ઈજાઓ પામેલા કાંતિભાઈને સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ટેક્સટાઈલ વ્યવસાય સાથે સંકળાયેલા અને સરથાણામાં રહેતા કાંતિભાઈના અવસાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.કતારગામ પોલીસે આ મામલે ટ્રક ચાલક પ્રિન્સ સંજયભાઈ પાલ (ઉ.વ. 18, રહે. મહિધરપુરા) વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડની તજવીજ હાથ ધરી છે.ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમો 281, 106(1), 125(a), 125(b) અને મોટર વાહન અધિનિયમ હેઠળ બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

## આપમાંથી ભાજપમાં ગયેલા સાંસદો ભયભીત

નવીદિલ્હી : આપમાંથી ભાજપમાં ગયેલા ૭ સાંસદોમાંથી ૬ સાંસદો પંજાબના છે. હવે સ્વાભાવીક રીતે બને છે એમ એમના પ્રત્યે રાજકીય કિન્નાખોરી રાખીને પંજાબ સરકાર એમને યેનકેન પ્રકારે હેરાન કરે છે. સાંસદ સંદીપ પાઠક સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. એફઆઈઆરમાં કેટલીક કલમો બીનજામીન પાત્ર છે. એમને પકડવા પંજાબ પોલીસ દિલ્હી પણ પહોંચી હતી. એજ રીતે ભૂતપૂર્વ ક્રિકેટર અને સાંસદ હરભજન સિંહની સિક્યુરીટી પંજાબ સરકારે પાછી ખેંચી લીધી છે. થોડા સમય પહેલા રાઘવ ચઢ્ઢાની સિક્યુરીટી પણ પાછી ખેંચી લેવામાં આવી હતી. હરભજન સિંહ અને એના પરિવારની સિક્યુરીટી પાછી ખેંચાતા તેઓ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં ગયા હતા. એમની અરજીની સુનાવણી કરતા જસ્ટીસ જગમોહન બંસલની બેન્ચે પંજાબ સરકારને હુકમ કર્યો છે કે કેસની સુનાવણી ચાલે ત્યાં સુધી હરભજન સિંહ કે એમના પરિવારના કોઈપણ સભ્યને શારીરિક નુકસાન પહોંચવું જોઈએ નહીં. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીની ગણતરી પહેલા જ ટીએમસી અને ભાજપના નેતાઓ સક્રિય થઈ ગયા છે. સામાન્ય રીતે પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ભારે હિંસા થાય છે, પરંતુ આ વખતે છુટી છવાઈ હિંસા જ થઈ હતી. બંને પક્ષના નેતાઓમાં પરીણામ માટે આત્મવિશ્વાસ છે. કોલકત્તા ખાતે આવેલા તૃણમુલ કોંગ્રેસની ઓફિસમાં મોટા ટોળાઓ ભેગા થયા હતા. ટીએમસીના નેતાઓએ એક્ઝિટ પોલને માન્ય રાખ્યો નથી. બીજી તરફ ભાજપના નેતાઓ માને છે કે, પશ્ચિમ બંગાળમાં જીત ભાજપની છે. ભાજપના ઉમેદવાર દિલીપ ઘોષએ કહ્યું હતું કે બીજેપી બહુમતી સાથે જીતશે. ચુંટણી પ્રચારમાં બંને પક્ષના નેતાઓ અને કાર્યકરો થાકી ગયા હોવા છતાં ચૂંટણી પુરી થયા પછી પણ સક્રીય દેખાતા હતા. સામ્યવાદી પક્ષ અને કોંગ્રેસ સ્પર્ધામાં નહીં હોવાથી એમની ઓફિસોમાં કાગડા ઉડી રહ્યા છે. અલ્હાબાદ હાઈકોર્ટે રાહુલ ગાંધી સામે એફઆઈઆર કરવાની માંગણી ફગાવી દીધી છે. આ અરજી રાહુલ ગાંધીએ કરેલા વિવાદીત નિવેદન પછી દાખલ કરવામાં આવી હતી. જસ્ટીસ વિક્રમ ડી ચૌહાણની બેન્ચે આ હુકમ કર્યો હતો. હિન્દી શક્તિદળના સભ્ય સિમરણ ગુપ્તાએ અરજી દાખલ કરી હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે રાહુલ ગાંધીના ભાષણને કારણે દેશભરના લોકોની લાગણીને ઠેસ પહોંચી છે. ૨૦૨૫માં એઆઈસીસીની ઓફિસનું ઉદ્ઘાટન કરતી વખતે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'હવે અમે ભાજપ, આરએસએસ અને ભારતીય રાજ્ય, ત્રણે સામે લડી રહ્યા છીએ.' આ પહેલા એફઆઈઆર દાખલ કરવાની અરજી નીચલી કોર્ટે પણ ફગાવી દીધી હતી. ત્યાર પછી અરજી કરનારે હાઈકોર્ટ પાસે દાદ માંગી હતી. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીના પરિણામ પહેલા રાજ્યમાં ઉત્તેજના છે. ચૂંટણીના પરિણામના થોડા કલાકો પહેલા મમતા બેનર્જી અને ટીએમસીના રાષ્ટ્રીય મહામંત્રી અભિષેક બેનર્જીએ એક અગત્યની બેઠક બોલાવી હતી. વર્ચુઅલ બેઠક તમામ કાઉન્ટીંગ એજન્ટો સાથે કરવામાં આવી હતી જેથી મતગણતરીને દિવસે કોઈ ભૂલ થાય નહીં. આ મીટીંગમાં તમામ ૨૯૧ બેઠકોના એજન્ટોએ ભાગ લીધો હતો. આ તમામ બેઠકો પર ટીએમસીએ પોતાના ઉમેદવાર ઉભા રાખ્યા છે. બાકીની ત્રણ બેઠકો પર એમનો સાથીદાર પક્ષ ભારતીય ગોરખા પ્રજાતાંત્રીક મોરચા (બીજીપીએમ) દાર્જીલિંગ હિલ્સથી ચૂંટણી લડે છે. એજન્ટોને કહેવામાં આવ્યું હતું કે, મતગણતરી પુરી થાય એ પહેલા સેન્ટરમાંથી બહાર નિકળવું નહીં. જ્યાં સુધી જીતેલા ઉમેદવારને સર્ટીફિકેટ આપવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ ત્યાં જ રહે. તામિલનાડુ વિધાનસભાની ચૂંટણીના પરિણામ પહેલા રાજકીય નીવેદનબાજી વધી ગઈ છે. તમિલાગા વેટ્રી કડગમ (ટીવીકે)ની કાર્યકારી સમિતિના સંયોજક કે એ સેનગોટ્ટેયનએ એવો દાવો કર્યો છે કે એમના પક્ષને ૨૩૪માંથી ઓછામાં ઓછી ૧૮૦ બેઠકો મળશે. એમના દાવા પ્રમાણે ટીવીકે ફક્ત બહુમતિ નહીં મેળવશે, પરંતુ ટીવીકેનું લક્ષ્ય ૧૮૦થી ૨૦૦ સીટો જીતવાનું છે. પક્ષને તામિલનાડુના લોકોનું જબરદસ્ત સમર્થન મળી રહ્યું છે. ટીવીકેના પ્રમુખ વિજય માટે લોકોમાં જબરો ક્રેઝ છે. ઘણા વિરોધ અને ચેલેન્જ હોવા છતાં વિજયએ પોતાની રાજકીય યાત્રા ચાલુ રાખી છે.

# હિન્દુકુશમાં બરફનું પ્રમાણ ઘટયું, 200 કરોડ લોકો પર જોખમ

### હિમાલયમાં ઘટી રહેલા બરફથી ગંગા, સિંધુ, બ્રહ્મપુત્રા, મેકાંગ નદીઓ પ્રભાવિત, આ સ્થિતિ એશિયામાં જળસંકટ લાવી શકે




**અહેવાલ જણાવે છે કે, હિંદુકુશમાં બરફ રહેવાનો સમય સામાન્ય કરતા 27.8 ટકા જેટલો ઘટી ગયો છે. છેલ્લાં 20 વર્ષોમાં આ સ્તર સૌથી નીચે આવી ગયું છે. ચિંતાજનક વાત એવી પણ છે કે, હિમાલયમાં સતત ચોથા વર્ષે ઓછો બરફ પડવાનું અને ત્યારબાદ ઓછા સમય માટે આ બરફ ટકવાનું નોંધવામાં આવ્યું છે : હિમાલયમાં બરફ ઓછો પડતો હોવાના કારણે અને ઓછો ટકતો હોવાના કારણે તેમાંથી નીકળતી 12 મુખ્ય નદીઓમાંથી 10 નદીઓના ખીણમાં પણ ઓછો બરફ જોવા મળી રહ્યો છે. મેકાંગ બેસિનમાં સૌથી વધારે 59.5 ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે. બીજી તરફ તિબેટ પઠારમાં પણ 47.4 ટકાનો મોટો ઘટાડો નોંધવામાં આવ્યો છે : ઉત્તરાખંડના ગંગોત્રી ગ્લેશિયરમાં ગંગા નદીનો મુખ્ય સ્ત્રોત આવેલો છે.**

હિમાલય પર્વતમાળા અને હિંદુકુશ પર્વતમાળા કે જેને આપણે બરફાચ્છાદિત શિખરો દ્વારા ઓળખીયે છીએ તે હવે પોતાની ઓળખ ગુમાવી રહ્યા છે. તાજેતરમાં આવેલા એક વૈજ્ઞાનિક અહેવાલે લાલબત્તી સમાન વિગતો રજૂ કરી છે. સંશોધકો જણાવે છે કે, ગંગા અને સિંધુ જેવી નદીઓ જેને આપણે લોકમાતાઓ કહીએ છીએ તેની સ્થિતિ ખરાબ થઈ રહી છે. આ નદીઓમાં પાણી સુકાઈ રહ્યું છે. હિમાલય ઉપર બરફનો દુકાળ પડી રહ્યો હોય તેવી સ્થિતિ છે. અહીંયા સતત બરફનું સ્તર ઘટી રહ્યું છે અને તેના કારણે એશિયા ઉપર પાણી પુરવઠાનું સૌથી મોટું જોખમ સર્જાયું છે. સંશોધકો માને છે કે, ગ્લોબલ વોર્મિંગની અસર હવે માત્ર તાપમાન સુધી જ સિમિત રહી છે તેવું નથી, ધીમે ધીમે તેના કારણે પાણીના સ્ત્રોત ઉપર વ્યાપક અસર પડવા લાગી છે. હિમાલય કે જેને વોટર ટાવર ઓફ એશિયા કહેવામાં આવે છે તે હવે ધીમે ધીમે નબળો પડી રહ્યો છે. ગ્લોબલ વોર્મિંગ કે ક્લાઈમેટ ચેન્જના કારણે સર્જાયેલી આ માત્ર એક કુદરતી સમસ્યા નથી પણ તેની અસર સામાજિક અને આર્થિક સ્તરે પણ જોવા મળશે. હિમાલય અને હિંદુકુશમાં બરફનું સ્તર સતત ઘટી રહ્યું છે. જાણકારો માને છે કે, જો આ રીતે જ બરફનું પ્રમાણ ઘટતું રહેશે તો આવનારા સમયમાં કરોડો લોકો સામે પાણીની સમસ્યા ઊભી થશે. આ ઉપરાંત લોકોને ખેતી માટે, વપરાશ માટે પાણી નહીં મળે અને વીજળીનું પણ મોટું સંકટ સર્જાશે.

ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટિગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટ દ્વારા તાજેતરમાં જ રજૂ કરવામાં આવેલા ૨૦૨૬ના અહેવાલમાં આ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. આ અહેવાલ જણાવે છે કે, હિંદુકુશમાં બરફ રહેવાનો સમય સામાન્ય કરતા ૨૭.૮ ટકા જેટલો ઘટી ગયો છે. છેલ્લાં ૨૦ વર્ષોમાં આ સ્તર સૌથી નીચે આવી ગયું છે. ચિંતાજનક વાત એવી પણ છે કે, હિમાલયમાં સતત ચોથા વર્ષે ઓછો બરફ પડવાનું અને ત્યારબાદ ઓછા સમય માટે આ બરફ ટકવાનું નોંધવામાં આવ્યું છે. બરફનું સ્તર ઘટવાની સીધી અસર ગંગા, સિંધુ, બ્રહ્મપુત્રા અને મેકાંગ જેવી નદીઓ ઉપર પડી રહી છે. આઈસીઆઈએમઓડીના અહેવાલ અનુસાર હિમાલયમાં બરફ ઓછો પડતો હોવાના કારણે અને ઓછો ટકતો હોવાના કારણે તેમાંથી નીકળતી ૧૨ મુખ્ય નદીઓમાંથી ૧૦ નદીઓના ખીણમાં પણ ઓછો બરફ જોવા મળી રહ્યો છે. મેકાંગ બેસિનમાં સૌથી વધારે ૫૯.૫ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે. બીજી તરફ તિબેટ પઠારમાં પણ ૪૭.૪ ટકાનો મોટો ઘટાડો નોંધવામાં આવ્યો છે. આ આંકડા સ્પષ્ટ રીતે જણાવે છે કે, નદીઓના બેસીનમાં બરફનું સ્તર ઘટી રહ્યું છે અને તેના કારણે આ નદીઓમાં પાણીનું સ્તર પણ ઘટી રહ્યું છે. તેના કારણે માત્ર ભારત નહીં પણ હિમાલય સાથે જોડાયેલા એશિયાના તમામ દેશોને અસર થાય તેમ છે. જો ખરેખર તેવું થશે તો ૨૦૦ કરોડ કરતા





વધારે લોકો આ અસર હેઠળ આવી જશે. હિમાલયના પર્વતો ઉપર શિયાળા દરમિયાન જે બરફ પડે છે તે ઉનાળો આવતા ઓગળવા લાગે છે. તેના કારણે હિમાલય ક્ષેત્રની નદીઓમાં પાણીમાં ઉમેરો થાય છે. અહીંયાની મોટાભાગની નદીઓ ઉનાળામાં બરફ ઓગળતા આવતા પાણી ઉપર જ આધાર રાખે છે. છેલ્લાં કેટલાક વખતથી આ વિસ્તારમાં બરફ ઓછો પડી રહ્યો છે. આ ઉપરાંત જે બરફ જમા થવો જોઈએ તે પણ થઈ રહ્યો નથી. તેના કારણે તેની સાથે જોડાયેલી નદીઓમાં પાણી ઓછું આવી રહ્યું છે. તેના પ્રવાહને પણ અસર પડી છે. સિંધુ અને હેલમંદ જેવી નદીઓમાં અંદાજે ૧૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ આંકડા સ્પષ્ટ રીતે આગામી સમયમાં ભયાનક જળસંકટ તરફ ઈશારા કરી રહ્યા છે. ચિંતાજનક બાબત એવી છે કે, હિમાલયમાં સ્નો પર્સિસ્ટન્સમાં ઘટાડો થયો છે. પર્વતો ઉપર જે બરફ પડે છે તે ટકી રહેવાના સમયમાં મોટો ઘટાડો આવ્યો છે. સ્નો પર્સિસ્ટન્સ જ હિમાલયની નદીઓના જળચક્રનો મુખ્ય સ્ત્રોત અને ભાગ છે. હિમાલયના શીખરો અને મેદાની બેસિનમાં જે બરફ જમા થાય છે તે ધીમે ધીમે ઓગળે છે અને નદીઓમાં જળસ્તરમાં ઉમેરો થાય છે. હવે આ જગ્યાએ જો બરફ ઓછો જમા થાય કે પછી વહેલો ઓગળી જાય તો સમગ્ર જળચક્ર ખોરવાય છે. તેના કારણે અચાનક પૂર અને લાંબા સમયે દુકાળ જેવી સ્થિતિ સર્જાય છે. ગંગા અને સિંધુ જેવી નદીઓ કરોડો લોકો માટે જીવનરેખા છે. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળ જેવા દેશોની મોટી વસતી આ નદીઓના પાણી ઉપર આધારિત છે. આ નદીઓના બેસીનમાં બરફ ઘટી રહ્યો છે અને તેના કારણે તેના જળસ્તરમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. સતત ઘટી રહેલા બરફને કારણે આ નદીઓમાં પાણી ઘટે એટલે પીવા માટે પાણીની અછત, ખેતી માટે પાણીની અછત અને વીજળી ઉત્પાદન માટે પણ સમસ્યા થાય તેમ છે. જાણકારો માને છે કે, જો યોગ્ય રીતે જળ વ્યવસ્થાપન નહીં કરવામાં આવે તથા કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં નહીં આવે તો સમસ્યા વધુ વકરશે. સરકારે લાંબાગાળાની યોજના બનાવીને તાકીદે તેનો અમલ કરવો પડશે. સંશોધકોના જણાવ્યા પ્રમાણે હિમાલય પર્વતમાળાના શિખરો હવે સુકાવા લાગ્યા છે. અહીંયા યોગ્ય પ્રમાણમાં બરફ પડતો નથી. આ ઉપરાંત મેદાની વિસ્તારમાં પણ યોગ્ય બરફ પડતો નથી અને ટકતો પણ નથી. આ વર્ષે હિંદુકુશ હિમલાય વિસ્તારમાં જે બરફનું સ્તર છે તે છેલ્લાં બે દાયકામાં સૌથી નીચલા સ્તરે છે. ઉત્તરાખંડના ગંગોત્રી ગ્લેશિયરમાં ગંગા નદીનો મુખ્ય સ્ત્રોત આવેલો છે. તેના ઓગળવાનો દર બે દાયકામાં બમણો થઈ ગયો છે. ૧૯૨૦થી ૨૦૨૫ સુધીમાં તેમાં ૧૭૦૦ મીટરનો ઘટાડો જોવા મળ્યો છે. તે દર વર્ષે ૨૮થી ૩૦ મીટરની સરેરાશે ઓગળી રહ્યું છે. વૈજ્ઞાનિકોએ ચેતવણી પણ ઉચ્ચારી છે કે, કોઈપણ રીતે વૈશ્વિક સ્તરે તાપમાનનો આંકડો ૧.૫ ડિગ્રી સેલ્સિયસથી નીચે નહીં રાખવામાં આવે તો આ સદીના અંત સુધીમાં હિમાલયના ૮૦ ટકા ગ્લેશિયર્સ ઓગળી જાય તેવી શક્યતાઓ છે. ખરેખર જો આ ગ્લેશિયર્સ ઓગળી ગયા તો માત્ર માણસોને જ નહીં પણ સમગ્ર ઈકોસિસ્ટમને અસર પડશે. નેપાળ ઉપર ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગની વ્યાપક રીતે ખરાબ અસરો જોવા મળી રહી છે.

# 'સીએમ માન દારૂ પીને વિધાનસભામાં આવ્યા

નવીદિલ્હી : રાઘવ ચઢ્ઢા સહિત સાત આમ આદમી પાર્ટીના સાંસદો ભાજપમાં જોડાયા પછી પંજાબના રાજકારણમાં ગરમી આવી છે. આ ઘટના પછી આમ આદમી પાર્ટી અને વિરોધ પક્ષો વચ્ચે આરોપ-પ્રતીઆરોપ થઈ રહ્યા છે. વિવાદ વચ્ચે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ વિધાનસભાનું ખાસ સત્ર બોલાવ્યું છે. હવે આ ખાસ સત્રમાં રાજકીય શક્તિ પુરવાર કરવાના પ્રયત્ન થઈ રહ્યા છે. ભગવંત માનએ સ્પષ્ટ કહ્યું છે કે એમની સરકાર પાસે સંપૂર્ણ બહુમતિ છે અને કોઈપણ ક્ષણે તેઓ સાબિત કરવા તૈયાર છે. પંજાબ વિધાનસભામાં વિરોધપક્ષના નેતા પ્રતાપસિંહ બાજવાએ ચાલુ સત્રએ એલ્કોમીટર અને ડોપટેસ્ટીંગની માંગણી કરી હતી. એમના કહેવા પ્રમાણે જો મુખ્યમંત્રી દારૂ પીને વિધાનસભામાં આવ્યા હોય તો એનો કોઈ અર્થ નથી. અમારી માંગણી છે કે બધાની તપાસ કરવામાં આવે.



કોલકત્તામાં ઈવીએમ સ્ટ્રોંગરૂમ ખોલવા બાબતે તૃણમુલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ગરમાગરમી થઈ ગઈ હતી. તૃણમુલ કોંગ્રેસે ઈવીએમ સાથે છેડછાડ કરવાનો આરોપ મૂક્યો હતો. જોકે પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી કમિશનરે સ્ટ્રોંગરૂમમાં ઈવીએમ અને પોસ્ટલ બેલેટ સાથે છેડછાડ થયાના આરોપ નકાર્યા હતા. ત્યાર પછી મમતા બેનર્જીએ એક વીડિયો બનાવ્યો હતો જેમાં એમણે શંકા વ્યક્ત કરી હતી કે ઈવીએમ સાથે છેડછાડ થઈ શકે છે એટલે તૃણમુલના તમામ કાર્યકરોએ સ્ટ્રોંગરૂમ બહાર પહોંચીને નજર રાખવી જોઈએ. કોલકત્તા સ્ટ્રોંગરૂમના વિવાદ પર ભાજપના નેતા શુભેંદુ અધિકારીએ મમતાને વળતો જવાબ આપ્યો છે. અધિકારીએ કહ્યું છે કે, મમતા બેનર્જીને જ્યારે હારનો ડર સતાવે છે ત્યારે હંમેશા ઈવીએમની ગરબડનો આક્ષેપ કરે છે. છેલ્લા ૧૫ વર્ષોથી મમતા ઈવીએમનો વાંક કાઢે છે. જામીયા મીલ્લિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના કુલપતિ મઝહર આસીફના એક નિવેદન પછી વિવાદ થયો છે. આરએસએસની સ્થાપનાને પુરા થયેલા ૧૦૦ વર્ષ સંદર્ભે યુનિવર્સિટીમાં એક કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમના વીડિયોમાં કુલપતિ એમ કહી રહ્યા છે કે, પરંપરા અને સંસ્કૃતિમાં તફાવત છતા આપણે સૌ ભારતીઓ છીએ કારણ કે આપણા દરેકમાં મહાદેવના ડીએનએ છે. આ વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા પછી યુનિવર્સિટીના કેટલાક કટ્ટરવાદી સંગઠનોએ કુલપતિની ટીપ્પણીનો વિરોધ કર્યો હતો. એમનું માનવું હતું કે યુનિવર્સિટીનું ભગવાકરણ થઈ રહ્યું છે. જામીયાની સ્ટુડન્ટસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એસએફઆઈ)એ આ નિવેદનનો વિરોધ કરીને એને અવૈજ્ઞાનિક ગણાવ્યું છે. બીજી તરફ કુલપતિનો બચાવ કરનારાઓનું કહેવું છે કે કુલપતિએ ખોટી વાત નથી કરી કારણ કે, મહાદેવનું ડીએનએ હોવું એ ગૌરવની વાત છે. બંગાળ વિધાનસભા ચૂંટણીની મતગણતરી માટે ફક્ત કેન્દ્રીય કર્મચારીઓને જ પસંદ કરવામાં આવ્યા છે. તૃણમુલ કોંગ્રેસે આ બાબતે કલકત્તા હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને વાંધો લીધો હતો. કેસની સુનાવણી જસ્ટીસ કૃષ્ણારાવ કરી રહ્યા હતા. કૃષ્ણારાવે ચુકાદો આપ્યો છે કે ચૂંટણી કમિશનનો નિર્ણય યોગ્ય છે. સુનાવણી વખતે અરજી કરનારના વકીલ તથા ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જીએ દાવો કર્યો હતો કે, બીજા રાજ્યોમાં મત ગણતરી વખતે આ પ્રકારની નિમણુકો થતી નથી. ચૂંટણી કમિશનને આ પ્રકારની નિમણૂક કરવાની કોઈ સત્તા નથી. બેનર્જીએ કહ્યું હતું કે સરકારી કર્મચારીઓને મતદાન ડયુટી માટે બોલાવવામાં આવ્યા હતા, પરંતુ મુખ્ય ચૂંટણી કમિશનરે એક આદેશમાં કહ્યું હતું કે મતગણના વખતે અલગ અધિકારીઓ હાજર રહેશે. સામે દલીલમાં ચૂંટણી કમિશને કહ્યું હતું કે ચૂંટણી કમિશનના તમામ નિર્ણય કાયદાની મર્યાદામાં હોય છે. અહીં અરજી કરનારનો ઉદેશ મતગણતરી પાછળ ઠેલવવાનો છે. શીખ ફોર જસ્ટીસ (એસએફજે)ની ચઢામણીથી પંજાબના મોગા ડીસી ઓફિસ પર ખાલિસ્તાનનો ઝંડો ફરકાવવા બાબતે નેશનલ ઈનવેસ્ટીગેટીવ એજન્સી (એનઆઈએ)ની મોહાલી સ્થિત કોર્ટે આરોપીઓને પાંચ વર્ષની કડક જેલની સજા કરી છે. એસએફજેના પ્રવક્તા અને જાણીતા આતંકવાદી ગુરુપતવંત સિંહ પન્નુએ ખાલિસ્તાનનો ઝંડો ફરકાવવા માટે ઉશ્કેરણી કરી હતી. મોગા ખાતે રહેતા ઈન્દરજિત સિંહ અને જસપાલ સિંહને આઈપીસી, યુએ (પી) કાયદા અને રાષ્ટ્રીય સન્માનનું અપમાન કરવાની કલમો હેઠળ આ સજા ફરમાવી છે. બે આરોપી અમેરિકા ભાગી ગયા છે. ભાગી ગયેલા આરોપીઓને કોર્ટે ભાગેડુ જાહેર કર્યા છે. પન્નુ અમેરિકા બેઠો બેઠો ખાલિસ્તાનીઓને ભડકાવે છે. તપાસમાં વાત બહાર આવી હતી કે હરપ્રિતે ઈન્દરજિત અને જસપાલને આ કામ કરવા પૈસા આપ્યા હતા. અભિનેતામાંથી નેતા બનેલા વિજયના પક્ષ તમિલગા વેતરી કઝગમ (ટીવીકે) તામિલનાડુ વિધાનસભાની ચૂંટણીમાં સારો દેખાવ કરી શકે છે. વિવિધ એક્ઝિટ પોલ પ્રમાણે ટીવીકેને મળનાર મતની ટકાવારી ડીએમકે જેટલી જ હશે. ડીએમકેના ગઠબંધનને ૯૨થી ૧૦૦ બેઠકો જ્યારે ટીવીકેને ૯૮થી ૧૨૦ બેઠકો મળી શકે એમ છે. વિજયને અટકાવવા માટે મુખ્યમંત્રી સ્ટાલીને ઘણા કાવતરા કર્યા હતા. જોકે તામિલનાડુની પરંપરા પ્રમાણે ફિલ્મોમાં વિજયની લોકપ્રિયતાનો લાભ એને રાજકારણમાં પણ મળ્યો છે. સરવેમાં ૩૭ ટકા લોકોએ વિજયને ટેકો આપ્યો છે.

## શેરબજારમાં બાય-બેકનું ચલણ, તો માઈક્રોસોફ્ટમાં બાયઆઉટ

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રે બહુ જાણીતી એવી કંપની માઈક્રોસોફ્ટે તેના સ્ટાફના બાયઆઉટની જાહેરાત કરી હોવાથી આશ્ચર્ય સર્જાયું છે. લોકો શેરબજારની બાયબેક સિસ્ટમ વિશે જાણે છે, પરંતુ સ્ટાફના બાયઆઉટની વાત પ્રમાણમાં ઓછી જાણીતી છે. માઈક્રોસોફ્ટ તેના કર્મચારીઓને બાયઆઉટ (Buyout) ઓફર કરી રહ્યું છે. આપણે જેને સ્વૈચ્છીક નિવૃત્તિ કહીએ છીએ તેને અને બાયઆઉટને મા-માસી જેવો સંબંધ છે. સામાન્યપણે બાયઆઉટ એટલે એક એવો વ્યવહાર જેમાં એક પક્ષ બીજી કંપનીમાં નિયંત્રિત હિસ્સો અથવા માલિકી હસ્તગત કરે છે. જોકે, માઈક્રોસોફ્ટને લગતા તાજેતરના સમાચારોના સંદર્ભમાં, બાયઆઉટનો અર્થ કર્મચારીઓ માટેની સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના છે. આ એક એવું નાણાકીય પેકેજ છે જે સ્ટાફને સ્વેચ્છાએ કંપની છોડવા માટે પ્રોત્સાહિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આખું ટેક જગત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના ઉછાળાને કારણે આવતા મોટા ફેરફારો સામે ઝઝૂમી રહ્યું છે અને હકાલપટ્ટીનો માર ઝીલી રહ્યું છે. દુનિયામાં જ્યારે છટણી કરવાનો ટ્રેન્ડ શરૂ થયો છે ત્યારે માઈક્રોસોફ્ટે થોડો અલગ અભિગમ અપનાવ્યો છે. માઈક્રોસોફ્ટ તેના કેટલાક અમેરિકન કર્મચારીઓને બાયઆઉટ ઓફર કરશે. ૫૧ વર્ષ જૂની આ દિગ્ગજ કંપની માટે આ પ્રથમ ઘટના છે. એક અહેવાલ મુજબ, માઈક્રોસોફ્ટના અમેરિકા ખાતેના કુલ કર્મચારીઓમાંથી લગભગ ૭% કર્મચારીઓ બાયઆઉટ માટે પાત્રતા ધરાવે છે. ગુરુવારે એક મેમોમાં જાહેર કરાયેલ આ વન-ટાઈમ રિટાયરમેન્ટ પ્રોગ્રામ છે, જે સીનિયર ડિરેક્ટર અને તેનાથી નીચેના લેવલ પર કામ કરતા અમેરિકન કર્મચારીઓને લાગુ પડશે. જેમની નોકરીના વર્ષો અને ઉંમરનો સરવાળો ૭૦ કે તેથી વધુ થાય છે, તેવા કર્મચારીઓ તેનો લાભ લઈ શકશે. એમ્પ્લોયી બાયઆઉટ એટલે કંપની દ્વારા આપવામાં આવેલી સ્વૈચ્છિક રીતે નોકરી છોડવાનો એક વિકલ્પ, જ્યાં કામદારોને તેમની નોકરી છોડવા માટે નાણાકીય પ્રોત્સાહન આપવામાં આવે છે. લેઓફ (છટણી)થી આ વિપરીત સ્થિતિ છે. લેઓફમાં કર્મચારીઓને જવાનું કહેવામાં આવે છે, જ્યારે બાયઆઉટ કર્મચારીઓને પસંદગીની તક આપે છે. બાયઆઉટની ઓફર સ્વીકારનાર કર્મચારીને એકસાથે સારી એવી રકમની ચુકવણી થશે, કંપની તરફથી અપાતા વિવિધ લાભો પણ મળશે. જે કર્મચારીઓ બાયઆઉટના નેજા હેઠળ આવે છે તેમને ૭ મેના રોજ વિગતો પ્રાપ્ત થઈ જશે. વહેલી નિવૃત્તિના વિશે આમેય વિચારી રહેલા કર્મચારીઓ માટે આ એક આસાન અને આકર્ષક સ્કીમ છે. દેખીતી રીતે જ આ સ્ટાફ ઘટાડવાનો પ્રયાસ છે. બાયઆઉટનો ઉપયોગ ત્યારે કરવામાં આવે છે જ્યારે કંપનીઓ છટણીનો આશરો લીધા વિના ખર્ચ ઘટાડવા અને નવી ટીમ ઉભી કરવા માંગતી હોય. સામાન્ય રીતે વ્યવસાયમાં મંદી હોય, અન્ય ઉદ્યોગ પર શિફ્ટ થવું હોય, કંપની નવેસરથી માળખું તૈયાર કરાતું હોય ત્યારે બાયઆઉટની જરૂર પડે છે. માઈક્રોસોફ્ટના કિસ્સામાં, આ પગલું એવા સમયે આવ્યું છે જ્યારે ટેક ઉદ્યોગ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સંચાલિત મોટા પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે. માઈક્રોસોફ્ટ કંપની ડેટા સેન્ટર્સ અને છૈં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારે રોકાણ કરી રહી છે, જેના કારણે તે સ્ટાફને ઓછો કરી રહી છે. ૨૦૨૫ સુધીમાં માઈક્રોસોફ્ટ પાસે લગભગ ૨૨૮,૦૦૦ કર્મચારીઓ હતા.

# ન્યૂક્લિયર સબમરીન બનાવનાર ભારત કોમર્શિયલ જહાજ બનાવી શકતું નથી!

ભારતમાં ક્રૂડની અને ગેસની અછત પાછળ માત્ર વૈશ્વિક કારણ જ નહીં પણ આંતરિક કારણો પણ જવાબદાર છે. ભારત પાસે પોતાના કોમર્શિયલ જહાજો નથી. તે બીજા દેશોના અને વિદેશી કંપનીઓના જહાજો દ્વારા માલસામાનની આયાત-નિકાસ કરે છે. તેના કારણે દર વર્ષે અબજો રૂપિયાનું વિદેશી હુંડિયામણ ખર્ચાય છે અને સાથે પોતાની જરૂરિયાતના સમયે માલસામાન મળતો નથી. તાજેતરમાં પણ ઈરાન યુદ્ધને પગલે જે અછત સર્જાઈ છે તેમાં જોવા મળ્યું કે, ભારતના ગણતરીના જ કોમર્શિયલ જહાજો છે જ્યારે ચીન પાસે મોટી સંખ્યામાં જહાજોનો કાફલો છે. વાત એવી છે કે, થોડા સમય પહેલાં જ ભારતે આઈએનએસ અરિદમન નામની સ્વદેશિ ન્યૂક્લિયર પાવર સંચાલિત બેલાસ્ટિક મિસાઈલ સબમરિન પોતાના નૌસેનાના કાફલામાં જોડી હતી. મહત્ત્વની વાત એ છે કે, ન્યૂક્લિયર પાવર ધરાવતી સબમરિન બનાવવી તે ખૂબ જ પડકારજનક અને જટિલ એન્જિનિયરિંગ ધરાવતું કામ છે. ભારતનો સમાવેશ દુનિયાના એવા ગણતરીના દેશોમાં થાય છે જેની પાસે પોતાની સ્વદેશી બનાવટની ન્યૂક્લિયર પાવર સબમરીછે. આઈએનએસ અરિદમન આ કેટેગરીની ત્રીજી સબમરીનછે.

હવે સવાલ એવો થાય છે કે, આપણી પાસે પરમાણુ ઊર્જાથી ચાલતી સબમરીન બનાવવાની ટેક્નોલોજી અને આવડત છે પણ આપણે વિશાળ કોમશયલ જહાજો બનાવી શકતા નથી. જાણકારો માને છે કે તેની પાછળ ટેક્નોલોજી, આર્થિક બાબતો, અન્ય રણનીતિ અને બીજી ઘણી બાબતો સંકળાયેલી છે. ભારતનો મોટાભાગનો આંતરરાષ્ટ્રીય વેપાર દરિયાઈ માર્ગે જ થાય છે. ભારત પાસે આ વેપાર કરવા માટેના કોમર્શિયલ જહાજોની સંખ્યા ખૂબ જ ઓછી છે. વૈશ્વિક કોમર્શિયલ જહાજ નિર્માણમાં ભારતની ભાગીદારી ૧ ટકા કરતા પણ ઓછી છે. કોમર્શિયલ જહાજ બનાવવામાં ચીન અને સાઉથ કોરિયાનો દબદબો છે. તેમણે આ સેક્ટરમાં ૮૦ ટકા કબજો પોતાની પાસે રાખેલો છે. એક અહેવાલ જણાવે છે કે, ભારત પાસે ૧૫૦૦ની આસપાસ પોતાના કોમર્શિયલ જહાજો છે જે વૈશ્વિક સંખ્યાના ૧.૨ ટકા જ થાય છે. જાણકારો એવું માને છે કે, સબમરીન બનાવી શકતું, ૪૫૦૦૦ ટનના વજનનું વિમાનવાહક યુદ્ધજહાજ બનાવી શકતું ભારત કોમર્શિયલ જહાજ બનાવી શકતું નથી અથવા તો બનાવતું નથી તે એક વિચારવા જેવું પાસું છે. તે સામાન્ય જહાજના નિર્માણ ક્ષેત્રમાં સંઘર્ષ કરે છે તે નવાઈ પામવા જેવી બાબત છે છતાં તેની પાછળ ઘણા કારણો જવાબદાર છે. આઈક્રાના અહેવાલ અનુસાર ભારત દર વર્ષે જહાજોના આવાગમન પાછળ જ ૯૦ અબજ રૂપિયાનો ખર્ચ કરે છે. ભારત પાસે પૂરતી સંખ્યામાં જહાજ નથી તેથી કરોડો ડોલરનું વિદેશી હુંડિયામણ વિદેશી કંપનીઓ અને વિદેશી જહાજો લઈ જાય છે. બીજી તરફ રણનીતિક જાણકારો માને છે કે, પરમાણુ સબમરીન બનાવવી તે દેશની સુરક્ષા અને રણનીતિ માટે જરૂરી છે. તેમાં સરકારનું સમર્થન હોય છે અને તેમાં બજેટની પણ કોઈ મર્યાદા હોતી નથી. તેમાં ઉદ્દેશ પૈસા કમાવાનો નહીં પણ દેશની સુરક્ષાનો હોય છે. બીજી તરફ કોમશયલ જહાજો સંપૂર્ણ રીતે નફાખોરી, કુશળતા અને ડિલિવરીના સમય ઉપર આધાર રાખે છે. વૈશ્વિક સ્તરે રહેલી શિપિંગ કંપનીઓ એવા જ દેશો અને કંપનીઓ પાસેથી જહાજ ખરીદે છે જેઓ સસ્તામાં અને ઓછા સમયમાં જહાજ તૈયાર કરીને આપે છે. ચીન અને સાઉથ કોરિયા જ આ સેક્ટરમાં આવું કામ કરી શકે છે. તેઓ મોટી સંખ્યામાં જહાજો બનાવે છે જેથી પ્રોડક્શન કોસ્ટ ઘટે છે. ભારતીય શીપયાર્ડ આ ક્ષેત્રમાં આટલી વ્યાપક રીતે કામ કરી શકતું નથી.

### 'ધુરંધર 2 'થી પાછળ રહી જુનૈદની 'એક દિન '

# 'રાજા શિવાજી'એ 2 દિવસમાં કમાયા 21 કરોડ:અક્ષયની 'ભૂત બંગલા' 200 કરોડ પાર

## મરાઠી અને હિન્દીમાં રિલીઝ થયેલી આ ફિલ્મે બે દિવસમાં જ ભારતમાં 21.90 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કરી લીધું છે

બોક્સ ઓફિસ પર હાલ રિતેશ દેશમુખની ઐતિહાસિક ફિલ્મ 'રાજા શિવાજી'એ મરાઠી બોક્સ ઓફિસ પર રેકોર્ડ તોડ શરૂઆત કરી છે. જ્યારે, અક્ષય કુમારની 'ભૂત બંગલા'એ વર્લ્ડવાઈડ 200 કરોડનો મોટો આંકડો પાર કરી લીધો છે. બીજી તરફ, જુનૈદ ખાન અને સાઈ પલ્લવીની ફિલ્મ 'એક દિન'એ ખૂબ ધીમી શરૂઆત કરી છે. રિતેશ દેશમુખે 'રાજા શિવાજી' સાથે મરાઠા યોદ્ધાની વીરતાને મોટા પડદા પર ઉતારી છે. મરાઠી અને હિન્દીમાં રિલીઝ થયેલી આ ફિલ્મે બે દિવસમાં જ ભારતમાં 21.90 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કરી લીધું છે. ટ્રેડ રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મે એકલા મરાઠી ભાષામાં બે દિવસમાં 15 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે.

શુક્રવારે 8 કરોડની ઓપનિંગ સાથે આ મરાઠી સિનેમાની સૌથી મોટી ઓપનર ફિલ્મ બની ગઈ હતી. શનિવારે ફિલ્મે મરાઠીમાં 7.15 કરોડ રૂપિયા કમાવ્યા. હિન્દી વર્ઝનને પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. પહેલા દિવસે હિન્દીમાં ફિલ્મે 3.35 કરોડ કમાવ્યા હતા, જ્યારે બીજા દિવસે આ આંકડો 3.40 કરોડ રૂપિયા રહ્યો. ફિલ્મનું ગ્રોસ કલેક્શન હવે 26.06 કરોડ રૂપિયા પહોંચી ગયું છે.

અક્ષય કુમારની હોરર-કોમેડી 'ભૂત બંગલો' એ પોતાનો બીજો સપ્તાહ શાનદાર રીતે પૂરો કર્યો છે. ફિલ્મે 16મા દિવસે 4.35 કરોડની કમાણી કરી, જેનાથી તેનું ભારતમાં કુલ નેટ કલેક્શન 137 કરોડ રૂપિયા થઈ ગયું છે. વર્લ્ડવાઈડ માર્કેટમાં અક્ષયની ફિલ્મે 217.73 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કરી લીધું છે. લાંબા સમય પછી અક્ષય કુમારની કોઈ ફિલ્મે બોક્સ ઓફિસ પર આ પ્રકારની મજબૂતી બતાવી છે.




આમિર ખાનના પુત્ર જુનૈદ ખાન અને સાઈ પલ્લવીની ફિલ્મ 'એક દિન' બોક્સ ઓફિસ પર સુસ્ત છે. નેગેટિવ રિવ્યુઝ અને ઠંડી પ્રતિક્રિયાને કારણે બીજા દિવસે ફિલ્મની કમાણી વધવાને બદલે ઘટી ગઈ. શનિવારે ફિલ્મે માત્ર 1 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું. બે દિવસમાં ફિલ્મનું કુલ વર્લ્ડવાઈડ કલેક્શન માત્ર 2.82 કરોડ રૂપિયા રહ્યું છે. ફિલ્મને 'રાજા શિવાજી' અને 'ધુરંધર 2' જેવી ફિલ્મોથી સખત ટક્કર મળી રહી છે.આશ્ચર્યજનક વાત એ છે કે 45 દિવસ પહેલા રિલીઝ થયેલી 'ધુરંધર 2' હજુ પણ નવી ફિલ્મોને માત આપી રહી છે. શનિવારે (45મા દિવસે) ફિલ્મે 2.28 કરોડની કમાણી કરી. આ ફિલ્મનું અત્યાર સુધીનું વર્લ્ડવાઈડ કલેક્શન 1788.32 કરોડ રૂપિયા થઈ ગયું છે. બોક્સ ઓફિસ પર હાલ રિતેશ દેશમુખની ઐતિહાસિક ફિલ્મ 'રાજા શિવાજી'એ મરાઠી બોક્સ ઓફિસ પર રેકોર્ડ તોડ શરૂઆત કરી છે. જ્યારે, અક્ષય કુમારની 'ભૂત બંગલા'એ વર્લ્ડવાઈડ 200 કરોડનો મોટો આંકડો પાર કરી લીધો છે. બીજી તરફ, જુનૈદ ખાન અને સાઈ પલ્લવીની ફિલ્મ 'એક દિન'એ ખૂબ ધીમી શરૂઆત કરી છે. રિતેશ દેશમુખે 'રાજા શિવાજી' સાથે મરાઠા યોદ્ધાની વીરતાને મોટા પડદા પર ઉતારી છે. મરાઠી અને હિન્દીમાં રિલીઝ થયેલી આ ફિલ્મે બે દિવસમાં જ ભારતમાં 21.90 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કરી લીધું છે. ટ્રેડ રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મે એકલા મરાઠી ભાષામાં બે દિવસમાં 15 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે.

શુક્રવારે 8 કરોડની ઓપનિંગ સાથે આ મરાઠી સિનેમાની સૌથી મોટી ઓપનર ફિલ્મ બની ગઈ હતી. શનિવારે ફિલ્મે મરાઠીમાં 7.15 કરોડ રૂપિયા કમાવ્યા. હિન્દી વર્ઝનને પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. પહેલા દિવસે હિન્દીમાં ફિલ્મે 3.35 કરોડ કમાવ્યા હતા, જ્યારે બીજા દિવસે આ આંકડો 3.40 કરોડ રૂપિયા રહ્યો. ફિલ્મનું ગ્રોસ કલેક્શન હવે 26.06 કરોડ રૂપિયા પહોંચી ગયું છે.

અક્ષય કુમારની હોરર-કોમેડી 'ભૂત બંગલો' એ પોતાનો બીજો સપ્તાહ શાનદાર રીતે પૂરો કર્યો છે. ફિલ્મે 16મા દિવસે 4.35 કરોડની કમાણી કરી, જેનાથી તેનું ભારતમાં કુલ નેટ કલેક્શન 137 કરોડ રૂપિયા થઈ ગયું છે. વર્લ્ડવાઈડ માર્કેટમાં અક્ષયની ફિલ્મે 217.73 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કરી લીધું છે. લાંબા સમય પછી અક્ષય કુમારની કોઈ ફિલ્મે બોક્સ ઓફિસ પર આ પ્રકારની મજબૂતી બતાવી છે.

આમિર ખાનના પુત્ર જુનૈદ ખાન અને સાઈ પલ્લવીની ફિલ્મ 'એક દિન' બોક્સ ઓફિસ પર સુસ્ત છે. નેગેટિવ રિવ્યુઝ અને ઠંડી પ્રતિક્રિયાને કારણે બીજા દિવસે ફિલ્મની કમાણી વધવાને બદલે ઘટી ગઈ. શનિવારે ફિલ્મે માત્ર 1 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું. બે દિવસમાં ફિલ્મનું કુલ વર્લ્ડવાઈડ કલેક્શન માત્ર 2.82 કરોડ રૂપિયા રહ્યું છે. ફિલ્મને 'રાજા શિવાજી' અને 'ધુરંધર 2' જેવી ફિલ્મોથી સખત ટક્કર મળી રહી છે.આશ્ચર્યજનક વાત એ છે કે 45 દિવસ પહેલા રિલીઝ થયેલી 'ધુરંધર 2' હજુ પણ નવી ફિલ્મોને માત આપી રહી છે. શનિવારે (45મા દિવસે) ફિલ્મે 2.28 કરોડની કમાણી કરી. આ ફિલ્મનું અત્યાર સુધીનું વર્લ્ડવાઈડ કલેક્શન 1788.32 કરોડ રૂપિયા થઈ ગયું છે.

---

### એવું કહેવામાં આવી રહ્યું છે કે 'લવ એન્ડ વોર'ની લંબાઈ પણ લગભગ સવા ત્રણ કલાક હોવાની શક્યતા છે

# મોટા પ્રોજેક્ટ્સ: 'તુમ્બાડ 2' માં થઈ આલિયાની સરપ્રાઈઝ એન્ટ્રી, છેલ્લા તબક્કામાં છે સ્પાય ડ્રામા

આલિયા ભટ્ટ હાલમાં પોતાની કારકિર્દીના અત્યંત વ્યસ્ત અને રસપ્રદ તબક્કામાંથી પસાર થઈ રહી છે. એક પછી એક મોટા પ્રોજેક્ટ્સ વચ્ચે હવે તેના નામે વધુ એક સરપ્રાઈઝ જોડાઈ ગયું છે. સમાચાર છે કે તે કલ્ટ ક્લાસિક ફિલ્મ 'તુમ્બાડ'ની સિક્વલ 'તુમ્બાડ 2'માં ખાસ ભૂમિકા ભજવવા જઈ રહી છે. જોકે, આ રોલ કેમિયો હોવાનું કહેવાય છે, પરંતુ વાર્તામાં તેનું મહત્વ ઘણું મોટું માનવામાં આવે છે, કારણ કે તેમનું પાત્ર ફિલ્મના એક મહત્વપૂર્ણ વળાંક પર જોવા મળશે. આલિયાએ મુંબઈના મડ આઈલેન્ડમાં બે દિવસનું શૂટિંગ પૂરું કરી લીધું છે. ફિલ્મ સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે મેકર્સને એક એવા ચહેરાની જરૂર હતી, જે ઓછા સ્ક્રીન ટાઈમમાં પણ વાર્તામાં ઊંડાણ અને રહસ્ય ઉમેરી શકે. આલિયા આ ભૂમિકા માટે એકદમ યોગ્ય માનવામાં આવી, કારણ કે તેમની સ્ક્રીન પ્રેઝન્સ મજબૂત છે અને તે નાના રોલમાં પણ મોટી અસર છોડવાની ક્ષમતા ધરાવે છે. આ જ કારણ છે કે તેમનો આ કેમિયો 'તુમ્બાડ 2'ના નેરેટિવમાં ખાસ મહત્વ રાખશે. 'લવ એન્ડ વોર'માં આલિયા સાથે રણબીર કપૂર અને વિકી કૌશલ છે. સૂત્રો અનુસાર, આલિયા આ ફિલ્મમાં એક બહાદુર સૈનિક તરીકે જોવા મળશે. તેમના કરિયરમાં આ પહેલીવાર હશે જ્યારે તે યુદ્ધની પૃષ્ઠભૂમિવાળી ફિલ્મમાં આવો શક્તિશાળી કિરદાર ભજવશે. ફિલ્મનું શૂટિંગ હાલ મુંબઈમાં ચાલી રહ્યું છે, જ્યાં ભારતીય સેનાના વિવિધ વિભાગો, મેસ અને કલ્ચરલ એક્ટિવિટીઝને મોટા પાયે ફિલ્માવવામાં આવ્યા છે. ભણસાલી આ પ્રોજેક્ટને લઈને ખૂબ જ ગંભીર છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે 'લવ એન્ડ વોર'ની લંબાઈ પણ લગભગ સવા ત્રણ કલાક હોવાની શક્યતા છે. પહેલા આ ફિલ્મ માટે ઈટાલીમાં 45 દિવસનું એક ભવ્ય શૂટિંગ શેડ્યૂલ નક્કી કરવામાં આવ્યું હતું, પરંતુ બાદમાં લોજિસ્ટિક પડકારોને કારણે તેને રદ કરવું પડ્યું. ભણસાલીએ તેનો તોડ કાઢતા મુંબઈના ગોરેગાંવ સ્થિત રોયલ પામ્સ પાસે જ એક વિશાળ સેટ તૈયાર કરાવ્યો છે. ફિલ્મના 'વોર' વાળા બેકડ્રોપ માટે મધ્ય પ્રદેશના મ્હોઉ સ્થિત બ્રિટિશ કાળના આર્મી બેઝ કેમ્પની પણ પસંદગી કરવામાં આવી છે.ઉપરાંત આલિયાની 'આલ્ફા' પણ ચર્ચામાં છે, જેમાં તે એક સ્પાયના રોલમાં દેખાશે. આ માટે તેણે ખાસ ટ્રેનિંગ લીધી છે અને ઘણા એક્શન સિક્વન્સ પણ શૂટ કર્યા છે. ફિલ્મનું શૂટિંગ હવે અંતિમ તબક્કામાં છે અને આલિયા પોતાનો મુખ્ય ભાગ શૂટ કરી ચૂકી છે. 'આલ્ફા'ના અનુભવે આલિયાને 'લવ એન્ડ વોર'માં ઘણી મદદ કરી છે. આલિયા ભટ્ટ હાલમાં પોતાની કારકિર્દીના અત્યંત વ્યસ્ત અને રસપ્રદ તબક્કામાંથી પસાર થઈ રહી છે. એક પછી એક મોટા પ્રોજેક્ટ્સ વચ્ચે હવે તેના નામે વધુ એક સરપ્રાઈઝ જોડાઈ ગયું છે. સમાચાર છે કે તે કલ્ટ ક્લાસિક ફિલ્મ 'તુમ્બાડ'ની સિક્વલ 'તુમ્બાડ 2'માં ખાસ ભૂમિકા ભજવવા જઈ રહી છે. જોકે, આ રોલ કેમિયો હોવાનું કહેવાય છે, પરંતુ વાર્તામાં તેનું મહત્વ ઘણું મોટું માનવામાં આવે છે, કારણ કે તેમનું પાત્ર ફિલ્મના એક મહત્વપૂર્ણ વળાંક પર જોવા મળશે.

આલિયાએ મુંબઈના મડ આઈલેન્ડમાં બે દિવસનું શૂટિંગ પૂરું કરી લીધું છે. ફિલ્મ સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે મેકર્સને એક એવા ચહેરાની જરૂર હતી, જે ઓછા સ્ક્રીન ટાઈમમાં પણ વાર્તામાં ઊંડાણ અને રહસ્ય ઉમેરી શકે. આલિયા આ ભૂમિકા માટે એકદમ યોગ્ય માનવામાં આવી, કારણ કે તેમની સ્ક્રીન પ્રેઝન્સ મજબૂત છે અને તે નાના રોલમાં પણ મોટી અસર છોડવાની ક્ષમતા ધરાવે છે. આ જ કારણ છે કે તેમનો આ કેમિયો 'તુમ્બાડ 2'ના નેરેટિવમાં ખાસ મહત્વ રાખશે. 'લવ એન્ડ વોર'માં આલિયા સાથે રણબીર કપૂર અને વિકી કૌશલ છે. સૂત્રો અનુસાર, આલિયા આ ફિલ્મમાં એક બહાદુર સૈનિક તરીકે જોવા મળશે. તેમના કરિયરમાં આ પહેલીવાર હશે જ્યારે તે યુદ્ધની પૃષ્ઠભૂમિવાળી ફિલ્મમાં આવો શક્તિશાળી કિરદાર ભજવશે. ફિલ્મનું શૂટિંગ હાલ મુંબઈમાં ચાલી રહ્યું છે, જ્યાં ભારતીય સેનાના વિવિધ વિભાગો, મેસ અને કલ્ચરલ એક્ટિવિટીઝને મોટા પાયે ફિલ્માવવામાં આવ્યા છે. ભણસાલી આ પ્રોજેક્ટને લઈને ખૂબ જ ગંભીર છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે 'લવ એન્ડ વોર'ની લંબાઈ પણ લગભગ સવા ત્રણ કલાક હોવાની શક્યતા છે. પહેલા આ ફિલ્મ માટે ઈટાલીમાં 45 દિવસનું એક ભવ્ય શૂટિંગ શેડ્યૂલ નક્કી કરવામાં આવ્યું હતું, પરંતુ બાદમાં લોજિસ્ટિક પડકારોને કારણે તેને રદ કરવું પડ્યું. ભણસાલીએ તેનો તોડ કાઢતા મુંબઈના ગોરેગાંવ સ્થિત રોયલ પામ્સ પાસે જ એક વિશાળ સેટ તૈયાર કરાવ્યો છે. ફિલ્મના 'વોર' વાળા બેકડ્રોપ માટે મધ્ય પ્રદેશના મ્હોઉ સ્થિત બ્રિટિશ કાળના આર્મી બેઝ કેમ્પની પણ પસંદગી કરવામાં આવી છે.ઉપરાંત આલિયાની 'આલ્ફા' પણ ચર્ચામાં છે, જેમાં તે એક સ્પાયના રોલમાં દેખાશે. આ માટે તેણે ખાસ ટ્રેનિંગ લીધી છે અને ઘણા એક્શન સિક્વન્સ પણ શૂટ કર્યા છે. ફિલ્મનું શૂટિંગ હવે અંતિમ તબક્કામાં છે અને આલિયા પોતાનો મુખ્ય ભાગ શૂટ કરી ચૂકી છે. 'આલ્ફા'ના અનુભવે આલિયાને 'લવ એન્ડ વોર'માં ઘણી મદદ કરી છે.




---

### 4 જૂને આવશે રામચરણની નવી ફિલ્મ

# 'પેદ્દી'નું ખતરનાક પોસ્ટર રિલીઝ, બે ફિલ્મોની મુશ્કેલીઓ વધી

રામચરણ આ દિવસોમાં તેની ફિલ્મ 'પેદ્દી'ને લઈને ચર્ચામાં છે. હવે મેકર્સે તેની રિલીઝ ડેટ જાહેર કરી દીધી છે. આ સાથે મેકર્સે ફિલ્મનું નવું પોસ્ટર પણ રિલીઝ કર્યું છે. બુચી બાબુ નિર્દેશિત આ ફિલ્મ પહેલા 30 એપ્રિલે રિલીઝ થવાની હતી, પરંતુ મેકર્સે IPLને કારણે તેની રિલીઝ આગળ વધારી દીધી હતી. હવે IPL સમાપ્ત થતાં જ મેકર્સ તેને રિલીઝ કરવાની તૈયારીમાં છે. આ ફિલ્મ 4 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થશે. મોટી વાત એ છે કે 'પેદ્દી'ની આ નવી રિલીઝ ડેટથી બે ફિલ્મોની મુશ્કેલી વધી ગઈ છે. એક તરફ 5 જૂને બોબી દેઓલની ફિલ્મ 'બંદર' સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી. તો બીજી તરફ, તે જ દિવસે વરુણ ધવનની ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' પણ રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મમાં વરુણ ધવન સાથે મૃણાલ ઠાકુર અને પૂજા હેગડે પણ જોવા મળશે.સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ 'પેદ્દી'નું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. આ ફિલ્મમાં રામ સાથે જહાન્વી કપૂર પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ઉપરાંત તેમાં શિવ રાજકુમાર, દિવ્યેન્દુ શર્મા, જગપતિ બાબુ અને બોમન ઈરાની પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે. આનું સંગીત એ આર રહેમાને કમ્પોઝ કર્યું છે. શ્રુતિ હાસન પણ આ ફિલ્મનો ભાગ હોઈ શકે છે. રામચરણ આ દિવસોમાં તેની ફિલ્મ 'પેદ્દી'ને લઈને ચર્ચામાં છે. હવે મેકર્સે તેની રિલીઝ ડેટ જાહેર કરી દીધી છે.આ સાથે મેકર્સે ફિલ્મનું નવું પોસ્ટર પણ રિલીઝ કર્યું છે. બુચી બાબુ નિર્દેશિત આ ફિલ્મ પહેલા 30 એપ્રિલે રિલીઝ થવાની હતી, પરંતુ મેકર્સે IPLને કારણે તેની રિલીઝ આગળ વધારી દીધી હતી. હવે



IPL સમાપ્ત થતાં જ મેકર્સ તેને રિલીઝ કરવાની તૈયારીમાં છે. આ ફિલ્મ 4 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થશે. મોટી વાત એ છે કે 'પેદ્દી'ની આ નવી રિલીઝ ડેટથી બે ફિલ્મોની મુશ્કેલી વધી ગઈ છે. એક તરફ 5 જૂને બોબી દેઓલની ફિલ્મ 'બંદર' સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી. તો બીજી તરફ, તે જ દિવસે વરુણ ધવનની ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' પણ રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મમાં વરુણ ધવન સાથે મૃણાલ ઠાકુર અને પૂજા હેગડે પણ જોવા મળશે.સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ 'પેદ્દી'નું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. આ ફિલ્મમાં રામ સાથે જહાન્વી કપૂર પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ઉપરાંત તેમાં શિવ રાજકુમાર, દિવ્યેન્દુ શર્મા, જગપતિ બાબુ અને બોમન ઈરાની પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે. આનું સંગીત એ આર રહેમાને કમ્પોઝ કર્યું છે. શ્રુતિ હાસન પણ આ ફિલ્મનો ભાગ હોઈ શકે છે.

---

### પ્રેગ્નન્સીમાં પણ કામ કરી રહી છે એક્ટ્રેસ

# કિંગ'ના શૂટિંગમાં દીપિકાએ 23,000નો ડ્રેસ પહેર્યો:અડધી કિંમતે શોપિંગ કર્યું હોવાની ચર્ચા



બોલિવૂડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણ આ દિવસોમાં તેની પ્રેગ્નન્સી દરમિયાન ફિલ્મ 'કિંગ'નું શૂટિંગ કરી રહી છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર દીપિકા અને શાહરુખ ખાનની કેટલીક તસવીરો વાઈરલ થઈ છે. આ તસવીરો સાઉથ આફ્રિકાના કેપટાઉનની છે. શૂટિંગ દરમિયાન દીપિકાના લુકની ઘણી ચર્ચા થઈ રહી છે. ચાહકોએ દીપિકાના ડ્રેસને સર્ચ કરવાનું શરૂ કર્યું ત્યારે જાણવા મળ્યું કે તેણે 23,537 રૂપિયા (248 ડોલર)નો ડ્રેસ પહેર્યો હતો. ડ્રેસની અસલી કિંમત લગભગ 47 હજાર રૂપિયા હતી, પરંતુ હાલમાં તે 50% ડિસ્કાઉન્ટ પર મળી રહ્યો હતો. જોકે, હવે આ ડ્રેસ વેબસાઈટ પર આઉટ ઓફ સ્ટોક થઈ ગયો છે. દીપિકા અને શાહરુખ 'કિંગ'ના સેટ પર

આ તસવીરો એવા સમયે સામે આવી છે જ્યારે દીપિકા પાદુકોણે તાજેતરમાં જ પોતાની બીજી પ્રેગ્નન્સીની જાણકારી ફેન્સ સાથે શેર કરી છે. દીપિકાએ 19 એપ્રિલે ઈન્સ્ટાગ્રામ પર એક ફોટો પોસ્ટ કર્યો હતો, જેમાં તેની દીકરી દુઆ તેના ખોળામાં બેઠી છે અને હાથમાં પ્રેગ્નન્સી ટેસ્ટ કિટ પકડીને છે શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણની આ સાથેની છઠ્ઠી ફિલ્મ હશે. આ પહેલાં આ જોડી 'ઓમ શાંતિ ઓમ', 'ચેન્નઈ એક્સપ્રેસ', 'હેપ્પી ન્યૂ યર' અને 'પઠાણ' જેવી બ્લોકબસ્ટર ફિલ્મોમાં જોવા મળી ચૂકી છે. ફિલ્મ 'કિંગ'માં શાહરૂખની દીકરી સુહાના ખાન પણ લીડ રોલમાં જોવા મળશે.

---

### વધતી ઉંમર પર બોલ્યો આર. માધવન:'

# કોઈના પર નિર્ભર રહેવું મારા માટે નરક જેવું'; 'નિવૃત્તિ પછીની મુશ્કેલીઓ માટે બહુ ઓછા લોકો તૈયાર છે'

બોલિવૂડ એક્ટર આર માધવને વધતી ઉંમર, લાઈફ પ્લાનિંગ અને ઝડપથી બદલાતી દુનિયામાં પોતાને સુસંગત રાખવાના પડકારો પર ખુલીને વાત કરી છે. માધવનનું માનવું છે કે મેડિકલ સાયન્સના કારણે હવે લોકો પહેલા કરતા વધુ લાંબુ જીવન જીવી રહ્યા છે, પરંતુ નિવૃત્તિ પછી આવતી મુશ્કેલીઓ માટે બહુ ઓછા લોકો તૈયાર છે. વરુણ દુઆ સાથેના એક પોડકાસ્ટમાં માધવને જણાવ્યું કે તેઓ હવે એવા જ રોલ કરી રહ્યા છે જે તેમની વાસ્તવિક જિંદગી અને ઉંમર સાથે મેળ ખાય છે. પોતાની વેબ સિરીઝ 'લેગેસી'નો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, 'હું એવા રોલ કરી રહ્યો છું જે મારી ઉંમર પ્રમાણે યોગ્ય છે. છેલ્લી વખતની સરખામણીમાં હવે મારા વાળ પહેલા કરતા ઘણા વધુ સફેદ થઈ ગયા છે અને હું તેને સ્વીકારું છું.' મેડિકલ સાયન્સમાં થયેલા વિકાસ વિશે વાત કરતા માધવને કહ્યું કે લાંબુ આયુષ્ય હવે સામાન્ય બની રહ્યું છે. તેમણે કહ્યું, 'જો તમે સ્વસ્થ રહો અને તમારી જીવનશૈલીનું ધ્યાન રાખો, તો 90 વર્ષ સુધી જીવવું હવે કોઈ મોટી વાત નથી. હવે 100 વર્ષ સુધી જીવવું પણ શક્ય બની રહ્યું છે, પરંતુ તેની સાથે વૃદ્ધાવસ્થાના પડકારો પણ વધી ગયા છે.'આ સ્થિતિ મારા માટે નરકથી પણ ખરાબ છે. હું મારી ગરિમા અને આત્મસન્માન સાથે સમાધાન કરી શકતો નથી. મારે હંમેશા સમાજમાં યોગદાન આપવા સક્ષમ હોવું જોઈએ.'માધવને જીવનના તબક્કાઓને સમજાવતા કહ્યું કે પહેલા 30 વર્ષ અભ્યાસ અને પ્લાનિંગમાં પસાર થાય છે. આગળના 30 વર્ષ કારકિર્દી અને પરિવાર બનાવવામાં હોય છે, પરંતુ 60 વર્ષની ઉંમર પછી એક સ્થિરતા આવી જાય છે. તેમણે કહ્યું, '60 પછીના આગામી 30 વર્ષ માટે કોઈની પાસે કોઈ યોજના હોતી નથી.નિવૃત્તિ પછી અચાનક તમે તમારી સત્તા અને ઓળખ ગુમાવી દો છો. ગઈકાલ સુધી તમે 'સર' હતા, આજે માત્ર એક સામાન્ય નાગરિક છો. લોકો આ બદલાવની માનસિક અસરને ઓછી આંકી રહ્યા છે.'

જ્યારે માધવનને તેમના સૌથી મોટા ડર વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે ખૂબ જ સ્પષ્ટતાથી જવાબ આપ્યો. એક્ટરે કહ્યું, 'મારો સૌથી મોટો ડર કોઈના પર નિર્ભર રહેવાનો છે, પછી ભલે તે શારીરિક રીતે હોય કે આર્થિક રીતે. આ સ્થિતિ મારા માટે નરકથી પણ ખરાબ છે. હું મારી ગરિમા અને આત્મસન્માન સાથે સમાધાન કરી શકતો નથી. મારે હંમેશા સમાજમાં યોગદાન આપવા સક્ષમ હોવું જોઈએ.'માધવને જીવનના તબક્કાઓને સમજાવતા કહ્યું કે પહેલા 30 વર્ષ અભ્યાસ અને પ્લાનિંગમાં પસાર થાય છે. આગળના 30 વર્ષ કારકિર્દી અને પરિવાર બનાવવામાં હોય છે, પરંતુ 60 વર્ષની ઉંમર પછી એક સ્થિરતા આવી જાય છે. તેમણે કહ્યું, '60 પછીના આગામી 30 વર્ષ માટે કોઈની પાસે કોઈ યોજના હોતી નથી.નિવૃત્તિ પછી અચાનક તમે તમારી સત્તા અને ઓળખ ગુમાવી દો છો. ગઈકાલ સુધી તમે 'સર' હતા, આજે માત્ર એક સામાન્ય નાગરિક છો. લોકો આ બદલાવની માનસિક અસરને ઓછી આંકી રહ્યા છે.'

